સૌરાષ્ટ્ર આવૃત્તિ

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 217 ■ વિક્રમ સંવત ૨૦૮૧

ભાદ્રપદ વદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 September 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20

શનિવાર, ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦



વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯ ૧૦



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# દેશભરમાં ફટાકડા પર બંધી કેમ નહીં?: સુપ્રીમ કોર્ટ


**દિવાળીમાં ફટાકડા નહીં ફોડી શકાય?**

નવી દિલ્હી: દિવાળી પહેલા ફરી એકવાર ફટાકડા અંગે ચર્ચા તેજ બની છે. આવી સ્થિતિમાં શુક્રવારે સુપ્રીમ કોર્ટે ફક્ત દિલ્હી-એનસીઆરમાં જ માત્ર ફટાકડા પર પ્રતિબંધ મૂકવા પર સવાલ ઉઠાવ્યા છે. ચીફ જસ્ટિસ બી.આર. ગવઈએ દેશભરમાં ફટાકડા પર પ્રતિબંધ મૂકવાનો આગ્રહ રાખતા કહ્યું હતું કે જો એનસીઆરના લોકોને શુદ્ધ હવાનો અધિકાર છે, તો અન્ય શહેરોના લોકોને કેમ નહીં? તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે ફટાકડા અંગેની કોઈપણ નીતિ આખા દેશ માટે સમાન હોવી જોઈએ.

ચીફ જસ્ટિસે વધુમાં કહ્યું હતું કે આપણે ફક્ત દિલ્હી માટે નિયમો બનાવી શકતા નથી, એવું ન બની શકે કે દિલ્હીના લોકો ખાસ હોય. સીજેઆઈ ગવઈએ વધુમાં કહ્યું હતું કે હું ગયા વર્ષે અમૃતસરમાં હતો, ત્યાંની હવા દિલ્હી કરતાં પણ ખરાબ હતી. જો ફટાકડા પર પ્રતિબંધ મૂકવો હોય તો તે આખા દેશમાં અમલી થવો જોઈએ.

પ્રદૂષણને નિયંત્રણમાં લેવા સુપ્રીમ કોર્ટના આદેશ પર દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં ફટાકડાના વેચાણ, સંગ્રહ, પરિવહન અને ઉત્પાદન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ આદેશ સામેની અરજીની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે સંકેત આપ્યો હતો કે ફટાકડા

(જુઓ પાનું ૨) ▸▸



**દેવદર્શન:** વારાણસીમાં શુક્રવારે કાશી વિશ્વનાથ મંદિરની મુલાકાત દરમિયાન મૉરીશસના વડા પ્રધાન નવિનચંદ્ર રામગુલામ અને તેમના પત્ની વીણા રામગુલામ સાથે ઉત્તર પ્રદેશના ગવર્નર આનંદીબહેન પટેલ. (એજન્સી)

# નેપાળનાં વચગાળાનાં વડાં પ્રધાન બન્યાં સુશીલા કાર્કી

### રાષ્ટ્રનાં સૌપ્રથમ મહિલા પીએમ: સંસદનું વિસર્જન કરાયું: પરિસ્થિતિ થાળે પડી



કાઠમંડુ: નેપાળના વચગાળાનાં વડાં પ્રધાન તરીકે ૭૩ વર્ષીય સુશીલા કાર્કીની પસંદગી કરાઇ હતી. નેપાળના રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે સંસદનું વિસર્જન કર્યું હતું. નેપાળમાં ત્રણથી ચાર દિવસ સુધી ચાલેલી હિંસા બાદ હવે પરિસ્થિતિ ધીરે ધીરે થાળે પડી રહી છે.

સુશીલા કાર્કીએ આગામી છ મહિનાથી લઇને એક વર્ષના સમયગાળામાં નેપાળમાં ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી.

નેપાળની સર્વોચ્ચ અદાલતનાં પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ તરીકે ફરજ બનાવનારા સુશીલા કાર્કી નેપાળનાં પ્રથમ મહિલા વડાં પ્રધાન પણ બન્યાં છે.

નેપાળમાં સરકારની વિરુદ્ધ આંદોલન ચલાવી રહેલા યુવાનોનું પણ સુશીલા કાર્કીને સમર્થન હોવાનું કહેવાય છે.

અગાઉ, નેપાળના વડા પ્રધાનપદેથી રાજીનામું આપનારા કે. પી. શર્મા ઓલીના અનુગામી તરીકે સુશીલા કાર્કીને પસંદ કરાયા, તેની પહેલાં નેપાળના રાષ્ટ્રપતિ, લશ્કરના વડા અને આંદોલન કરી રહેલા યુવાનોના પ્રતિનિધિઓની વચ્ચે મંત્રણા યોજાઇ હતી.

નેપાળમાં વધેલા ભ્રષ્ટાચાર અને સોશ્યલ મીડિયા પરના પ્રતિબંધને પગલે ફેલાયેલી હિંસા બાદ

(જુઓ પાનું ૨) ▸▸

# વિશ્વસનીય પ્રિન્ટ મીડિયા હજી પણ છે નંબર વન

### અખબારોની બોલબાલા, નકલોના વેચાણમાં સારો એવો વધારો નોંધાયો

મુંબઈ: ઑડિટ બ્યૂરો ઑફ સર્ક્યુલેશન્સ (એબીસી)એ દૈનિક અખબારોના સર્ક્યુલેશનના ૨૦૨૫ના જાન્યુઆરીથી જૂન સુધીના સમયગાળાના ઑડિટ કરેલા આંકડા જાહેર કર્યા હતા. દૈનિક અખબારોની નકલોના વેચાણમાં આ સમયગાળા દરમિયાન સારો એવો વધારો નોંધાયો હતો. ૨૦૨૪ના જુલાઇથી ડિસેમ્બર સુધીના સમયગાળા દરમિયાન દેશના દૈનિક અખબારોનું સરેરાશ કુલ વેચાણ ૨,૮૯,૪૧,૮૭૬ નકલનું હતું, જે ચાલુ વર્ષે ૨.૭૭ ટકા એટલે કે ૮,૦૨,૨૭૨ નકલ વધીને ૨,૯૭,૪૪,૧૪૮ નકલનું થયું હતું અને તે પ્રિન્ટ મીડિયા ઇન્ડસ્ટ્રીનો સારો વિકાસ દર્શાવે છે. દૈનિક અખબારોના વેચાણમાં થયેલો વધારો દર્શાવે છે કે વાચકોનો હજી પણ વિગતવાર અહેવાલો આપતાં દૈનિક અખબારોમાં વિશ્વાસ અકબંધ છે. દૈનિક અખબારોની નકલોના વેચાણમાં થયેલો વધારો દર્શાવે છે કે પ્રિન્ટ મીડિયા હજી પણ સમાચાર આપતું શક્તિશાળી માધ્યમ છે અને તેના દ્વારા જાહેરખબરોને સારો પ્રતિસાદ મળે છે. ■


# વૈષ્ણોદેવી યાત્રા ૨૦ દિવસ પછી આવતી કાલથી શરૂ થશે

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુ: વૈષ્ણોદેવી યાત્રા લગભગ ૨૦ દિવસ બંધ રહ્યા બાદ ૧૪ સપ્ટેમ્બર રવિવારથી ફરી શરૂ થશે. શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બૉર્ડે શુક્રવારે જણાવ્યું હતું કે ભારે વરસાદ અને યાત્રાના માર્ગની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કામચલાઉ ધોરણે યાત્રા સ્થગિત કરી દેવામાં આવી હતી. યાત્રા માર્ગનું સમારકામ હવે લગભગ પૂરું થઈ ગયું છે અને મોસમ સહાયરૂપ થશે તો ૧૪મી સપ્ટેમ્બરથી યાત્રા ફરી શરૂ કરવામાં આવશે. બૉર્ડે યાત્રાળુઓને યાત્રા શરૂ કરતા પહેલાં સત્તાવાર વૅબસાઈટ કે હેલ્પલાઈન નંબર મારફતે મોસમ અને યાત્રાના ટ્રેક અંગે માહિતી મેળવી લેવાની, માન્ય ઓળખપત્ર સાથે રાખવાની તેમ જ માર્ગદર્શિકાનું પાલન કરવાની અને જરૂરી સહકાર આપવાની અપીલ કરી છે. જમ્મુ-કાશ્મીરને શેષ ભારત સાથે જોડતો રેલમાર્ગ અત્યાર સુધી બંધ હતો અને પંજાબ માર્ગે આવનારાઓએ પચીસથી ત્રીસ કિ.મી. વધુ પ્રવાસ કરવો પડતો હતો.

# હીરાબાનાં કૉંગ્રેસના વીડિયોનો વિવાદ

**પીએમ મોદીની માતાનું એઆઇ જનરેટેડ વીડિયોમાં અપમાન કરાયાનો ભાજપનો આક્ષેપ: અમે જવાહર અને ઍડવિના માઉન્ટબેટનનો વીડિયો બનાવીએ તો...? ભાજપનો સવાલ**



નવી દિલ્હી: કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ શુક્રવારે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના નેતાઓ સાથે મળીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના સ્વર્ગસ્થ માતા હીરાબહેનના એઆઈ જનરેટેડ વીડિયોને લઈને કોંગ્રેસની ટીકા કરી હતી. આ એઆઈ વીડિયોને કોંગ્રેસ બિહારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર શેર કર્યો હતો. એઆઈથી બનાવામાં આવેલા આ વીડિયોને પીડાદાયક ગણાવતા ભાજપ નેતાએ કોંગ્રેસ પર કટાક્ષ કર્યો અને પાર્ટીને ભૂતપૂર્વ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ અને માઉન્ટબેટનનો એઆઈ વીડિયો બનાવવાનો પડકાર ફેંક્યો હતો.

બિહારમાં વિધાનસભા ચૂંટણીના મુદ્દે રાજકારણ ગરમાયું છે. જેમાં બિહાર કોંગ્રેસે સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરેલા વિડીયોએ ચર્ચા જગાવી છે. કોંગ્રેસે એઆઈના માધ્યમથી વીડિયો બનાવીને અપલોડ કર્યો છે. આ અંગે ભાજપે કોંગ્રેસ પર વડા પ્રધાન

(જુઓ પાનું ૨) ▸▸

# ધનખડની હાજરીમાં રાધાકૃષ્ણને ઉપરાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા



નવી દિલ્હી : સી. પી. રાધાકૃષ્ણને શુક્રવારે રાજ્યસભાના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. તેમણે ઉપરાષ્ટ્રપતિપદના શપથ લીધા હતા. રાધાકૃષ્ણને સંસદ ભવન પરિસર સ્થિત પ્રેરણા સ્થળ પર પુષ્પાંજલિ અર્પણ કરી, જ્યાં રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાળ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ્યસભાના સેક્રેટરી જનરલ પી.સી. મોદી પણ હાજર હતા.

દેશના ૧૫ માં ઉપરાષ્ટ્રપતિ તરીકે સી.પી. રાધાકૃષ્ણનનો આજે શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સી.પી. રાધાકૃષ્ણનને શપથ લેવડાવ્યા હતા. આ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા અનેક રાજકીય નેતાઓ દિલ્હી પહોંચ્યા હતા. ઉપરાષ્ટ્રપતિપદ માટે સી. પી. રાધાકૃષ્ણનના શપથ ગ્રહણ સમારોહમાં ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પણ હાજરી આપી હતી. આ શપથ ગ્રહણ સમારોહ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કેન્દ્ર સરકારના તમામ પ્રધાનો હાજર રહ્યા હતા.

પ્રેરણા સ્થળ પર ભારતના જાણીતા નેતાઓ, સ્વાતંત્ર્યસેનાનીઓ અને સમાજ સુધારકોની પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવી છે. બાદમાં તેઓ રાજ્યસભાના અધ્યક્ષના કાર્યાલય ગયા અને રાજ્યસભાના અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળવા સંબંધિત દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા હતા. ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના પદાધિકારી છે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એક જાહેરનામું બહાર પાડીને જાહેરાત કરી કે રાધાકૃષ્ણન ૧૨ સપ્ટેમ્બરના રોજ ઉપરાષ્ટ્રપતિનું પદ સંભાળ્યું હતું.

# મોદી આજે મણિપુરમાં

### ૮,૫૦૦ કરોડના પ્રૉજેક્ટ ખુલ્લા મૂકશે, વિસ્થાપિતોની વ્યથા સાંભળશે

ઈમ્ફાલ: વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મણિપુર જશે. ઉત્તર-પૂર્વના રાજ્ય મણિપુરમાં બે વર્ષ પહેલાં વંશીય હિંસા શરૂ થઈ પછી મોદીની મણિપુરની આ પહેલી મુલાકાત છે. મણિપુરમાં મોદી ૮,૫૦૦ કરોડ રૂપિયાથી વધારેના પ્રોજેક્ટ્સને ખુલ્લા મૂકશે અને વિસ્થાપિતોની વ્યથા સાંભળશે.

સામાન્ય લોકોને મોદીના કાર્યક્રમમાં ચાવીઓ, પેન, પાણીની બોટલો, બેગ, હાથરૂમાલ, છત્રીઓ, લાઈટર, દિવાસળીઓ, કાપડના ટુકડા, હથિયારો કે તીક્ષ્ણ ચીજો નહીં લાવવા માટે સૂચના અપાઈ છે.

મણિપુરમાં મે, ૨૦૨૩ના મેથી શરૂ થયેલી કુકી અને મેઈતેઈ સમુદાય વચ્ચેની હિંસામાં ૨૬૦થી વધારે લોકોનાં મોત થયાં છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે. મોદી

(જુઓ પાનું ૨) ▸▸

# અમેરિકામાં ભારતીયનું પરિવાર સામે માથું વાઢ્યું



### ડલાસમાં વૉશિંગ મશીનના નજીવા મામલે થયેલી તકરારમાં ભારતીયની કરપીણ હત્યા

ડલાસ: અમેરિકાના ડલાસના એક વિસ્તારમાં એક નિર્દોષ ભારતીય વ્યક્તિની બેરહેમીથી હત્યા કરવામાં આવી હોવાના અહેવાલ છે.

બુધવારે એક મૉટેલમાં પચાસ વર્ષના ભારતીય નાગરિક ચંદ્રા નાગમલ્લૈયાની પત્ની અને પુત્રની હાજરીમાં હત્યા કરી દેવામાં આવી હતી.

એક મામૂલી વૉશિંગ મશીનના વિવાદે એવો ભયાનક વળાંક લીધો કે હત્યારાએ ભારતીય વ્યક્તિનું પત્ની અને પુત્રની નજરની સામે ધારિયાથી માથું ધડથી અલગ કરી દીધું હતું. હત્યારો આટલેથી જ નહોતો અટકી ગયો. હત્યારાએ કાપેલા માથાને લાત મારીને જમીન પર ગબડાવ્યું હતું અને ત્યાર

(જુઓ પાનું ૨) ▸▸

# હવે ગૂગલની એઆઇ ‘નેનો બનાના’નો ક્રેઝ

કેલિફોર્નિયા: ગૂગલની જેમિનાઇ એઆઇ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ)ના ‘નેનો બનાના’ની લોકપ્રિયતા ઝડપથી વધી રહી છે. લોકો તેના દ્વારા બનાવાયેલી એક્શન ફિગર કે થ્રીડી ફોટોને ઇન્સ્ટાગ્રામ અને ‘એક્સ’ પર મોટા પાયે શૅર કરી રહ્યા છે.

ગૂગલના નવા એઆઇ ટૂલ ‘જેમિનાઇ ૨.૫ ફ્લેશ ઇમેજ’ની મદદથી તમારા સાદા ફોટાનું રૂપાંતર થ્રીડી એક્શન ઇમેજમાં કરી શકાય છે. લોકો પોતાના પાલતું પ્રાણીથી લઇને સ્પાઇડર-મેન જેવા કેરેક્ટરનું સાચી લાગે એવી એક્શન ફિગરમાં રૂપાંતર કરે છે અને તેને ઇન્સ્ટાગ્રામ અને ‘એક્સ’ પર મૂકે છે. આ રીતે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી મનોરંજન પણ મળી રહ્યું છે. ‘નેનો બનાના’ એઆઇ ઘણું વાઇરલ થયું છે અને તેની મદદથી લોકો પોતાના અંગત ફોટા, સેલિબ્રિટીઝ કે એનિમેટેડ ફોટાને રમકડાં જેવા એક્શન કેરેક્ટરમાં રૂપાંતરિત કરે છે.

હવે આપણે ‘નેનો બનાના’ નામ કઇ રીતે પડ્યું તેની વાત કરીએ. ‘નેનો’ એ ગૂગલનું જેમિનાઇ મૉડેલ વેરિયન્ટ છે અને તે ઝડપથી અને અસરકારક ઇમેજ તૈયાર કરવા બનાવાયું છે, જ્યારે ‘બનાના’ નામ આ એઆઇને વિકસાવતી વખતે અપાયેલું હુલામણું નામ છે.




આસામના સીએમ હિમંતા બિશ્વ સરમાનું પ્રસ્તાવિત નેનો બનાના રૂપ.

# ચાર્લી કર્કનો ‘હત્યારો’ પકડાયો: ટ્રમ્પનો દાવો

ઓરેમ (અમેરિકા): પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ચાર્લી કર્કનો શંકાસ્પદ હત્યારો શુક્રવારે પકડાઇ ગયો છે.

તેમણે શુક્રવારે સવારે એક ન્યૂસ ચેનલને આપેલા ઇન્ટરવ્યૂમાં સંબંધિત જાહેરાત કરતા જણાવ્યું હતું કે ‘હત્યારો’ પકડાઇ ગયો હોવાની પૂરી ખાતરી છે.

યૂટા વૅલી યુનિવર્સિટીની કૉલેજના કેમ્પસમાં ચાર્લી કર્ક માઇક્રોફૉન પર વાદવિવાદ કરી રહ્યા હતા ત્યારે તેમને ગોળી મરાઇ હતી અને ભારે ચીસાચીસ તેમ જ ભાગદોડ થતાં હત્યારો છત પરથી કૂદીને નાસી ગયો હતો. યૂટાના ગવર્નરે આ ઘટનાને રાજકીય હત્યા ગણાવી

(જુઓ પાનું ૨) ▸▸

# કંગનાએ રિટ્વીટમાં ‘મસાલો’ ભભરાવ્યો હતો: સુપ્રીમ કોર્ટ

### અભિનેત્રીએ બદનક્ષીની ફરિયાદ સામેની અરજી પાછી ખેંચી

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે શુક્રવારે જણાવ્યું હતું કે અભિનેત્રી અને ભાજપનાં સાંસદ કંગના રનૌટે ખેડૂતોના આંદોલનને લગતી ટ્વીટને ફરી ટ્વીટ કરતાં પહેલાં તેમાં ‘મસાલો’ ઉમેર્યો હતો.

કંગના રનૌતે ૨૦૨૦-૨૧માંના ખેડૂતોના આંદોલન વખતે પોતાનાં દ્વારા કરાયેલાં ટ્વીટ સામેની બદનક્ષીની ફરિયાદ પાછી ખેંચવા કરેલી અરજી પાછી ખેંચી હતી. ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બૅન્ચે કંગનાની અરજીની સુનાવણી કરવાની અનિચ્છા

(જુઓ પાનું ૨) ▸▸



**સંયુક્ત ડ્રીલ:** રશિયા અને બેલારુસ દ્વારા યોજવામાં આવેલા સંયુક્ત ડ્રીલના ભાગરૂપ ટ્રેનિંગ મિશન માટે ઉડ્ડયન ભરી રહેલું રશિયન હવાઈ દળનું અણુક્ષમતા ધરાવતું વ્યૂહાત્મક બૉમ્બર ડીયુ-૧૬૦. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદીનાં માતાનો વીડિયો હલકી માનસિકતાની નિશાની

**બિહારમાં** વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં માતાને કૉંગ્રેસના મંચ પરથી ગાળ અપાઈ એ શરમજનક ઘટના તાજી છે ત્યાં બિહાર કૉંગ્રેસે મોદી અને મોદીનાં માતા હીરાબાના સંવાદનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) દ્વારા જનરેટ કરાયેલો વીડિયો મૂકીને ફરી નીચ હરકત કરી છે. ભાજપે આ વીડિયો સામે વાંધો લઈને કૉંગ્રેસ ગાંધીવાદીના બદલે 'ગાલીવાદી' પાર્ટી બની ગઈ હોવાનો આક્ષેપ કર્યો છે ત્યારે આઘાતજનક રીતે કૉંગ્રેસે આ વીડિયોનો બચાવ કર્યો છે. ભાજપનું કહેવું છે કે, મોદીનાં માતા હીરાબાને ચૂંટણીના રાજકારણમાં ઢસડીને કૉંગ્રેસ સાવ નીચલી પાયરીએ ઉતરી ગઈ છે. સામે કૉંગ્રેસના મીડિયા ઈન્ચાર્જ પવન ખેરાએ સવાલ કર્યો છે કે, એક માતા પોતાના પુત્રને ખખડાવે કે શિખામણ આપે તેમાં અપમાનજનક શું છે ? ખેરાના દાવા પ્રમાણે,

વીડિયોમાં મોદીનાં માતાનું કોઈ રીતે અપમાન કરાયું નથી કે મોદીનાં માતા માટે કોઈ ખરાબ શબ્દ વપરાયો નથી. વીડિયોમાં એક માતા પોતાના પુત્રને શિખામણના બે શબ્દો કહે છે ને એ તો ભારતની પરંપરા છે એ જોતાં તેમાં કશું વાંધો લેવા જેવું નથી.

ખેરાના બકવાસ અને કૉંગ્રેસની નીચતાની વાત કરતાં પહેલાં બિહાર કૉંગ્રેસે મૂકેલા વીડિયોમાં શું છે તેની વાત કરી લઈએ. બિહાર કૉંગ્રેસના એકસ એકાઉન્ટ પર મુકાયેલા ૩૬ સેકન્ડના વીડિયોની શરૂઆત મોદી સૂવા માટે પથારી તરફ જઈ રહ્યા હોય એવા સીનથી થાય છે. મોદી પથારી તરફ જતાં જતાં બોલે છે કે, આજની વોટચોરી પતી ગઈ છે. હવે સૂવા જાઉં છું.

બીજા સીનમાં મોદી પથારી પર સૂતા દેખાય છે અને મોદીને સપનામાં માતા હીરાબા દેખાય છે. હીરાબા મોદીને ખખડાવે છે અને કહે છે કે, પહેલાં તો તેં મને નૉટબંધીની લાંબી લાઈનમાં ઊભી રાખી, તેં મારા પગ ધોવાની રીલ બનાવડાવી અને હવે બિહારમાં મારા નામે રાજકારણ રમી રહ્યા છો, તું મારા અપમાનનાં બેનર અને પોસ્ટર્સ છપાવડાવી રહ્યો છે. તું બિહારમાં ફરી નૌટંકી કરવાની કોશિશ કરી રહ્યો છે. રાજકારણ રમવા માટે હજુ કેટલો નીચે ઉતરીશ ? આ સાંભળીને મોદી અચાનક જાગી જાય છે અને આમતેમ જોવા લાગે છે એ સાથે જ રીલ પૂરી થાય છે.

મીડિયાનો એક વર્ગ વીડિયોમાં મોદી જેવો દેખાતો પુરુષ અને હીરાબા જેવાં દેખાતાં વૃદ્ધા હોવાનો ઉલ્લેખ કરે છે પણ બંને પાત્રો મોદી કે હીરાબા જેવાં દેખાતાં નથી પણ મોદી અને હીરાબા જ છે. કૉંગ્રેસે પોતે આ વાત સ્વીકારી છે તેથી વીડિયો વિશે કોઈ ગેરસમજમાં રહેવા જેવું નથી. આ વીડિયો મોદી અને હીરાબાનો જ છે અને વીડિયોમાં મુકાયેલો કાલ્પનિક સંવાદ મોદી-હીરાબા વચ્ચે થયો છે એવું બતાવવા માટે જ કોંગ્રેસે આ વીડિયો બનાવડાવ્યો છે એ વિશે કૉંગ્રેસ બિલકુલ સ્પષ્ટ છે તેથી લોકો પણ સ્પષ્ટ છે. કૉંગ્રેસ છાસ લેવા જતાં દોણી સંતાડવાના બદલે આખી દુનિયાને દેખાય એ રીતે દોણી લઈને નિકળી છે તેથી વીડિયો કોના વિશે છે અને શું કરવા બનાવાયો છે એ વિશે કોઈ ભ્રમ રાખવા જેવો નથી.

કૉંગ્રેસનો બચાવ છે કે, વીડિયોમાં કશું વાંધાજનક નથી ને મોદીનાં માતા હીરાબા વિશે અપમાનજનક શબ્દો નથી. આ વાત સાવ સાચી છે પણ સવાલ એ છે કે, ચૂંટણી પ્રચારમાં હીરાબાને ઢસડવાની શું જરૂર? હીરાબા ગુજરી ગયાં છે, હયાત નથી ને જીવ્યાં ત્યાં લગી રાજકારણ સાથે તેમને નાહવા-નિચોવવાનો સંબંધ નહોતો એ જોતાં તેમને રાજકારણથી દૂર જ રાખવાં જોઈએ. કૉંગ્રેસ મોદી પર પ્રહાર કરે તેમાં કશું ખોટું નથી પણ તેના માટે મોદીનાં માતાના નકલી વીડિયોનો ઉપયોગ કરવો એ હલકી માનસિકતા કહેવાય. ચૂંટણી જીતવા માટે હરીફો પર પ્રહાર કરવા એ લોકશાહી છે પણ કોઈનાં પરિવારજનોને ખોટી રીતે ઢસડવાં લોકશાહી નથી. મોદીનાં કોઈ સગાં ભ્રષ્ટાચારમાં સામેલ હોય કે બીજું કશું ખોટું કર્યું હોય તેને મુદ્દો બનાવી શકાય પણ હીરાબાને કઈ રીતે ઢસડી શકાય ?

બિહાર કૉંગ્રેસે આ વીડિયો મુદ્દે ભારે હોહા થઈ પછી આંતરિક તપાસની જાહેરાત કરી એ પણ નાટક જ છે કેમ કે પહેલાં તો પવન ખેરાએ તેનો ખુલ્લો બચાવ જ કરેલો. રાહુલ ગાંધીની વોટ યાત્રા વખતે કૉંગ્રેસના મંચ પરથી હીરાબા વિરુદ્ધ ગંદી ગાળો બોલાઈ ત્યારે પણ કૉંગ્રેસના તારિક અનવરે તેનો બચાવ કરેલો. ૨૭ ઓગસ્ટે દરભંગામાં રાહુલ ગાંધીની વોટર અધિકાર યાત્રા માટેના સ્વાગત મંચ પરથી હીરાબા ઉપરાંત મોદીને ગાળ આપવામાં આવી હતી. પોલીસે ૨૮ ઓગસ્ટે ગાળ આપનારા મોહમ્મદ રિઝવીની ધરપકડ કરી. પંકચરની દુકાન ચલાવતા રિઝવીના સમર્થનમાં તારિક કૂદી પડેલા.

ભાજપના નેતા અત્યારે કાગારોળ મચાવી રહ્યા છે પણ એ પણ દૂધે ધોયેલા તો નથી જ. મોદીની વાહવાહી માટે તેમણે પણ એઆઈની મદદથી કાલ્પનિક વીડિયો બનાવીને મૂકેલા જ છે. ઓપરેશન સિંદૂર પછી ઈન્દિરા ગાંધી મોદીની વાહવાહી કરતાં હોય ને મોદીને અસલી શેર ગણાવતાં હોય એવો વીડિયો બનાવીને વાઇરલ કરાયેલો. ભાજપે બે વર્ષ પહેલાં ઈન્દિરા ગાંધીને હિટલર જેવી મૂછો સાથે દર્શાવતો વીડિયો બનાવેલો. હિટલર જેવી મૂછો ધરાવતાં ઈન્દિરા ગાંધી કટોકટી લાદવાની જાહેરાત કરતાં હોય એવો વીડિયો વાઇરલ થયેલો. એ પહેલાં જવાહરલાલ નહેરુ કાશ્મીર સહિતના મુદ્દે પોતે ભયંકર ભૂલો કરી હોવાનું સ્વીકારતા હોય એવા કાલ્પનિક વીડિયો પણ વાઇરલ કરાયેલા જ છે.

આ પૈકી કેટલાક વીડિયો ભાજપે સત્તાવાર રીતે બનાવેલા. જવાહરલાલ અને ઈન્દિરા બંને ગુજરી ગયાં છે ત્યારે તેમને નામે આવા કાલ્પનિક ને બોગસ વીડિયો બનાવવા એ પણ નીચતા જ કહેવાય તેથી ભાજપે પણ કૉંગ્રેસ જેવી નીચતા આચરી જ છે. રાહુલ અને સોનિયાના જ્યોર્સ સોરોસ સાથેના ફેક ફોટોથી માંડીને બીજાં જે જૂઠાણાં ચલાવ્યાં તેનો તો કોઈ હિસાબ જ નથી.

કમનસીબે ભાજપ ને કૉંગ્રેસ બંનેની માનસિકતા અમે કરીએ એ લીલા ને બીજા કરે એ છિનાળું જેવી છે. બંનેને બીજા કરે ત્યારે નૈતિકતા, સિધ્ધાંતો ને જાતજાતના સદ્ગુણો યાદ આવી જાય છે પણ પોતે આ ગંદવાડ ફેંકવાનું બંધ કરીને સ્થિતિ સુધારી શકે છે એ નથી સૂઝતું. બંને બીજાને જ્ઞાન આપવામાં માને છે પણ પોતે સદ્ગુણી થવા તૈયાર નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, શનિવાર, તા. ૧૩-૯-૨૦૨૫, સપ્તમી શ્રાદ્ધ, ભદ્રા

- ભારતીય દિનાંક ૨૨, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ-૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૧મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર કૃત્તિકા સવારે ક. ૧૦-૧૦ સુધી, પછી રોહિણી
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૪, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૨ (તા. ૧૪)
- ઓટઃ સવારે ક. ૦૮-૦૮, રાત્રે ક. ૨૦-૪૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - ષષ્ઠી. સપ્તમી ક્ષય તિથિ છે. સપ્તમી શ્રાદ્ધ ભદ્રા ૦૭-૨૩થી સાંજે ક. ૧૮-૧૧, શનિ રોહિણી અમૃતસિદ્ધિયોગ (પ્રયાણે વર્જ્ય) સવારે ક. ૧૦-૧૨થી સૂર્યોદય, સૂર્ય મહાનક્ષત્ર ઉત્તરા ફાલ્ગુનીમાં બપોરે ક. ૧૫-૪૩. વાહન શિયાળ સ્ત્રી, પુ. સૂ. સૂ., મંગળ તુલામાં રાત્રે ક. ૨૧-૨૪.
- મુહૂર્ત વિશેષઃ બ્રહ્માજીનું પૂજન, નવા વસ્રો, આભૂષણ, શ્રાદ્ધ નિમિત્તે નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, પરગામ મધ્યમ, મુંડન કરાવવું નહીં. મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, બગીચો બનાવવો, નિત્ય થતાં દુકાન-વેપાર દસ્તાવેજ, નોકરી સંબંધિત કામકાજ, બી વાવવું, સર્વશાંતિ શાંતિપૌષ્ટિક પૂજા, લાંબા સમયના ઉપયોગી કાર્યો, વિનાયક પૂજા.
- શ્રાદ્ધ પર્વઃ સાતમ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. સાતમનું શ્રાદ્ધ યજ્ઞ કર્યા જેવું ફળ આપે છે. શ્રાદ્ધ વિશેનું વર્ણન અમાપ છે. શ્રાદ્ધ એ શાસ્રીય છે. તેથી જ વૈજ્ઞાનિક છે પરંતુ પ્રયોગશાળાનું વિજ્ઞાન નથી. શ્રાદ્ધને સમજવા માટે પ્રથમ શ્રદ્ધા આવશ્યક છે. જરૂરિયાતમંદોને ભોજન એ પ્રથમ માર્ગ છે. અનેક સમાજસેવાના કાર્યો પણ શ્રાદ્ધ નિમિત્તે કરી શકાય.
- આચમનઃ સૂર્ય-બુધ યુતિ સારી સ્મરણશક્તિ, ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ કોઈના કબજામાં ન રહે.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-બુધ યુતિ, ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા/તુલા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# રાજકીય પક્ષના નિયમન માટે કાયદોઃ સુપ્રીમ અરજી સાંભળશે

નવી દિલ્હીઃ બિનસાંપ્રદાયિકતા, પારદર્શિતા અને રાજકીય ન્યાયને પ્રોત્સાહન આપવા રાજકીય પક્ષોના રજિસ્ટ્રેશન અને નિયમન માટે કાયદો ઘડી કાઢવા ચૂંટણી પંચને આદેશ આપવાની માગણી કરતી અરજીની ચકાસણી કરવાની સુપ્રીમ કોર્ટે શુક્રવારે સહમતી દર્શાવી હતી. અરજકર્તા અશ્વિનીકુમાર ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીને મામલે ન્યાયાધીશ સૂર્યકાન્ત અને જોયમાલા બાગચીની બનેલી ખંડપીઠે કેન્દ્રસરકાર, ચૂંટણી પંચ અને કાયદા પંચને નૉટિસ પાઠવી છે. જોકે અરજીમાં કોઈ ચોક્કસ રાજકીય પક્ષનાં નામનો ઉલ્લેખ કરવામાં ન આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

તમે રાજકીય પક્ષોના નિયમન માટે કાયદો ઘડી કાઢવાની માગણી કરી રહ્યા છો, પરંતુ કોઈ પક્ષ અહીં હાજર નથી એમ જણાવી ખંડપીઠે ઉપાધ્યાયને જણાવ્યું હતું કે ચૂંટણી પંચમાં નોંધાયેલા હોય તેવા તમામ રાજકીય પક્ષના નામનો અરજીમાં ઉલ્લેખ કરો.

ઉપાધ્યાયનું કહેવું છે કે બનાવટી રાજકીય પક્ષો માત્ર દેશની લોકશાહી માટે જ જોખમરૂપ છે એવું નથી, પરંતુ પક્ષમાં ગુનેગારો, અપહરણકર્તાઓ, દાણચોરો, મનીલૉન્ડરિંગ કરતા લોકોની પક્ષ અને કાર્યાલયમાં ભરતી કરી દેશની છબી ખરડી રહ્યા છે. (એજન્સી)■

# પ્રાચીન હસ્તલિખિત દસ્તાવેજોનું ડિજિટાઈઝેશન કરોઃ મોદી

નવી દિલ્હીઃ ભારતના પ્રાચીન હસ્તલિખિત દસ્તાવેજનું ડિજિટાઈઝેશન બૌદ્ધિક ચાંચિયાગીરી પર અંકુશ લાવશે એમ જણાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે આ પ્રકારની ચાંચિયાગીરી મારફતે અન્ય દેશ ભારતની પરંપરાગત જ્ઞાનની યંત્રણાની નકલ કરી અને તેની પેટન્ટ મેળવે છે. 'રિક્લેઈમિંગ ઈન્ડિયાઝ નૉલેજ લિગેસી થ્રૂ મેન્યુસ્ક્રિપ્ટ હેરિટેજ' શિર્ષક ધરાવતી ઈન્ટરનેશનલ કોન્ફરન્સને સંબોધન કરતાં મોદીએ કહ્યું હતું કે આ કવાયતનો મુખ્ય આશય દેશના 'સ્વદેશી' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને આગળ વધારવાનો છે.

આ લક્ષ્યને પ્રાપ્ત કરવા સરકારને સહાયરૂપ થવા બદલ મોદીએ ખાનગી સંસ્થાઓનો આભાર માન્યો હતો. અત્યાર સુધીમાં દસ લાખ કરતાં પણ વધુ મેન્યુસ્ક્રિપ્ટનું ડિજિટાઈઝેન કરી દેવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# કાઠમંડુમાં હોટલની આગથી બચવાનો પ્રયાસ કરતા ભારતીય મહિલાનું મોત

મહારાજગંજ (યુપી): સળગતી કાઠમંડુ હોટલમાંથી બચવા માટે ચોથા માળેથી પડદાની મદદથી નીચે ઉતરવાનો પ્રયાસ કરનાર રાજેશ દેવી ગોલાનું લપસીને પડી જવાથી મૃત્યુ થયું હતું.

નેપાળની રાજધાની કાઠમંડુમાં પશુપતિનાથ મંદિરની લાંબા સમયથી આયોજિત યાત્રા ગાઝિયાબાદના દંપતી માટે ભયંકર જીવલેણ સાબિત થઇ હતી.

આ અઠવાડિયે નેપાળમાં થયેલા હિંસક વિરોધ પ્રદર્શનમાં માર્યા ગયેલા ૫૧ લોકોમાં પંચાવન વર્ષીય મહિલા રાજેશ દેવી એકમાત્ર ભારતીય છે.

દુર્ઘટનાના બે દિવસ પછી, ગુરુવારે તેના પતિ રામવીર સિંહ સૈની રાજ્યના મહારાજગંજ જિલ્લાના સોનાલી સરહદ પર પોતાની પત્નીનો મૃતદેહ નેપાળથી ઉત્તર પ્રદેશના સરહદી શહેરમાં એમ્બ્યુલન્સમાં લાવવાની અને તેને ઘરે લઈ જવાની રાહ જોઈ રહ્યો હતો.

શોકગ્રસ્ત પતિને જણાવ્યું હતું કે ૭ સપ્ટેમ્બરના રોજ એમણે લક્ઝરી હોટેલમાં ચેક-ઇન કર્યા બાદ બીજા દિવસે, એમણે પ્રખ્યાત પશુપતિનાથ મંદિરમાં દર્શન કરવા જવાનું નક્કી કર્યું, પણ ૯ સપ્ટેમ્બરના રોજ તેમને ખ્યાલ આવ્યો કે અશાંતિ વધી ગઈ છે. ■

# નેપાળમાં ભારતીયોને લઇ જતી બસ પર હુમલો, લૂંટ ચલાવાઇ

લખનઊઃ નેપાળમાં ચાલી રહેલા તોફાન દરમિયાન અનેક ભારતીય પર હુમલા કરીને તેઓને ઘાયલ કરાયા હતા અને લૂંટ્યાં હતા. આંધ્ર પ્રદેશના કેટલાક યાત્રાળુઓને લઇ જતી બસ પર તોફાનીઓએ કાઠમંડુની નજીક સવારે હુમલો કર્યો હતો અને તેમાં અનેક જણ ઘાયલ થયા હતા. તેઓના સામાનને પણ લૂંટવામાં આવ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે યાત્રાળુઓ પશુપતિનાથ મંદિરની યાત્રા કરીને પાછા ફરી રહ્યા હતા. તેઓની ઉત્તર પ્રદેશમાં રજિસ્ટર્ડ બસ પર તોફાનીઓએ પથ્થરમારો કર્યો હતો અને તેની બારીઓના કાચ તોડ્યા હતા. આ યાત્રાળુઓની બૅગ, રોકડ રકમ, મોબાઇલ ફોન વગેરે લૂંટી લેવાયા હતા. આ હુમલામાં સાતથી આઠ પ્રવાસી ઘાયલ થયા હતા. અંતે નેપાળના લશ્કરે ભારતીય યાત્રાળુઓને મદદ કરી હતી અને ભારત સરકારે તેઓને કાઠમંડુથી દિલ્હી આવવાની વ્યવસ્થા કરી હતી.

હુમલામાં નુકસાન પામેલી બસને મોડી સાંજે ઉત્તર પ્રદેશના મહારાજગંજની નજીક આવેલી સોનૈલી સરહદ ખાતે પહોંચાડાઇ હતી. આંધ્ર પ્રદેશના મૂળ વતની બસ-ડ્રાઇવર રાજે પોતાનો અનુભવ વર્ણવતા જણાવ્યું હતું કે અમારી બસ ભારત પાછી ફરી રહી હતી ત્યારે નેપાળમાં તોફાનીઓના ટોળાએ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ પથ્થરો મારીને બસના બધા કાચ તોડી નાખ્યા હતા અને અમારો સામાન લૂંટી લીધો હતો.

નેપાળમાંની હિંસા અને તંગદિલીને ધ્યાનમાં રાખીને ભારતે ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળમાંની સરહદે ચોકી પહેરો વધાર્યો છે. ભારતમાંથી નેપાળમાં જવા ઇચ્છતા નેપાળીઓને જ હાલમાં સરહદ ઓળંગવા દેવાય છે. (એજન્સી)■

# ભારત - એફટીએઃ બ્રિટનની સંસદીય સમિતિ તપાસ કરશે

લંડનઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જુલાઈ મહિનામાં લીધેલી બ્રિટનની મુલાકાત દરમિયાન બંને દેશ વચ્ચે કરવામાં આવેલા ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટ (એફટીએ)ના પ્રભાવ અને તેની ભાવિ અસર અંગે માહિતી મેળવવા બ્રિટનની ઉમરાવ સભાની ઈન્ટરનેશનલ ઍગ્રીમેન્ટ કમિટીએ તપાસ આરંભી છે. કૉમ્પ્રિહૅન્સિવ ઈકોનોમિક ઍગ્રિમેન્ટ (સીઈટીએ) અમલી બને તે અગાઉ બ્રિટિશ-ઈન્ડિયન કન્ઝર્વેટિવ સાથી બૅરોનેસ સૅન્ડી વર્માએ સંસદીય પ્રક્રિયાના ભાગરૂપ નિષ્ણાતો અને સંકળાયેલા સંબંધિત લોકો પાસે પુરવાની માગણી કરી છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષી વેપાર બમણો એટલે કે ૧૨૦ અબજ ડૉલર સુધી પહોંચાડવાના લક્ષ્ય સાથે બ્રિટનના વડા પ્રધાન કેર સ્ટાર્મરના વડપણ હેઠળની સરકારે ભારત સાથે આ સીમાચિહ્નરૂપ કરાર કર્યા હતા.

આ કરારને કારણે લાંબાગાળે બ્રિટનનો વેપાર વાર્ષિક ૨૫.૫ અબજ પાઉન્ડ અને જીડીપી ૪.૮ અબજ પાઉન્ડ જેટલો વધશે. બ્રિટનના વડા પ્રધાન આવતા મહિને ભારતની મુલાકાતે આવવાની તૈયારી કરી રહ્યા હોવા વચ્ચે કમિટીએ આ તપાસ આરંભી છે. ઑક્ટોબરમાં સ્ટાર્મર પ્રથમ જ વાર ભારતની મુલાકાતે આવી રહ્યા છે. (એજન્સી)■

# બ્રાઝિલના ભૂતપૂર્વ પ્રમુખને ૨૭ વર્ષની જેલ

બ્રાઝિલિયાઃ હાલ દુનિયાના ઘણા દેશોમાં મોટા રાજકીય બદલાવો થઇ રહ્યા છે, નેપાળમાં યુવા પ્રદર્શનકારીઓએ સત્તા ઉથલાવી દીધી છે, જાપાનના વડાપ્રધાનને રાજીનામું આપવાની ફરજ પડી છે, ફ્રાન્સમાં પણ સરકાર વિરોધી પ્રદર્શનો થઇ રહ્યા છે. એવામાં બ્રાઝિલની સુપ્રીમ કોર્ટે એક મોટો ચુકાદો આવ્યો છે. કોર્ટે ગુરુવારે દેશના ભૂતપૂર્વ પ્રમુખ જાયર બોલ્સોનારોને ૨૭ વર્ષ અને ત્રણ મહિનાની જેલની સજા ફટકારી છે.જાયર બોલ્સોનારો ૨૦૧૯ થી ૨૦૨૨ સુધી બ્રાઝિલના રાષ્ટપતિ રહ્યા હતાં. વર્ષ ૨૦૨૨માં ડાબેરી લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા સામે ચૂંટણી હારી ગયા બાદ સત્તા પાછી મેળવવા બળવાનું કાવતરું ઘડવાના ગુનામાં તેમને દોષી ઠેરવવામાં આવ્યો છે. બોલ્સોનારો કુલ પાંચ ગુનામાં તેઓ દોષિત ઠર્યા છે, કુલ મળીને તેમને ૪૩ વર્ષની સજા થઇ શકે છે, પરંતુ ૭૦ વર્ષીય બોલ્સોનારોની ઉંમર અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને કોર્ટે સજામાં રાહત આપીને ૨૭ વર્ષ અને ૩ મહિના કરી છે. ચુકાદાને પાંચમાંથી ચાર ન્યાયાધીશોએ સમર્થન આપ્યું છે, હવે બોલ્સોનારોને બાકીનું જીવન જેલમાં વિતાવવું પડી શકે છે.બોલ્સોનારો બ્રાઝિલની સેનામાં કેપ્ટન રહી ચુક્યા છે. બોલ્સોનારો સત્તા પર હતાં ત્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું સમર્થન મળતું રહ્યું હતું. ચૂંટણી હાર્યા બાદ બોલ્સોનારોએ વર્ષ ૨૦૨૩ ની શરૂઆતમાં લુલા, તેમના ઉપરાષ્ટ્રપતિ ગેરાલ્ડો અલ્કમિન અને સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ એલેકઝાન્ડ્રે ડી મોરેસની હત્યાનું કાવતરું ઘડ્યું હતું.

૨૦૧૬માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડિલ્મા રૂસેફને મહાભિયોગથી હટાવ્યા બાદ બોલ્સોનારો લાઈમ લાઈટમાં આવ્યા હતાં. ■

## પહેલા પાનાનું ચાલુ

### દેશભરમાં ફટાકડા

પર પ્રતિબંધની પોલિસી દેશભરમાં લાગુ કરવામાં આવી શકે છે. મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈએ કહ્યું માત્ર એનસીઆર જ નહીં દેશના દરેક શહેરના નાગરિકને શુદ્ધ હવામાં શ્વાસ લેવાનો અધિકાર છે. દિવાળી નજીક આવી રહી છે ત્યારે કોર્ટની આ ટિપ્પણી મહત્ત્વની છે.

એક અરજીની સુનાવણી કરતા મુખ્ય ન્યાયાધીશ ગવઈએ કહ્યું કે પ્રદૂષણ નિયંત્રણ નીતિ ફક્ત દિલ્હી માટે જ કેમ? ત્યાં દેશના ભદ્ર વર્ગના નાગરિકો વસે છે એટલા માટે! આવું ના હોઈ શકે. સ્વચ્છ હવાનો અધિકાર ફક્ત દિલ્હી-એનસીઆરના નગરિકો માટે જ ન હોઈ શકે, પરંતુ દેશભરના નાગરિકોને આ અધિકાર છે.

ચીફ જસ્ટિસે કહ્યું, હું ગયા શિયાળામાં અમૃતસરની મુલાકાતે ગયો હતો અને ત્યાં દિલ્હી કરતા પણ વધુ ખરાબ પ્રદૂષણ હતું. જો ફટાકડા પર પ્રતિબંધ મૂકવો હોય, આખા દેશમાં હોવો જોઈએ.

કેસમાં અદાલતના સલાહકાર વરિષ્ઠ વકીલ અપરાજિતા સિંહે સુનાવણી દરમિયાન કહ્યું કે, ભદ્ર વર્ગ પોતાની રીતે પ્રદુષણથી બચી જાય છે, જ્યારે પણ પ્રદૂષણ વધે છે, ત્યારે તેઓ દિલ્હીની બહાર જતાં રહે છે.

સુપ્રીમ કોર્ટે એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશનને નોટિસ જારી કરી અને બે અઠવાડિયામાં જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો.

સુપ્રીમ કોર્ટે ૩ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ આપેલા આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરવામાં આવી હતી. એપ્રિલમાં સુપ્રીમ કોર્ટમાં હાથ ધરવામાં આવેલી સુનાવણી દરમિયાન ન્યાયાધીશ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાનની બેન્ચે કહ્યું હતું કે દિલ્હીની વસ્તીનો એક મોટો હિસ્સો રસ્તા પર રહે છે અને પ્રદૂષણને કારણે તેમને સૌથી વધુ નુકશાન થાય છે. દરેક વ્યક્તિને પોતાના ઘરે કે કાર્યસ્થળ પર એર પ્યુરિફાયર વસાવવું પરવડી શકે નહીં.■

### નેપાળનાં

હાલમાં પરિસ્થિતિ ધીરે ધીરે થાળે પડી રહી છે. નેપાળની હિંસામાં ૩૦થી વધુ લોકો માર્યા ગયાં હતાં અને ૧,૦૦૦થી વધારે લોકો ઘાયલ થયા હતા.

સુશીલા કાર્કીની વચગાળાનાં વડાં પ્રધાન તરીકે પસંદગી કરાઇ તેની પહેલાં આ હોદ્દા માટે કાઠમંડુના મેયર બાલેન્દ્ર શાહ અને નેપાળ ઇલેક્ટ્રિસિટી ઑથોરિટીના ભૂતપૂર્વ વડા કુલમન ઘીસિંગના નામ અંગે પણ ચર્ચાવિચારણા થઇ હતી.

વચગાળાનાં વડાં પ્રધાનની શપથવિધિનું આયોજન શુક્રવારે રાતે કરાયું હતું. તેઓએ હવે નેપાળમાં કાયદો અને વ્યવસ્થાને થાળે પાડવાની બાબતને પ્રાધાન્ય આપવું પડશે. (એજન્સી)■

### હીરાબાના

નરેન્દ્ર મોદીના માતાનું અપમાન કર્યું હોવાનો આક્ષેપ લગાવ્યો છે. જોકે, તેમ છતાં કોંગ્રેસ તેને દૂર કરવાના મૂડમાં નથી. ભાજપ આ અંગે રાહુલ ગાંધી પર નિશાન તાક્યું છે. ભાજપનો આરોપ છે કે રાહુલ ગાંધીના કહ્યાં બાદ મોદીના માતાનું અપમાન કરવામાં આવી રહ્યું છે. જોકે આ મામલે વિહાર કોંગ્રેસે હવે તપાસ શરૂ કરી છે.

ગિરિરાજ સિંહે કહ્યું હતું કે આજે તે જોવું ખરેખર દુઃખદાયક હતું. દગાબાજ કોંગ્રેસ-આરજેડીના લોકોએ પીએમ મોદીની સ્વર્ગસ્થ માતાનું અપમાન કર્યું હતું. એઆઈ ટેક્નિક મારફતે તેમણે વીડિયોમાં ખૂબ જ ધૃણાસ્પદ કામ કર્યું. ''હું તેમને પડકાર ફેંકું છું કે જો હું નહેરુ અને માઉન્ટબેટનનો એઆઈ વીડિયો બનાવીશ તો તેઓ શું કરશે?''

એક્સ પર અન્ય એક પોસ્ટમાં કેન્દ્રીય મંત્રીએ એડવિના માઉન્ટબેટનનો ઉલ્લેખ કર્યો અને આરોપ લગાવ્યો હતો કે વ્યક્તિગત લગાવથી બંધાયેલા નહેરુએ રાષ્ટ્રીય હિતોને કચડી નાખ્યા હતા. ગિરિરાજે પોસ્ટમાં લખ્યું હતું કે, ઇતિહાસ સાક્ષી છે કે સત્તાના નિર્ણાયક ક્ષણોમાં નેહરુ રાષ્ટ્રીય હિત કરતાં એડવિના માઉન્ટબેટનના આકર્ષણમાં વધુ ફસાયેલા હતા. જ્યારે ભારતને મજબૂત નેતૃત્વની જરૂર હતી ત્યારે તેમણે વારંવાર સમર્પણ કર્યું, વ્યક્તિગત આશક્તિમાં બંધાયેલા. વ્યક્તિગત સંબંધોએ રાષ્ટ્રીય હિતોને કચડી નાખ્યા. એડવિનાના આકર્ષણમાં ફસાયેલા નેહરુએ વારંવાર ભારતની ભૂમિ, ઓળખ અને ભવિષ્યને દાવ પર લગાવ્યું. ■

### અમેરિકામાં ભારતીયનું

બાદ કચરાટોપલીમાં ફેંકી દીધું હતું. પોલીસને મળેલા સીસીટીવી ફૂટેજમાં જોવા મળે છે કે આરોપીએ લોહીથી લથપથ કપાયેલું માથું ઉપાડીને કચરા પેટીમાં નાખી દે છે. આરોપી વિસ્તાર છોડીને ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી.

ડલ્લાસ પોલીસના જણાવ્યા મુજબ ૩૭ વર્ષીય યોર્ડાનિસ કોબોસ-માર્ટિનેઝની ધરપકડ કરવામાં આવી છે અને તેના પર હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. અમેરિકામાં ભારતીયો સાથે હિંસાચારની ઘટનાઓ અવારનવાર બનતી રહે છે. પરંતુ આ વખતે તો અમેરિકાના ડલાસમાં મોતનો જે નગ્ન નાચ જોવા મળ્યો હતો તેને કારણે લોકો હતપ્રભ થઈ ગયા છે.■

### કંગનાએ રિટ્વીટમાં

દર્શાવતા જણાવ્યું હતું કે આ કેસમાં સંબંધિત અરજી રદ કરતી વખતે ટ્વીટ કે રિટ્વીટનું અર્થઘટન કરવાનો સવાલ જ ઊભો નથી થતો.

કંગના રનૌટના વકીલે અદાલતમાં દલીલ કરી હતી કે મારી અસીલ અભિનેત્રીએ એક ટ્વીટને માત્ર ફરી ટ્વીટ (રિટ્વીટ) કરી હતી. મૂળ ટ્વીટને જ અનેક લોકોએ રિટ્વીટ કરી હતી.

ન્યાયાધીશ મહેતાએ જણાવ્યું હતું કે કંગના રનૌટે માત્ર રિટ્વીટ જ નહોતું કર્યું, પરંતુ તેમાં 'મસાલો' ઉમેર્યો હતો. આ કિસ્સામાં તમારે વધુ સ્પષ્ટતા ખટલો ચલાવતી અદાલતમાં કરવી પડશે.

વકીલે દલીલ કરી હતી કે આ ખટલો ચલાવતી નીચલી અદાલતે કંગના રનૌટને સમન્સ પાઠવતી વખતે અગાઉ મારા અસીલ દ્વારા આ કિસ્સામાં કરાયેલી સ્પષ્ટતા પ્રત્યે ધ્યાન નહોતું આપ્યું. ન્યાયાધીશ નાથે કંગનાના વકીલને સવાલ કર્યો હતો કે શું તમારા અસીલ આ અરજી પાછી ખેંચવા માગે છે? અભિનેત્રીના વકીલ તેનો જવાબે 'હા'માં આપ્યો હતો. (એજન્સી)■

### મોદી આજે

આ સમયગાળા દરમિયાન એક પણ વાર મણિપુર ગયા નથી તેની વિપક્ષો દ્વારા સતત થઈ રહેલી ટીકાના માહોલમાં મોદી મણિપુર જઈ રહ્યા છે.

મોદી મણિપુરની સાથે સાથે મિઝોરમની મુલાકાત પણ લેવાના છે. મિઝોરમમાં મોદી બૈરાબી-સાઈરંગ રેલવે લાઈન પ્રોજેક્ટને ખુલ્લો મૂકશે. અધિકારીઓએ આપેલી માહિતી પ્રમાણે, મોદી કુકી સમુદાયની બહુમતી ધરાવતા ચુરચંદપુરના પીસ ગ્રાઉન્ડમાં ૭૩૦૦ કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે જ્યારે મેઈતેઈ સમુદાયની બહુમતી ધરાવતા ઈમ્ફાલમાં ૧૨૦૦ કરોડ રૂપિયાના આંતર માળખાકીય પ્રોજેક્ટ્સને ખુલ્લા મૂકશે.

મોદીની યાત્રા અંગે માહિતી આપતાં મણિપુરના ચીફ સેક્રેટરી પુનિત કુમાર ગોયલે જણાવ્યું કે, વડાપ્રધાન મોદીની શનિવારની મણિપુર યાત્રાથી રાજ્યમાં શાંતિ, સામાન્ય સ્થિતી અને વિકાસનો માર્ગ મોકળો થશે.

મણિપુરમાં મોદીને આવકારવા માટે તોતિંગ બિલ બોર્ડ્સ લગાવાયાં છે. મણિપુર સરકારે શનિવારે ચુરચંદપુરના પીસ ગ્રાઉન્ડમાં અને ઈમ્ફાલના કાંગલા ફોર્ટમાં યોજાનારા કાર્યક્રમની જાહેરાત કરતાં જંગી બિલબોર્ડ્સ લગાવ્યાં છે. મોદીના ઉલ્લેખ વિનાની બીજી નોટિસમાં લોકોને ૧૨ વર્ષથી નાનાં બાળકો કે અસ્વસ્થ લોકોને કાર્યક્રમમાં નહીં લાવવા આદેશ અપાયો છે. મણિપુર સરકારે ચુરચંદપુર જિલ્લામાં એર ગન્સ પર પ્રતિબંધ મૂક્યો છે તેમજ ઈમ્ફાલ તથા ચુરચંદપુરમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી દીધી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે મોદીની મણિપુર યાત્રાને આવકારી છે. ગુજરાતના જૂનાગઢમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, મણિપુરમાં લાંબા સમયથી હિંસા ચાલુ છે ત્યારે મોદીએ મણિપુર જવું જ જોઈએ. ■

### ચાર્લી કર્કનો

હતી. ચાર્લી કર્ક અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના નજીકના સાથી ગણાતા હતા.

ફેડરલ ઇન્વેસ્ટિગેટર્સ અને રાજ્યના સત્તાવાળાઓએ 'હત્યારો' ગણાતી વ્યક્તિનો ફોટો અને વીડિયો ક્લિપિંગ્સ જાહેર કરી હતી અને તેને પગલે 'હત્યારા'ને પકડવા તરફ દોરી જતી ૭,૦૦૦થી વધુ ટિપ્સ મળી હતી.

તપાસ કરનારા અધિકારીઓ માને છે કે કહેવાતો હત્યારો કૉલેજના વિદ્યાર્થીઓની ઉંમરનો જ હોવાથી ટોળાંમાં ઘૂસી શક્યો હતો અને ત્યાંથી નાસી જવામાં સફળ થયો હતો. (એજન્સી)■

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના કાર્યકાળનાં ચાર વર્ષઃ સેવા, સુશાસન અને વિકાસની ગાથા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ તેમના કાર્યકાળના ચાર વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થશે. આ ચાર વર્ષને સેવા-સમર્પણ, સુશાસન, ઔદ્યોગિક વિકાસ અને નીતિ નિર્ધારણના ચાર સ્તંભો પર આધારિત ગણાવવામાં આવ્યા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'ગ્રોથ એન્જિન'ના વિઝનને આગળ ધપાવતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વિકાસને જન-જન સુધી પહોંચાડવા માટે અથાક પ્રયાસો કર્યા છે. તેમના નેતૃત્વ હેઠળ, ગુજરાત રિન્યુએબલ એનર્જી, સેમિકન્ડક્ટર અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) જેવા ઊભરતા ક્ષેત્રોમાં અગ્રેસર બની રહ્યું છે.

### કોર્પોરેટરથી મુખ્ય પ્રધાન સુધીની સફર

૧૫ જુલાઈ, ૧૯૬૨ના રોજ અમદાવાદમાં જન્મેલા ભૂપેન્દ્ર પટેલે સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો. તેમની રાજકીય કારકિર્દી ૧૯૮૭માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાવાથી શરૂ થઈ હતી. તેમણે મેમનગર નગરપાલિકાના પ્રમુખ, એએમસી સ્કૂલ બોર્ડના વાઇસ ચેરમેન અને થલતેજ વોર્ડના કાઉન્સિલર તરીકે સેવા આપી હતી. ૨૦૧૫-૨૦૧૭ દરમિયાન અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા)ના ચેરમેન રહ્યા બાદ તેઓ ૨૦૧૭માં ઘાટલોડિયા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ તેમણે ગુજરાતના ૧૭મા મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા અને ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય વિજય બાદ



બીજી વખત આ પદ સંભાળ્યું હતું.

### મક્કમ નિર્ણયો અને ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સ

મુખ્ય પ્રધાન તરીકેના આ ચાર વર્ષના કાર્યકાળમાં ભૂપેન્દ્ર પટેલે મક્કમ અને નિર્ણાયક નેતૃત્વનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. અમદાવાદના ચંડોળા તળાવ સહિત દ્વારકા અને સોમનાથમાં પણ ગેરકાયદે દબાણો હટાવી હજારો ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. ભ્રષ્ટાચાર આચરતા લગભગ ૫૦ જેટલા સરકારી અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે, જે ભ્રષ્ટાચાર પ્રત્યેની સરકારની ઝીરો ટોલરન્સ નીતિ દર્શાવે છે. આ ઉપરાંત, ભરતી અને પરીક્ષામાં થતી ગેરરીતિઓ અટકાવવા કડક કાયદો પણ અમલમાં મૂકવામાં આવ્યો છે. તાજેતરમાં, સામાન્ય જનતાના હિતમાં વીજળીના દરમાં ૧૫ પૈસાનો ઘટાડો કરી રૂ. ૪૦૦ કરોડનો લાભ પહોંચાડવામાં આવ્યો છે. ખેડૂતો માટે પણ જમીનના વેચાણ અને ફેરબદલીની પ્રક્રિયાને સરળ બનાવી મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

### લોકકલ્યાણકારી યોજનાઓ અને સિદ્ધિઓ

આ ચાર વર્ષમાં રાજ્ય સરકારે અનેક લોકકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. ૧૫ લાખથી વધુ આવાસોનું નિર્માણ અને ઘરવિહોણા ગરીબો માટે ૧૧૬ આશ્રયસ્થાનોની સ્થાપના કરી છે. પીએમજેએવાય-મા હેઠળ સારવાર સહાય રૂ. ૫ લાખથી વધારીને રૂ.૧૦ લાખ કરવામાં આવી, અને ૨.૯૨ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ મળ્યા છે. 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' વિજ્ઞાન સાધના યોજના હેઠળ વિદ્યાર્થિનીઓને કરોડોની આર્થિક સહાય આપવામાં આવી છે. છેલ્લા ૪ વર્ષમાં ૫ લાખથી વધુ લોકોને રોજગાર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત વહીવટીતંત્રમાં સુશાસન માટે એઆઈ ટાસ્ક ફોર્સની રચના અને શિક્ષણમાં ડ્રોપઆઉટ અટકાવવા એઆઈ આધારિત અર્લી વોર્નિંગ સિસ્ટમનો અમલ કરાવ્યો છે.

### ઔદ્યોગિક અને નીતિ વિષયક પ્રગતિ

ગુજરાતે આ ચાર વર્ષમાં ઔદ્યોગિક વિકાસમાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય છે જ્યાં ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે, જેમાં સાણંદ અને ધોલેરામાં નિર્માણાધીન પ્લાન્ટ્સનો સમાવેશ થાય છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યમાં ૨૦,૪૩૧ મિલિયન ડૉલરનું એફડીઆઈ આવ્યું છે. વિષયલક્ષી ક્ષેત્રો માટે ગુજરાત આત્મનિર્ભર પોલિસી (૨૦૨૨), સેમિકન્ડક્ટર પોલિસી (૨૦૨૨-૨૭), ગ્રીન હાઈડ્રોજન પોલિસી (૨૦૨૪) સહિત કુલ ૧૬ નવી સેક્ટર-સ્પેસિફિક નીતિઓ ઘડવામાં આવી છે. ગુજરાત કોમનવેલ્થ ૨૦૨૯ અને ઓલિમ્પિક ૨૦૩૬ના આયોજન માટે પસંદ થયું છે, જે રાજ્યની વૈશ્વિક ક્ષમતા દર્શાવે છે. ■

# સુરતને લોજિસ્ટિક હબ બનાવવા માટે સરકારને રિપોર્ટ મોકલવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયમંડ નગરી સુરતને લોજિસ્ટિક હબ બનાવવા પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને જીઆઈડીબીના પ્રયાસથી તૈયાર થયેલો રિપોર્ટ સરકારને મોકલવામાં આવ્યો હતો. આ પ્લાનનો મુખ્ય હેતુ સુરતને લોજિસ્ટિક હબ બનાવીને રોજગારીની નવી તકો ઊભી કરવાનો છે.

શહેરને લોજિસ્ટિક હબ બનાવવાનો ઉદ્દેશ આ ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકોની સ્કીલ ડેવલપ કરવાનો પણ છે. લોજિસ્ટિક પ્લાન હેઠળ, ભવિષ્યમાં તમામ કનેક્ટિવિટીને એક જ ડેશબોર્ડ પર લાવવામાં આવશે. આ ડેશબોર્ડમાં વેરહાઉસિંગ, મલ્ટિમોડલ લોજિસ્ટિક પાર્ક્સ, ઇલેક્ટ્રિક ફ્રેઇટ કોરિડોર્સ, ડ્રાઇવર્સ માટેની સંકલિત સુવિધાઓ અને ટ્રાન્સપોર્ટેશન જેવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ પ્લાન અંતર્ગત શહેરના અલગ-અલગ વિસ્તારોમાં લોજિસ્ટિક સુવિધાઓ વિકસાવવામાં આવશે, જેથી ટેક્સટાઇલ સહિતના વિવિધ ઉદ્યોગોને સીધો લાભ મળી શકે. સુરત શહેરમાં બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન, ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર, દિલ્હી-મુંબઈ ઔદ્યોગિક કોરિડોર, રેલવે કોરિડોર, નેશનલ અને સ્ટેટ હાઈવે, એક્સપ્રેસ વે, આઉટર રિંગ રોડ, પોર્ટ અને એરપોર્ટ જેવી અનેક કનેક્ટિવિટી સુવિધાઓ ઉપલબ્ધ થવા જઈ રહી છે. આ તમામ સુવિધાઓ લોજિસ્ટિક્સ ક્ષેત્રના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે,આ પ્રોજેક્ટથી સુરતનો જીડીપી ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ વધશે અને સાથે સાથે લોકો માટે રોજગારીની નવી તકો પણ ઊભી થશે. ■

# ગુજરાતમાં નવરાત્રિમાં ભારે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૦૭.૭૭ ટકા વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્ર સિવાયના તમામ ઝોનમાં સો ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. કચ્છમાં ૧૩૫.૯૫, ઉત્તર ગુજરાતમાં ૧૧૮.૭૨, મધ્ય પૂર્વમાં ૧૧૦.૧૦, સૌરાષ્ટ્રમાં ૯૩.૩૬ અને દક્ષિણ ગુજરાતમાં ૧૧૦.૭૨ ટકા વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગ મુજબ, ગુજરાતમાં સિઝનનો ૨૮ ટકા વધુ વરસાદ નોંધાયો છે. નવરાત્રિમાં ભારે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને લો પ્રેશર સિસ્ટમ સક્રિય થતા વરસાદની સંભાવના છે. ગુજરાતમાં ૧૮ સપ્ટેમ્બર સુધી હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં ૧૪થી ૧૬ સપ્ટેમ્બર સુધી દક્ષિણ ગુજરાતમાં હળવાથી ભારે વરસાદની શક્યતાઓ છે. નવરાત્રિમાં પણ ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદ થઈ શકે છે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં નવરાત્રિમાં વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે સુરત, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી સહિતના વિસ્તારોમાં વરસાદની શક્યતાઓ છે. માછીમારોને ૧૬ સપ્ટેમ્બર સુધી દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી હતી.

સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે, રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૯ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. રાજુલામાં સૌથી વધુ ૧.૫૪ ઇંચ વરસાદ પડ્યો હતો. વલસાડમાં ૧.૫ ઇંચ, ખેરગામમાં ૧.૦૬ ઇંચ, પારડીમાં ૦.૨૮ ઇંચ, વાપીમાં ૦.૨૮ ઇંચ, ભરૂચમાં ૦.૨૦ ઇંચ, પલસાણામાં ૦.૧૬ ઇંચ, સુબીરમાં ૦.૧૨ ઇંચ, ચિખલીમાં ૦.૦૮ ઇંચ વરસાદ ખાબક્યો હતો.

સરદાર સરોવર ડેમ ૯૧.૭૨ ટકા ભરાયેલો છે. રાજ્યનાં અન્ય ૨૦૬ જળાશયોમાં ૮૯.૨૬ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ૧૦૬ ડેમ સો ટકા ભરાયેલા છે, જ્યારે ૧૩૯ ડેમ હાઈ એલર્ટ પર છે. ૬૫ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા, ૧૫ ડેમ ૫૦ થી ૭૦ ટકા, ૧૧ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે અને ૯ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે. રાજ્યમાં ૧૮ ડેમ એલર્ટ પર છે અને ૧૪ ડેમ વોર્નિંગ પર છે. રાજ્યમાં વરસાદના કારણે ૧૫૫ રોડ રસ્તા બંધ છે. ■

# હાર્દિક પટેલ હાજર ન થતાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ધરપકડ વોરંટ જારી કર્યું, બે દિવસમાં બીજું વોરંટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટીદાર નેતા અને વર્તમાન વિરમગામથી ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલની મુશ્કેલી સતત વધી રહી છે. વર્ષ ૨૦૧૮માં પાટીદાર અનામત આંદોલન સમયે નિકોલ પોલીસ મથકે હાર્દિક પટેલ સહિતના આરોપીઓ સામે આઈપીસીની વિવિધ કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. જે સંદર્ભનો કેસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં દાખલ થયો હતો. જેમાં કેસ અત્યારે આરોપી ઉપર ચાર્જ ફ્રેમના સ્ટેજ ઉપર છે. પરંતુ આરોપી હાર્દિક પટેલ હાજર ન રહેતા કોર્ટે તેમની સામે ૧૦ સપ્ટેમ્બરે બુધવારે પહેલું ધરપકડ વોરંટ જાહેર કર્યું હતું. ત્યાર બાદ ૧૨ સપ્ટેમ્બરના શુક્રવારે હાર્દિક પટેલ સામે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે બીજું ધરપકડ વોરંટ ઈસ્યુ કર્યું હતું. હાર્દિક પટેલ સામે બે દિવસમાં બે વોરન્ટ જાહેર થતાં રાજકીય વર્તુળોમાં આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાટીદાર અનામત આંદોલન સમયે હાર્દિક પટેલ સહિતના પાટીદાર નેતાઓ પાટીદારોને અનામત આપવાની માંગણી અને ખેડૂતોના દેવા માફીની માંગણી સાથે નિકોલમાં પ્રતીક ઉપવાસનું આયોજન કર્યું હતું. જેમાં ફરિયાદ મુજબ આરોપીઓએ વગર પરવાનગી, પૂર્વ આયોજિત કાવતરું કરીને કરેલી કાઢીને નિકોલના મ્યુનિસિપલ ગ્રાઉન્ડ ખાતે પ્રતીક ઉપવાસ કરવાનું નક્કી કર્યું હતું. જેમાં રેલીને અટકાવવામાં આવતા તેઓ ઉશ્કેરાયા હતા. આરોપીઓએ પોલીસને અપશબ્દો કહીને ઝપાઝપી કરી હતી અને ધમકી આપી હતી. તેમજ શહેર પોલીસ કમિશ્નરના જાહેરનામાનો ભંગ કર્યો હતો. ■

# મુંદરા તાલુકાના ભોરારા ગામની મહિલાએ ત્રણ પુત્ર સાથે નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું, પુત્રોનાં મોત, માતાનું રેસ્ક્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરાથી બે કિલોમીટર દૂર આવેલા ભોરારા ગામ નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાં એક સોઢા પરણેતરે પોતાનાં ત્રણ બાળકો સાથે ઝંપલાવતાં એક સાથે મહિલાના ત્રણ-ત્રણ પુત્ર રત્નોના ડૂબી જવાથી અરેરાટીભર્યા મોત નીપજતાં કચ્છભરમાં ગમગીનીનું મોજું ફેલાયું હતું.

આ કરુણાંતિકામાં ત્રણ પુત્રો સાથે કેનાલમાં ડૂબી રહેલી મહિલા પર, કોઈનું ધ્યાન જતાં તેણે આસપાસના લોકોની મદદ લઇ, તેમને બચાવવાના પ્રયાસો કર્યા હતા અને પોલીસને પણ જાણ કરી હતી, પરંતુ તેમને બહાર કાઢવામાં આવ્યા ત્યારે જ ત્રણ બાળકો ડૂબી જવાથી મોતને ભેટ્યા હોવાનું જણાયું હતું, જ્યારે મહિલા જીવિત જણાતાં તેણીને તત્કાળ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવી હતી.

આ કરુણાંતિકા અંગે મળતી માહિતી પ્રમાણે, માંડ બે હજાર લોકોની વસ્તી ધરાવતા આ નાનકડા ગામમાં આવેલી સોઢા વસાહતમાં રહેતી સુરજબા બહાદુરસિંહ સોઢા, પોતાના ત્રણ-ત્રણ પુત્રો હરદેવસિંહ (ઉં.વ ૧૨), રવિરાજ (ઉં. વ. ૧૦) અને યુવરાજસિંહ (ઉં.વ.૫) સાથે નજીકની નર્મદા કેનાલમાં ખાબકી હતી. તેણીએ ત્રણ બાળકો સાથે શા માટે આત્મહત્યા કરી તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી મળી ન હતી. જો કે આ બનાવ પાછળ આર્થિક સંકડામણ હોવાની શંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે આ દિશામાં તપાસ શરૂ કરી છે. ■

# અમદાવાદમાં વધુ એક યુવકની હત્યા, શહેરનો કાયદો વ્યવસ્થાના લીરેલીરા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં અસામાજિક તત્ત્વો બેફામ બન્યા છે, જાહેરમાં હત્યા, મારામારી, લૂંટ સહિતની ઘટના ચિંતાજનક રીતે વધી રહી છે. શુક્રવારે વહેલી સવારે દેશના સૌથી સુરક્ષિત શહેરના પાલડી વિસ્તારમાં એક યુવકની નૃશંસ હત્યાથી કાયદો-વ્યવસ્થા પર ફરી સવાલો ઉઠ્યા છે. ૧૨ સપ્ટેમ્બરના રોજ વહેલી સવારે ૩ઃ૩૦ વાગ્યાની આસપાસ પાલડી વિસ્તારમાં અંજલિ ઓવરબ્રિજ નીચે પોલીસ સ્ટેશનથી માત્ર ૨૦૦ મીટર દૂર જ નામચીન નૈસલ ઠાકોર નામના યુવકની જાહેરમાં હત્યા કરાઈ હતી. નંબરપ્લેટ વગરની કારમાં આવેલા ૭-૮ અજાણ્યા શખસોએ પહેલા નૈસલ ઠાકોરને ટક્કર મારી નીચે પાડી દીધો હતો. બાદમાં ગાડીમાંથી ઊતરી ધારિયાં અને છરીના ઉપરાછાપરી ઘા મારી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

મળતી વિગત મુજબ પાલડીના ભઠ્ઠા વિસ્તારમાં નૈસલ ઠાકોર વહેલી સવારે ૩ઃ૩૦ વાગ્યાની આસપાસ અંજલિ ફ્લાય ઓવરબ્રિજ નીચે પોલીસ સ્ટેશન પહેલાં આવતી ગલી પાસે પહોંચ્યો હતો. ત્યારે પાછળથી એક નંબરપ્લેટ વગરની ગાડી આવી હતી. આ ગાડીએ નૈસલ ઠાકોરને જોરદાર ટક્કર મારી હતી, ત્યાર બાદ કારમાં આવેલા શખ્સો ગાડીમાંથી બહાર નીકળ્યા હતા અને યુવક પર ધારિયાં-છરી લઈ તૂટી પડ્યા હતા. ઉપરાછાપરી ધારિયાં-છરીના ઘાથી યુવકનું શરીર લોહીલુહાણ થઈ ગયું હતું.

પોલીસને આ અંગે જાણ થતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, તેને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો. જેની બાદ પાલડી પોલીસે સીસીટીવી ફૂટેજ વગેરેના આધારે તપાસ હાથ ધરી છે. ■

# નેપાળમાં ફસાયેલા અમદાવાદના ૩૭ લોકો પરત ફર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નેપાળમાં જેન-ઝી યુવાનોના નેતૃત્વમાં થયેલા હિંસક વિરોધ પ્રદર્શનોના કારણે પર્યટકોની હાલત કફોડી બની છે. દેશની આરાજક સ્થિતિમાં ફસાઈ ગયેલા અમદાવાદના ૩૭ શ્રદ્ધાળુ વતન પરત ફર્યા હતા. આ લોકો નેપાળના પશુપતિનાથ, મુક્તિધામ, પોખરા જેવાં વિવિધ સ્થળોએ દર્શને ગયા હતા. આ સમયે નેપાળમાં અચાનકમાં સરકાર વિરોધી જેન-ઝી આંદોલનમાં ૪ દિવસથી તેઓ ફસાઈ ગયા હતાં.

શુક્રવારે ૧૨ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ પરત ફરેલા ૩૭ લોકોમાં વસ્ત્રાલ વિસ્તારની આકૃતિ સોસાયટીના ૬ લોકોનું રહીશો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ફૂલહાર પહેરાવીને સ્વાગત કરતી વખતે કેટલાક ભાવુક અને લાગણીશીલ દૃશ્યો સર્જાયાં હતાં.

પરત ફરેલા આ લોકોએ નેપાળની સ્થિતિને વર્ણવતા જણાવ્યું હતું કે, શરૂઆતમાં તો અમે શાંતિપૂર્ણ યાત્રા કરી રહ્યા હતા, પણ પોખરાથી જ્યારે જોન્સન ગયા અને જોન્સન રોકાયા ત્યારે અમને સમાચાર મળ્યા કે આ રીતની નેપાળની અંદર કાઠમંડુમાં ખાસ કરીને આવી પરિસ્થિતિ ઊભી થઈ છે, તો તમે જરા સાચવજો. પછી અમારા મેનેજર થોડો બાહોશ અને ડ્રાઈવર પણ સારો હતો, એટલે એણે આખી વસ્તુને હેન્ડલ કરી લીધી હતી. રોડ ઉપર જ બધા આગજનીના બનાવો બન્યા હતા. કારો, ટુ-વ્હીલરો સહિતનું બધું સળગેલુ રોડ ઉપર પડેલું હતું, એ જોયું.

પછી અમે જ્યારે હોટલ ઉપર આવ્યા, ત્યારે હોટલની સામે જ એક્ઝેટ ૨૦૦થી ૩૦૦ મીટરની અંદર જ મોટી આગજનીના મોટા ધુમાડાઓ નીકળવા લાગ્યા હતા, એટલે અમે બધા તો ડરી ગયા હતા. આ સમયે હોટલવાળાએ કહ્યું કે, આપ ટેન્શનમાં ન રહેશો, એ બધું શાંત થઈ જશે. એટલે અમને એ રીતે થોડી મનને શાંતિ થઈ હતી. ■

# કૉંગ્રેસ પ્રમુખોની પ્રશિક્ષણ શિબિરમાં પ્રતાપ દૂધાતની ગેરહાજરી, વેણુગોપાલે કહ્યું કે કડક પગલાં લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢની ભવનાથ તળેટીમાં યોજાઈ રહેલી કૉંગ્રેસ પ્રમુખોની પ્રશિક્ષણ શિબિરનો આજે ત્રીજો દિવસ છે. જેમાં અમરેલી જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ પ્રતાપ દૂધાત ગેરહાજર છે. તેમની ગેરહાજરીની ઉચ્ચ કક્ષાએ પણ નોંધ લેવામાં આવી હતી. કૉંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ કે.સી.વેણુગોપાલે કહ્યું કે, ૪૧ જિલ્લા પ્રમુખો પૈકી એક જિલ્લા પ્રમુખ ગેરહાજર છે, જેઓ શિબિરના પ્રથમ દિવસથી ગેરહાજર છે. કે.સી.વેણુગોપાલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કૉંગ્રેસમાં હવે જે લોકો કામ કરશે તેમને પ્રમોશન આપવામાં આવશે, જ્યારે જેઓ કામ નહીં કરે તેમની પાસેથી પદ આંચકી લેવામાં આવશે. પ્રતાપ દૂધાત જિલ્લા અધ્યક્ષ બન્યા બાદ સંગઠનનું માળખું હજુ સુધી જાહેર કરી શક્યા નથી, તેને પણ તેમની ગેરહાજરીના કારણ સાથે જોડી શકાય છે.

પ્રતાપ દૂધાતે જણાવ્યું હતું કે પાર્ટી મને સસ્પેન્ડ કરે તોપણ હું કૉંગ્રેસનો મતદાર છું. કૉંગ્રેસના મતદાર તરીકે કોઈ મને હટાવી નહીં શકે. હું કૉંગ્રેસનો કાર્યકર્તા બનીને કામ કરતો આવ્યો છું અને એટલે જ કૉંગ્રેસે મને જિલ્લા પ્રમુખ તરીકે બીજી ટર્મમાં રિપીટ કર્યો હશે. જે હોદ્દો આપે એ લઈ પણ શકે છે, જોકે પાર્ટી મને જિલ્લા પ્રમુખ તરીકે હટાવે તો કોઈ વાંધો નથી, કારણ કે મને જિલ્લા પ્રમુખ તેમણે જ બનાવ્યો હતો. હાલ મારે આ અંગે વધારે કંઈ કહેવું નથી, કારણ કે મારા નામજોગ અથવા મને અંગત રીતે હાઈકમાન્ડે હજુ સુધી કંઈ કહ્યું નથી. હું મીટિંગમાં હાજર નથી રહી શક્યો એની પાછળ મારાં અંગત કારણો છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પ્રતાપ દૂધાતના કાકાનું અવસાન થયું હોવાથી તેઓ શિબિરમાં હાજર રહી શક્યા નથી. કે કે.સી.વેણુગોપાલ દ્વારા કોઈ પણ પ્રમુખના નામ જોગ ટિપ્પણી કરવામાં આવી નથી, અને આ મામલો અંગત છે. આ ઉપરાંત અગાઉની શિબિરમાં પણ ગેરહાજરી મુદ્દે પણ સ્પષ્ટતા કરતા સૂત્રોએ જણાવ્યું કે, તે સમયે તેમના કાકા હૉસ્પિટલમાં હતા અને સિરિયસ હતા. અને તે મુદ્દે પ્રતાપ દૂધાતે ઈ મેઈલ કરી જાણ કરી હતી કે તેઓ શિબિરમાં હાજર નહીં રહી શકે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં કૉંગ્રેસના સંગઠનને મજબૂત બનાવવા માટે જૂનાગઢ ખાતે આયોજિત પ્રશિક્ષણ શિબિરમાં રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શહેર-જિલ્લાના પ્રમુખોની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી હતી. ૧૦ સપ્ટેમ્બરના રોજ શિબિરના ઉદઘાટન સમયે તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ૪૧ શહેર અને જિલ્લા પ્રમુખોમાંથી ૯ પ્રમુખના નબળા પ્રદર્શન અંગે નારાજગી વ્યક્ત કરી હતી અને તેમને પર્ફોર્મન્સ સુધારવા માટે ૯૦ દિવસનું અલ્ટિમેટમ આપ્યું છે. જો તેઓ આ સમયગાળામાં કામગીરીમાં સુધારો નહીં કરે તો તેમને પદ પરથી હટાવી દેવામાં આવશે, એવી ચેતવણી પણ આપી હતી. ■

# અમદાવાદ સ્ટેશને અમુક ટ્રેનોના સ્ટોપેજ ફરી શરૂ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવેના અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા પુનઃવિકાસ કાર્યને કારણે, કેટલીક ટ્રેનોના ટર્મિનલને અમદાવાદથી અસ્થાયી રૂપે મણિનગર, વટવા અને અસારવા સ્ટેશનો પર શિફ્ટ કરવામાં આવ્યા હતા. હવે આમાંથી કેટલીક મુખ્ય ટ્રેનો ફરીથી અમદાવાદ સ્ટેશનથી સંચાલિત કરવામાં આવી રહી છે, જ્યારે કેટલીક ટ્રેનોનું સ્ટોપેજ આગામી કેટલાક દિવસો સુધી સાબરમતી સ્ટેશન પર યથાવત રહેશે.

અમદાવાદ - એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ નવજીવન એક્સપ્રેસ, એમજીઆર ચેન્નાઈ સેન્ટ્રલ - અમદાવાદ નવજીવન એક્સપ્રેસ, અમદાવાદ મુંબઈ સેન્ટ્રલ એસી ડબલ ડેકર એક્સપ્રેસ, અમદાવાદ વલસાડ ગુજરાત ક્વીન એક્સપ્રેસ, મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ ગુજરાત એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર આગમન /પ્રસ્થાન કરશે. જ્યારે મુંબઈ સેન્ટ્રલ અમદાવાદ ડબલ ડેકર એક્સપ્રેસ મણીનગરથી પ્રસ્થાન કરશે. ■

# જીએસટીમાં ધરખમ ફેરફાર છતાં અમૂલ દૂધના ભાવ નહીં ઘટે, ડેરીના એમડીએ સ્પષ્ટતા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જીએસટી કાઉન્સિલની ૩ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી ૫૬મી બેઠકમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) દરોને બે સ્લેબમાં તર્કસંગત બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં હાલના ૧૨ ટકા અને ૨૮ ટકા દરોને મર્જ કરવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારના આ પગલાથી લોકોમાં જીવન જરૂરિયાતની ચીજોના ભાવ ઘટશે તેની આશા બંધાણી છે. જેમાં અમૂલ ડેરી બ્રાન્ડ્સના પાઉચ મિલ્કના ભાવમાં પણ ઘટશે તેવી શક્યતા હતી. જો કે અમુલ ઉત્પાદનોનું માર્કેટિંગ કરતી ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ)ના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ જણાવ્યું હતું કે, દૂધના ભાવ ઘટવાની કોઈ શક્યતા નથી. તેમણે સ્પષ્ટતા કરી હતી કે, તાજા પાઉચ મિલ્કના ભાવમાં કોઈ ફેરફાર સૂચવવામાં આવ્યો નથી કારણ કે જીએસટીમાં કોઈ ઘટાડો થયો નથી. પાઉચ મિલ્ક પર હંમેશાં શૂન્ય ટકા જીએસટી રહ્યો છે.

વિવિધ મીડિયા અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે, ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવનારા નવા જીએસટી દરો પછી, પેકેજ્ડ દૂધ પ્રતિ લિટર ભાવ ૩ થી ૪ રૂપિયા સુધી ભાવ ઘટી શકે છે. જો કે આ બાબતે અમૂલ તરફથી સ્પષ્ટતા કરવામાં આવતા હવે આ મુદ્દે પૂર્ણવિરામ આવી ગયું છે.

જોકે, મહેતાએ વધુમાં જણાવ્યું હતું કે મીડિયા અહેવાલો ખોટા છે કારણ કે પાઉચ મિલ્ક હંમેશાં જીએસટીમાંથી મુક્તિ આપવામાં આવી છે. ■

# અમૂલ ડેરી નિયામક મંડળની ચૂંટણીનું પરિણામ જાહેરઃ ભાજપને ૧૧ બેઠક, કૉંગ્રેસને બે પર જ જીત

અમદાવાદઃ ગુજરાતના સહકારી ક્ષેત્રની અગ્રણી આણંદ સ્થિત અમૂલ ડેરીના નિયામક મંડળની ચૂંટણીમાં ભાજપે પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. આ ચૂંટણીમાં કુલ ૧૨ બ્લોક પૈકી ૪ બ્લોકમાં ભાજપના ઉમેદવારો બિનહરીફ થયા હતા. જ્યારે ગત તારીખ ૧૦ સપ્ટેમ્બરે ચૂંટણી યોજાયેલી ચૂંટણીમાં બાકીના ૮ બ્લોક તેમજ વ્યક્તિગત સભાસદની ૧ બેઠક માટે ૯૭.૪૮ ટકા મતદાન નોંધાયું હતું.

શુક્રવારે યોજાયેલી મતગણતરીમાં ભાજપે ૯ માંથી ૭ બેઠકો પર વિજય મેળવ્યો હતો. આમ, કુલ ૧૩ માંથી ૧૧ બ્લોકમાં વિજય સાથે ભાજપ અમૂલમાં કબ્જો જમાવવામાં સફળ રહ્યું છે. આ પરિણામથી અમૂલ ડેરીના નિયામક મંડળમાં ભાજપનું પ્રભુત્વ સ્થાપિત થયું છે. પરિણામની જાહેરાત બાદ ભાજપના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ છવાયો હતો.

### કોને કેટલા મત?

આણંદ - કાંતિભાઈ સોઢાપરમાર - ૭૯ મત મળ્યાં (૫૧ મતથી વિજય),ખંભાત - રાજેન્દ્રસિંહ બળવંતસિંહ પરમાર - ૮૪ મત મળ્યાં (૬૫ મતથી વિજય),પેટલાદ - બીનાબેન તજસકુમાર પટેલ - ૮૩ મત મળ્યાં (૭૮ મતથી વિજય),નડિયાદ - વિપુલભાઈ કાંતિભાઈ પટેલ - ૮૩ મત મળ્યાં (૬૦ મતથી વિજય),કઠલાલ - ઘેલાભાઈ માનસિંહ ઝાલા- ૭૯ મત મળ્યાં (૫૪ મતથી વિજય),માતર - ભગવતસિંહ કાળીદાસ પરમાર - ૫૩ મત મળ્યાં (૩૫ મતથી વિજય),વ્યક્તિ સભાસદ - વિજયભાઈ ફુલાભાઈ પટેલ - ૪ મત મળ્યાં (૧ મતથી વિજય),ઠાસરા - પ્રિયાબેન કૃણાલસિંહ પરમાર - બિનહરીફ,બાલાસિનોર - રાજેશભાઈ પાઠક - બિનહરીફ,મહેમદાવાદ - ગૌતમભાઈ ચૌહાણ - બિનહરીફ,વિરપુર - શાભેસિંહ પરમાર - બિનહરીફનો સમાવેશ થાય છે.

જ્યારે કૉંગ્રેસના વિજેતા ઉમેદવારોમાં બોરસદ- રાજેન્દ્રસિંહ ધીરસિંહજી પરમાર- ૫૨ મત મળ્યાં (૧૨ મતથી વિજય),કપડવંજ-ભુરાભાઈ લક્ષ્મણભાઈ સોલંકી - ૬૧ મત મળ્યાં (૧૧ મતથી વિજય) જીતવામાં સફળ રહ્યા હતા. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# પ્રભાદેવીમાં શિવસેનાના બે જૂથના કાર્યકરો બાખડ્યા

મુંબઈ: પ્રભાદેવી વિસ્તારમાં સુશોભીકરણના કામનો લાભ લેવાને મુદ્દે શિવસેનાના બે જૂથના કાર્યકરો શુક્રવારે બાખડી પડ્યા હતા. આ કામ પોતાના પક્ષે કર્યું છે એવું કહીને બંને જૂથ લાભ ખાટવા માગતા હતા, જેને કારણે કાર્યકરો સામસામે આવી ગયા હતા.

પોલીસે ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેના કાર્યકરો વિરુદ્ધ બિનદખલપાત્ર ગુનો દાખલ કર્યો હતો.

બંને જૂથના કાર્યકરો શુક્રવારે સામસામે આવી ગયા હતા અને સુશોભીકરણના કામનું શ્રેય લેવા માટે તેમની વચ્ચે ઝઘડો થયો હતો. આ કામનો કોન્ટ્રેક્ટ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવ્યો હતો.

પ્રભાદેવી સર્કલ પર આ મામલે મોટી સંખ્યામાં કાર્યકરો ઊમટી પડ્યા હતા. (પીટીઆઇ) ■

# સંસ્થા સમાચાર

## આઈડીયુવીએસ, ભાંડુપ સ્કૂલમાં રિ-યુનિયન યોજાયું



૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ, આઈડીયુવીએસ સ્કૂલ ઇંગ્લિશ મીડિયમના ૧૯૮૮ બેચના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકો અને વિદ્યાર્થીઓનું ૩૭ વર્ષ પછી પુનર્મિલન યોજાયું હતું.

રૂપેશ આર. સલવી અને બદ્રીનાથના સહયોગથી આ કાર્યક્રમ સફળ બન્યો. શિક્ષિકા શાંતાબેનને કેરળથી અને પ્રમિલા કિશોરને પુણેથી લાવવામાં આવ્યા હતા. અન્યો દુબઈ, જયપુર, અમદાવાદ અને મુંબઈથી આવ્યા હતા.

બે સફળ એર ફોર્સ અધિકારી કિરણ દહિતુલે, દીપક વર્મા, બે સફળ ડૉક્ટરો સચિન કોલહે અને અજય સિંઘ ,બે સીએ વિનોદ, જ્યોતિ અંચન તથા મહાવિતરણના મુખ્ય ઇજનેર ચંદ્રમની મિશ્રાની સાથે વેપાર જગતના સફળ મિત્રો સહિત બધાજ શિક્ષકોનો સત્કાર કરવામાં આવ્યો હતો.

## જિનવાણીની સરિતા

પૂ. આચાર્યદેવ શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ ગુરુદેવ આચાર્ય શ્રી વિજય તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સાના ઓજસ્વી શિષ્ય પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા આદિ ઠાણા-૫નું ચાતુર્માસ થાણા (પ)ના શ્રી વાગડ વિસા ઓસવાલ શ્વે. મૂર્તિ તપાગચ્છ, જૈન સંઘનાં પૂ. કલાપૂર્ણસૂરિ મામા-ભાણેજ આરાધના ભવનમાં ચાલી રહ્યું છે. પર્યુષણ પર્વ દરમિયાન પ્રતિક્રમણ, વિવિધ ભક્તિના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

## કાલસર્પ ગ્રહશાંતિ અનુષ્ઠાન સંપન્ન

ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મહારાજ અને સંગઠન પ્રેમી પ.પૂ.આ. દેવ શ્રી નિત્યોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના દિવ્ય આશિષ સાથે ૧૫૩ જૈન મંદિરોના પ્રતિષ્ઠાકારક, શ્રી નાકોડા ભૈરવ દર્શન ધામ મહાતીર્થ (ઢેકાલે)ના પ્રેરક પ.પૂ. આચાર્ય શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા. પ. પ્રવર્તક મુનિરાજ શ્રી હરિશ્ચન્દ્રસાગરજી મ.પૂ. કાર્યદક્ષ મુનિવર શ્રી મનનચન્દ્રસાગરજી મ. આદિ પૂ. વિદૂષી સાધ્વીજી શ્રી કલ્પિતાશ્રીજી મ. અને શ્રી ચારુતાશ્રીજી મ.(બેન મ.) આદિનો આત્મોત્થાનકારી વર્ષાવાસ સુખશાતામાં કરીરોડના અવિઘ્ન એસ્ટેટમાં ચાલી રહ્યો છે.તેઓની નિશ્રામાં શ્રી કાલસર્પ ગ્રહશાંતિ અનુષ્ઠાન સંપન્ન થયો.

## શ્રી નાકોડા પાર્શ્વ ભૈરવ મહાપૂજનનું આયોજન

મુંબઈમાં સર્વપ્રથમ સ્થપાયેલા જૈન મંદિર અને ગચ્છાધિપતિ પૂ. દાદાગુરુદેવ આચાર્ય શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબની કાળધર્મ પામ્યા ભૂમિમાં રાષ્ટ્રસંત, મહામાંગલિકસમ્રાટ પૂ. આચાર્ય શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા.ના ઓજસ્વી શિષ્ય પ.પૂ. મુનિરાજ શ્રી નિપૂર્ણચંદ્રસાગરજી મ.સા. આદિ ઠાણાનો મુંબઈના બોરાબજારના શ્રી શાંતિનાથજી જૈન દેરાસરના શ્રી કોટ તપાગચ્છ મૂર્તિ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશ થયો.

રવિવાર ૭ સપ્ટેમ્બરે પ.પૂ. મુનિરાજ શ્રી નિપૂર્ણચંદ્રસાગરજી મ.સા.ની નિશ્રામાં શ્રી નાકોડા પાર્શ્વ ભૈરવ મહાપૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઓનમની ઉજવણી

રોટરી ડિસ્ટ્રીક્ટ ક્લબ ઑફ મુંબઈ કાંદીવલી વેસ્ટ દ્વારા ઓનમની પારંપરિક ઉજવણી કરવામાં આવી હતી. એમાં અનેક લોકો હાજર હતાં. એ પ્રસંગે બધાએ પારંપિરક પહેરવેશ પહેર્યો હતો. લોકનૃત્ય, લોક સંગીતની સાથે હાજર લોકોએ દક્ષિણ ભારતીય ભોજનનો પણ સ્વાદ માણ્યો હતો.

## કવિ પ્રદીપને શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ સંપન્ન

રાષ્ટ્રકવિ પ્રદીપજીની ૧૧૦મી જન્મ શતાબ્દિની ઉજવણી કલા ગુર્જરી (સ્થાપક સંસ્થા) દ્વારા કરવામાં આવી હતી. ‘આઝાદીનો મહોત્સવ’ નામના યાદગાર અને ભાવનાત્મક કાર્યક્રમમાં પ્રદીપજીના વ્યક્તિત્વની ઝલક આપતા દુર્લભ અને હૃદયસ્પર્શી વર્ણન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અનેક લોકોએ હાજરી આપી હતી.

## અંધશ્રદ્ધા નિવારવા જનજાગૃતિ કાર્યક્રમ

કચ્છ બિદડા કડવા પાટિદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ ઉપક્રમે એક દિવસીય કાર્યક્રમનું આયોજન કરીને અંધશ્રદ્ધા નિવારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ૭ સપ્ટેમ્બરે આયોજિત આ કાર્યક્રમમાં લોકોને જાગૃત કરવામાં આવ્યાં કે કઈ રીતે ભોળા લોકોને છેતરવામાં આવે છે. ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારથી ચેતો કાર્યક્રમને લોકોનો બહોળો પ્રતિસાદ મળ્યો.

## સમૂહ મંગળા ગૌરી વ્રતનું આયોજન

અનાવિલ સન્નારી ચેરિટેબલ ટ્રસ્ટ ગ્રૂપ દ્વારા વાપીસ્થિત અનાવિલ હૉલમાં સમૂહ મંગળા ગૌરી વ્રતનું વિધિપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. એ દરમિયાન વીસ નાની બાલિકાઓએ બ્રાહ્મણોના માગદર્શન હેઠળ વ્રતનું પાલન કર્યું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટના મેમ્બર્સે આર્થિક મદદ કરી હતી.

## રાસ ગરબા

રૉક એન્ડ રૉલ આયોજિત ‘ગરબા રાસ તો બારે માસ’ કાર્યક્રમનું આયોજન ૧૪ સપ્ટેમ્બરે કરવામાં આવ્યું છે. ભારતીય વિદ્યા ભવન-ચોપાટી ખાતે બપોરે સાડા ત્રણ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. ગોંડલના કલાકારો એમાં રમઝટ બોલાવશે. ■

પાચમાં પાનાનું ચાલુ

## કટોકટીનો સમય

ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા તેને તોડી પાડીને તેની જગ્યાએ નવો ડબલ ડેકર બ્રિજ બાંધવામાં આવવાનો છે. આ કામ માટે લગભગ ૨૦ મહિનાનો સમય લાગવાની શક્યતા છે. બ્રિજને બંધ કરી દેવામાં આવ્યા બાદ ટ્રાફિક ડિપાર્ટમેન્ટ દ્વારા ટ્રાફિક રૂટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. દાદર પૂર્વથી દાદર પશ્ચિમ તરફ અને દાદર માર્કેટ તરફ જનારા વાહનોએ ટિળક બ્રિજનો ઉપયોગ કરવો પડશે. પરેલ પૂર્વથી પ્રભાદેવી અને લોઅર પરેલ જનારા વાહનચાલકોને કરી રોડનો બ્રિજ સવારના સાતથી બપોરના ત્રણ વાગ્યા સુધી વાપરી શકશે. પરેલ, ભાયખલા પૂર્વથી પ્રભાદેવી, વરલી, કોસ્ટલ રોડ અને વરલી સી લિંક દિશા તરફ જનારા વાહનોને ચિંચપોકલી બ્રિજનો ઉપયોગ કરવો પડશે. દાદર પશ્ચિમથી દાદર પૂર્વ તરફ જનારા વાહન ચાલકોને ટિળક બ્રિજનો ઉપયોગ કરવો પડશે. પ્રભાદેવી અને લોઅર પરેલ પશ્ચિમ તરફથી પરેલ, ટાટા હૉસ્પિટલ, કેઈએમ હૉસ્પિટલ જનારા વાહન ચાલકોને કરી રોડ બ્રિજનો ઉપયોગ બપોરના ત્રણથી રાતના ૧૧ વાગ્યા સુધી કરી શકશે. કોસ્ટલ રોડ અને વરલી સી લિંક તેમ જ પ્રભાદેવી, વરલી તરફથી પરેલ, ભાયખલા પૂર્વ જનારા વાહન ચાલકોને ચિંચપોકલી બ્રિજનો ઉપયોગ કરવો પડશે. લોઅર પરેલના મહાદેવ પાલવે રોડ પરનો કૃષ્ણા દેસાઈ ચોકથી શિંગટે માસ્ટર ચોક તરફનો ટ્રાફિક સવારના સાતથી બપોરના ત્રણ વાગ્યા સુધી વન વે રહેશે. મહાદેવ પાલવ રોડ પરનો શિંગટે માસ્ટર ચોકથી કૃષ્ણા દેસાઈ ચોક તરફનો ટ્રાફિક બપોરના ત્રણથી રાતના ૧૧ વાગ્યા સુધી વન વે રહેશે. મહાદેવ પાલવે રોડ પર બંને તરફની લેન રાતના ૧૧ થી સવારના સાત વાગ્યા સુધી ટ્રાફિક માટે ખુલ્લી રહેશે. ■

## કંડલાથી

આવી રહેલા વિમાનમાં આ સમસ્યા થઇ હતી. મુંબઈ એરપોર્ટ પર વિમાને સુરક્ષિત રીતે લેન્ડિંગ કર્યું હતું. તમામ ક્રૂ મેમ્બર અને પેસેન્જર્સ પણ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું હતું. સ્પાઇસજેટના આ વિમાનમાં કુલ ૭૫ મુસાફરો સવાર હતા. ઘટનાની વાત કરવામાં આવે તો, કંડલાથી મુંબઈ જઈ રહેલા સ્પાઈસજેટ ક્યુ૪૦૦ વિમાનનું બહારનું વ્હીલ ટેકઓફ પછી રનવે પર મળી આવ્યું હતું. છતાં વિમાને મુંબઈની સફર ચાલુ રાખી અને સુરક્ષિત રીતે લેન્ડિંગ કરાવ્યું હતું. આ મામલે સ્પાઇસજેટના પ્રવક્તાએ કહ્યું હતું કે સ્પાઇસજેટ ક્યુ૪૦૦ વિમાને કંડલાથી મુંબઈ જવા માટે ઉડાન ભરી હતી. આ દરમિયાન તેનું એક ટાયર રનવે પરથી મળી આવ્યું હતું. વિમાનનું ટાયર કઈ રીતે છુટ્ટું પડી ગયું તેની તપાસ ચાલી રહી છે. જો કે, વિમાને મુંબઈ એરપોર્ટ પર પહોંચીને સુરક્ષિત રીતે લેન્ડિંગ કરી લીધું હતું. વિમાન ટર્મિનલ પર પહોંચ્યું અને બધા મુસાફરો સુરક્ષિત રીતે ઉતરી ગયાં હતાં. આમાં કોઈ જાનહાનિ સર્જાઈ હોવાના અહેવાલ મળ્યા નથી. ■

## મંત્રાલય પાસે

જણાવ્યા મુજબ ચર્ચગેટમાં મંત્રાલયના પ્રવેશદ્વાર એક સામે મેડમ કામ રોડ પર ૬૦૦ મીમી ડાયામીટરની પાઈપલાઈનમાં સવારના ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ભંગાણ પડ્યું હતું. પાઈપલાઈનમાં થઈ રહેલા ગળતરને કારણે મોટા પ્રમાણમાં પાણી રસ્તા પર આવી ગયું હતું. ભારે માત્રામાં પાણીનું ગળતર થવાને કારણે રસ્તો પણ ધસી પડયો હતો, તેને કારણે ટ્રાફિકને ડાઈવર્ટ કરવામાં આવ્યો હતો. પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. તે માટે ચર્ચગેટ, કોલાબા સહિતના વિસ્તારમાં તેમ જ મંત્રાલય, વિધાનભવન સહિતની અનેક સરકારી ઓફિસમાં પાણીની મોકાણ થઈ ગઈ હતી. આ વિસ્તારમાં અનેક સરકારી અને ખાનગી ઓફિસ હોવાને કારણે આખો દિવસ પાણીની તકલીફ રહી હતી. પાણીપુરવઠા વિભાગ દ્વારા મોડે સુધી પાઈપલાઈનનું સમારકામ ચાલ્યું હતું. પાણીપુરવઠા વિભાગના અધિકારીના જણાવ્યા આજે પણ દક્ષિણ મુંબઈના પોશ વિસ્તાર ગણાતા કફ પરેડ, કોલાબા, ગીતા નગર, જી.ડી. સોમાણી રોડ, કોલાબા કોલીવાડા, જેવા વિસ્તારમાં પાણીપુરવઠો બંધ રહેશે. સમારકામ બાદ તબક્કાવાર પાણીપુરવઠો ચાલુ કરવામાં આવશે. ■

## તહેવારોમાં જ

જવાબદાર છે, જેમાં ટેકનિકલ ખામીનું કારણ મુખ્ય હોય છે. કુર્લા-વિદ્યાવિહારના કોરિડોરમાં ખાસ તો રેલવે ટ્રેકમાં તિરાડ પડવાને કારણે ટ્રેનસેવા પર મેજર અસર થઈ હતી, જ્યારે આ દિવસોમાં મેઈન્ટેનન્સનું પણ કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું. રેલવે પ્રવાસી સંગઠને જણાવ્યું હતું કે રેલવે ફક્ત મેઈન્ટેનન્સના નામે હાથ ઊંચા કરી લે છે, પરંતુ પરંપરાગત કામકાજ મુદ્દે આંખ આડા કાન કરે છે. પ્રવાસીઓને સૌથી વધુ હાલાકી તો એસી લોકલની છે. એસી લોકલ આવ્યા પછી મુંબઈના કોરિડોરમાં સૌથી વધુ નોન-એસીમાં ટ્રાવેલ કરનારા લોકોને પડે છે. એક એસી લોકલની સામે ત્રણ લોકલને લેટમાર્ક લાગતો હોય છે, પરંતુ એનો ઉકેલ હજુ સુધી રેલવેને મળતો નથી. અનંત ચતુર્દશીના દિવસે મેગા બ્લોક રદ કરવામાં આવ્યો હોવા છતાં ટ્રેનો રદ કરવામાં આવી રહી હતી. ગત રવિવારે ૨૦૦ ટ્રેન રદ કરવામાં આવી હતી. આ મુદ્દે છેલ્લા દસ દિવસમાં સૌથી વધુ લોકલ સાતમી સપ્ટેમ્બરે (૨૦૦) કરી હતી, ત્યાર પછી છ સપ્ટેમ્બર ૭૨ હતી. ઉપરાંત પહેલી સપ્ટેમ્બરે ૬૮, બીજીના ૫૬, ત્રીજીના ૬૬, ચોથીના ૬૫, પાંચમી ૬૦, આઠમી ૬૯, નવમીના ૬૬ અને દસમી સપ્ટેમ્બરના ૫૪ ટ્રેન રદ કરવામાં આવી હતી. અહીં એ જણાવવાનું કે મધ્ય રેલવેમાં હાર્બર અને મેઈન લાઈન મળીને રોજના ૧,૮૦૦થી વધુ ટ્રેન દોડાવવામાં આવે છે, જ્યારે ૪૦ લાખથી ઓછા પ્રવાસી રોજ ટ્રાવેલ કરે છે. ■

## સાત સમુદ્ર પાર

વડા મોહન ભાગવતે આ માટે અમેરિકાને ઠપકો આપ્યો હતો. નાગપુરમાં એક કાર્યક્રમમાં બોલતા આરએસએસ વડા ભાગવતે કહ્યું કે જો મનમાં પોતાપણું હોય તો સુરક્ષાનો કોઈ પ્રશ્ન આવતો નથી, કારણ કે કોઈ આપણું દુશ્મન નથી. જો ભારત પ્રગતિ કરશે, તો આપણી સ્થિતિ શું થશે,આપણું શું થશે, દુનિયાના કેટલાક દેશોના મનમાં આ ડર હોવાથી, તેઓ આપણા પર ટેરિફ લાદી રહ્યા છે. ભૂતકાળમાં સ્વતંત્રતા પછીના સમયમાં વિવિધ વિચારધારા ધરાવતા લોકોએ પણ ભારતને શક્તિશાળી અને મહાન બનાવવાનો પ્રયાસ કર્યો. તેમનો ઉદ્દેશ્ય ભારતને મહાન બનાવવાનો હતો જેથી આપણે વિશ્વને કંઈક આપી શકીએ. ભારતને કંઈ બનવાની જરૂર નથી. ■

## ભાંડુપ પૂર્વ

શરૂ કરવામાં આવવાનું છે. ભાંડુપ પશ્ચિમમાં એલબીએસ માર્ગથી ભાંડુપ પૂર્વમાં રેલવે સ્ટેશન પાસે વીર સાવરકર માર્ગને આ બ્રિજ જોડશે. અગાઉ અહીં રેલવે ક્રોસિંગ હતો જે લગભગ ૨૦૦૦ની સાલની શરૂઆતમાં બંધ કરી દેવામાં આવ્યો હતો ત્યારથી સ્થાનિક રહેવાસીઓ પૂર્વ અને પશ્ચિમને જોડનારા સીધા લિંક રોડની માગણી કરી રહ્યા હતા. છેવટે વર્ષોની માગણી બાદ બંધ થયેલા ક્રોસિંગથી ૧૦૦ મીટર દૂર આ બ્રિજને બાંધવાની પાલિકાએ યોજના બનાવી છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આ બ્રિજ ભાંડુપ પશ્ચિમમાં સ્ટેશન નજીકથી શરૂ થશે અને પૂર્વમાં મેનન કોલેજ નજીક નીકળશે. ભાંડુપ પશ્ચિમમાં પિયરનું બાંધકામ શરૂ થવાનું છે જ્યારે પૂર્વમાં હજી અતિક્રમણ, ઝાડ-ઝાંકરાને દૂર કરવા સહિત મીઠા આગરની જમીનનું સંપાદન સંબંધિત મંજૂરીઓની રાહ જોવામાં આવી રહી છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ આ પુલ કુલ ૫૩૦ મીટર લંબાઈનો હશે, જેમાં ૮૯ મીટરનો પટ્ટો સીધો રેલવે ટ્રેક પર હશે. પૂર્વ બાજુએ ૨૩૩.૫૦ મીટર અને પશ્ચિમ બાજુએ ૨૦૭.૩૦ મીટર લાંબો હશે. તેમ જ ટ્રાફિકની ત્રણ લેન રહેશે. માળખાકીય રીતે બ્રિજમાં કુલ ૧૪ સ્પાન હશે. પૂર્વ બાજુએ સાત, પશ્ચિમ બાજુએ પાંચ અને રેલવે લાઈન પર બે સ્પાન હશે. આ પ્રોજેક્ટ ૨૦૨૭ના મધ્ય ભાગ સુધીમાં પૂરો કરવાનું પાલિકાએ લક્ષ્યાંક રાખ્યું છે. ■

## ઓબીસી યુવકની

હતો. પોલીસના જણાવ્યા મુજબ, ભરત કરાડ (૩૫)એ બુધવારે સાંજે માંજરા નદીમાં કૂદીને આત્મહત્યા કરી હતી.

કોંગ્રેસ વિધાનસભા પક્ષ (સીએલપી)ના નેતા વડેટ્ટીવારે જણાવ્યું હતું કે કરાડે એક નોંધ છોડી છે જેમાં જણાવ્યું હતું કે તેઓ સરકારના નિર્ણયના વિરોધમાં પોતાનું જીવન સમાપ્ત કરી રહ્યા છે, જે તેમના મતે ઓબીસીના અનામત અધિકારોને નુકસાન પહોંચાડશે.

‘આ એક દુઃખદ ઘટના છે. આ જીઆર જારી કરીને, સરકારે ઓબીસી પર અન્યાય કર્યો છે. તેઓ એવો દાવો કરે છે કે ઓબીસીની અનામતને અસર થશે નહીં, પરંતુ વાસ્તવમાં, તે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. મહાયુતિ સરકાર આ આત્મહત્યા માટે જવાબદાર છે,’ એમ વડેટ્ટીવારે એક નિવેદનમાં જણાવ્યું હતું. તેમણે એવી માગણી કરી હતી કે, જીઆર તાત્કાલિક પાછો ખેંચી લેવામાં આવે અને ચેતવણી આપી હતી કે યુવાનોમાં વધી રહેલા રોષને હિંસક રીતે ભડકવા દેવો જોઈએ નહીં. ‘કરાડનું બલિદાન વ્યર્થ નહીં જાય. જ્યાં સુધી આ જીઆર રદ ન થાય અને પાછલા દરવાજેથી પ્રવેશ બંધ ન થાય ત્યાં સુધી અમે લડતા રહીશું. તે જ સમયે, હું યુવાનોને આત્મહત્યા ન કરવાની અપીલ કરું છું,’ એમ વડેટ્ટીવારે કહ્યું હતું. ■

## અસરગ્રસ્તોનું

નિર્માણ માટે એલ્ફિન્સ્ટન બ્રિજ તોડી પાડવામાં આવશે. પિલર ઊભા કરતી વખતે બે ઇમારતો, લક્ષ્મી નિવાસ અને હાજી નૂરાની ચાલ, અસરગ્રસ્ત થશે. આ બે ઇમારતોના રહેવાસીઓએ મ્હાડા પાસે ઉપલબ્ધ ફ્લેટમાં જ પુનર્વસનની માગણી કરી હતી. તે મુજબ, નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ મ્હાડાની આસપાસના વિસ્તારોમાં ફ્લેટમાં પુનર્વસન કરવાના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે. લક્ષ્મી નિવાસ બિલ્ડિંગમાં ૬૦ પ્રોજેક્ટ પીડિતો અને હાજી નૂરાની ચાલમાં ૨૩ પ્રોજેક્ટ પીડિતો સહિત કુલ ૮૩ પ્રોજેક્ટ પીડિતોનું હવે આ જ વિસ્તારમાં પુનર્વસન કરવામાં આવશે.

અગાઉ, આ પ્રોજેક્ટ માટે કુલ ૧૯ ઇમારતોને અસર થવાની હતી. પરંતુ એમએમઆરડીએએ ૧૭ ઇમારતોને પ્રોજેક્ટના રૂટથી અસર ન થાય તે માટે માળખાકીય ફેરફારો કર્યા હતા અને રૂટ બદલ્યો હતો. આનાથી રહેવાસીઓના પુનર્વસનમાં સરળતા જ નહીં, પરંતુ પુનર્વસન પર થનારો ૫૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ પણ બચ્યો છે. ઉપરાંત, આ નિર્ણય પ્રોજેક્ટને ઝડપી બનાવશે અને તેને નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાની મંજૂરી આપશે. પુનર્વસનના માપદંડઃ ૩૦૦ ચોરસ ફૂટથી ઓછા વિસ્તાર ધરાવતા મકાનમાલિકો + ૩૫ ટકા વધારાનો વિસ્તાર = કુલ ૪૦૫ ચોરસ ફૂટના ફ્લેટ આપવામાં આવશે. ૩૦૦થી ૧૨૯૨ ચોરસ ફૂટ વિસ્તાર ધરાવતા ઘરમાલિકોને હાલના વિસ્તાર + ૩૫ ટકા વધારાના વિસ્તારનું નવું ઘર આપવામાં આવશે. ■

## શિવસેનાએ

નિવેદન હવે મોટો વિવાદ ઉભો કરી રહ્યું છે.

શિવસેનાનું એક પ્રતિનિધિમંડળ મુંબઈના પોલીસ કમિશનર દેવેન ભારતીને મળ્યું અને રાઉત સામે કડક કાર્યવાહીની માગણી કરી હતી. આરોપ છે કે રાઉતના નિવેદનો માત્ર ઉશ્કેરણીજનક જ નથી, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સીધી ધમકી આપવાનો પ્રયાસ પણ છે.

શિવસેનાના મતે, લોકશાહીમાં જનતાનો વિશ્વાસ ગુમાવ્યા બાદ, રાઉત વારંવાર અરાજકતાના માર્ગે ચાલી રહ્યા છે. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે રાઉત લોકશાહીના ચારેય સ્તંભો - ચૂંટણી પંચ, ન્યાયતંત્ર, મીડિયા અને વહીવટીતંત્રમાં અવિશ્વાસ દર્શાવીને સમાજમાં અસ્થિરતા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. નેપાળની જેમ ભારતમાં પણ હિંસા ફેલાવવાની ધમકી આપનાર નેતા સામે કાર્યવાહી થવી જોઈએ, એવી પણ માગણી એક નિવેદન દ્વારા કરવામાં આવી હતી. આ પ્રતિનિધિમંડળમાં રાજ્યસભાના સાંસદ મિલિંદ દેવરા, શિવસેનાના સચિવ સંજય મોરે, વિધાનસભ્ય તુકારામ કાતે, ભૂતપૂર્વ સાંસદ સંજય નિરુપમ, ભૂતપૂર્વ વિધાનસભ્ય શિશિર શિંદે, પ્રવક્તા શીતલ મ્હાત્રે અને અન્ય ઘણા પદાધિકારીઓ હાજર હતા. હવે રાઉતના નિવેદનો પર પોલીસ વહીવટીતંત્ર શું પગલાં લે છે તેના પર છે. ■

## દિલ્હી હાઇ કોર્ટમાં

પછી મીડિયાને જણાવ્યું હતું કે, આ બોમ્બ ધમકી ખોટી હતી. તેમણે કહ્યું કે, અમે ઈમેલની તપાસ કરી છે અને તે ખોટો નીકળ્યો છે. આ ધમકી અને છેલ્લા કેટલાક અઠવાડિયામાં શાળાઓને મળેલી બોમ્બ ધમકીઓ વચ્ચે કોઈ સંબંધ નથી તેવી સ્પષ્ટતા પણ તેમણે કરી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈમેલમાં દાવો કરવામાં આવ્યો હતો કે દિલ્હી હાઈકોર્ટમાં આજના વિસ્ફોટથી અગાઉની પોકળ ધમકીઓ અંગેની તમામ શંકાઓ દૂર થઈ જશે. ■

# જૈન મરણ

### વિસા શ્રીમાળી જૈન

શાંતિનાથની પોળ પાટણ હાલ ભાયંદર, સ્વ. રાજેન્દ્ર જેશંગલાલ શાહ (ઉં.વ. ૭૦) તે સ્વ. શાંતાબેન તથા સ્વ. જેશંગલાલ મંગળચંદ શાહના પુત્ર. ગીતાબેનના પતિ. સ્વાતિ અને પંકિતાના પિતાશ્રી. સ્વ. ચંદ્રકાન્ત શાહના ભાઈ. સ્વ. અંજનાબેનના દિયર. મારફતિયા મહેતાના પાડાના સ્વ. કંચનબેન જશવંતલાલ શાહના જમાઈ. ગુરૂવાર, તારીખ ૧૧ સપ્ટેંબર ૨૦૨૫, અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### પાટણ વિસા શ્રીમાળી જૈન

કનાસાના પાડાના હાલ ગોરેગામ, શ્રીમતી રંજનબેન (ઉં.વ. ૮૨) તે ભૂપેન્દ્રભાઈના પત્ની. સ્વ. સરસ્વતિબેન અને સ્વ. હિરાલાલ ખુબચંદ લાદીવાળાના પુત્રવધૂ. સ્વ. વિમલાબેન તથા સ્વ. ઇન્દુમતિબેન અને સ્વ. કાંતિલાલ વલમજીના પુત્રી. હેમાંગ અને ફાલ્ગુનીના માતુશ્રી. બેલાબેન, પારસભાઈ કોઠારીના સાસુ. સિઆ, પરીની અને જિવિનના દાદી/નાની. શુક્રવાર, તા. ૧૨ સપ્ટેંબર ૨૦૨૫ અરિહંતશરણ પામેલ છે. ૨૪૦/૪, ભરત પેલેસ, ગ્રાઉન્ડ ફ્લોર, રોડ નં. ૧૫, જવાહર નગર, ગોરેગાંવ વેસ્ટ.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

મુંદ્રા હાલે ગાંધીધામ ભારતી મહેશ કેનીયા (ઉં.વ. ૫૭) તા. ૧૦-૯-૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. જવેરબેન તલકશી કેશવજી કેનીયાના પુત્રવધૂ. ગુંદાલા હાલે પૂના સ્વ. કેશરબેન રામજી રતનશી ગડાના સુપુત્રી. રોહન જીનલના માતુશ્રી. ભરત, જયશ્રીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મહેશ તલકશી, બી-૮૩, અપના નગર, ગાંધીધામ, કચ્છ-૩૭૦૨૦૧.

દેઢિઆ (મંજલિયા) હાલે અમદાવાદના ભરત કેશવજી ગોસર (ઉં.વ. ૬૭) તા. ૧૦-૯-૨૫ના બેંગ્લોરમાં અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી દેવકાબેન કેશવજી કુંવરજીના સુપુત્ર. સ્વ. કમલ, કલ્પનાના પતિ. અવની, અર્પિતાના પપ્પા. સ્વ. દેવચંદ, હીરાવંતી, સ્વ. દમયંતી, લીલા, લતા, હરીશ મુલચંદના ભાઈ. માતુશ્રી સરોજબેન મહેન્દ્રભાઈ એડીવાલા, માતુશ્રી કમલાબેન જીભાઈદાસ પટેલના જમાઈ. પ્રાર્થના : રવિવાર, તા. ૧૪-૯-૨૫ના ૯ થી ૧૧ રાખેલ છે. સ્થળ: શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૫, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

પુનડીના માતુશ્રી જવેરબેન કાંતિલાલ સંગોઈ (ઉં.વ. ૭૯) તા. ૧૦-૯-૨૫ના અવસાન પામ્યા છે. કાંતિલાલના ધર્મપત્ની. રતનબાઈ લાલજી ઉમરશીના પુત્રવધૂ. હિતેશ, કલ્પા, ધર્મેશના માતા. મોટા આસંબિયા લાછબાઈ હીરજી દેવશીના પુત્રી. ખીમજી, તલકશી, પ્રવિણ, મો. ખાખર પાનબાઈ નાગજી, પુનડી સુંદરબેન પ્રેમજી, તલવાણા રૂક્ષ્મણીબેન પ્રેમજી, કોડાય હેમલતા પ્રેમજી, રાયણ મીના હસમુખના બેન. પ્રા : માટુંગા ક.મૂ.શ્વે. જૈન સંઘ : નારાણજી શામજી વાડી (ટા. ૪ થી ૫.૩૦)

ખારૂઆના માતુશ્રી વેલબાઇ માવજી કારાણી (ઉં.વ. ૮૫)નો સંથારો તા. ૧૧-૯-૨૫ના સીઝેલ છે. પાનબાઇ કુંવરજી રાયશીના પુત્રવધૂ. ગુણવંતીના માતુશ્રી. રાયધણજર ખેતબાઇ નાગજી આસુ ગડાના સુપુત્રી. ગાંગજી, દામજી, લક્ષ્મીબેન શીવજી, નરેડી વેજબાઇ હેમરાજના બેન. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : ખુશાલ પાસડ, શ્રી સ્વામી સમર્થ, ડો. આર.પી. રોડ, સતી દેવી મંદિર સામે, મુલુંડ (વે.).

મેરાઉના દામજી દેવજી સંગોઇ (ઉં.વ. ૮૮) તા. ૧૧-૯-૨૫ના અવસાન પામેલ છે. કેસરબાઈ દેવજીના પુત્ર. પ્રભાબેનના પતિ. લહેરચંદ, રાજેશ, પ્રવિણા (શીલા), રેખાના પિતા. ખીમજીના ભાઈ. ડોણ પાનબાઈ કાનજી ચાંપશી છેડાના જમાઈ. પ્રા.શ્રી માટુંગા ક.મૂ.શ્વે. જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા.૪ થી ૫.૩૦.

### દશા શ્રીમાળી સ્થા. જૈન

ગોંડલ નિવાસી હાલ ઘાટકોપર સ્વ.ગૌરીશંકર ન્યાલચંદ કોઠારીના સુપુત્ર ભાનુભાઇ ગૌરીશંકર કોઠારી (ઉં.વ. ૯૫) તા. ૧૧-૯-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે નીરૂબહેનના પતિ. ભરત, મનિષ, નીરજના પિતા. મીના-અમીતા-ઊર્વશીના સસરા. લાભુભાઇ, સ્વ.તનસુખભાઇ, કૌશિકભાઇ, ધીરેનભાઇ, મંજુલાબેન પારેખ, હેમાબેન શાહના ભાઇ. શ્વસુર પક્ષે રમણીકલાલ ચુનીલાલ રૂપાણીના જમાઇ. લૌકીક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

### સુરત વિશા ઓસવાલ જૈન

મુંબઇ નિવાસી હાલ સાયન અ. સૌ. જયોતિબેન (ઉં. વ. ૮૮) તે સુરેન્દ્રભાઇ ભાઇચંદ ઝવેરીના ધર્મપત્ની. નિમીષાબેન સૌરભભાઇ મહેતાના માતા. સૌરભભાઇ સુરેશભાઇ મહેતાના સાસુ. રૂચિતા સાહિલ શાહના નાની. સ્વ. વિમલાબેન કુસુમચંદ ઝવેરીના સુપુત્રી. તથા સ્વ. રમીલાબેન ભાઇચંદ ઝવેરીના પુત્રવધૂ. તા. ૧૧-૯-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

શેડુભાર નિવાસી હાલ મુલુંડ બાબુલાલ દામજીભાઇ વરેડીયાના પુત્ર હિતેશભાઇના ધર્મપત્ની આશાબેન (ઉં. વ. ૫૭) તા. ૧૧-૯-૨૫ના અવસાન પામેલ છે. તે મીત તથા હીરલના માતુશ્રી. તે નિયતી, મિહીરકુમાર પ્રવીણભાઇ નંદુના સાસુ. તે રમેશભાઇ, શારદાબેન હસમુખરાય, હસુબેન સૂર્યકાંત, ઉર્મિલાબેન હસમુખરાય, નિરુબેન કાંતિલાલ, રંજનબેન વિનોદરાય, રેખાબેન બિપીનકુમાર, દક્ષાબેન ચંદ્રકાંતના ભાભી.પિયર પક્ષે કમળાબેન કેશવજી જોશીના દિકરી. સુધીરભાઇ, નયનાબેનના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

### પાટણ દશા પોરવાડ જૈન

પાટણ નિશાળનો પાડો હાલ સાંતાક્રુઝ સ્વ. દેવીબેન ગભરૂચંદ શાહ (ડીસાવાળા)ના સુપુત્ર ચેતનભાઇ (ઉં. વ. ૭૪) તા. ૬-૯-૨૫ના અવસાન થયેલ છે. તે પરેશાબેન મુકેશભાઇ સફરી, સ્વ. દિલીપભાઇ, પન્નાબેન અતુલભાઇ શાહ, જયોતીબેન નિકેશભાઇ શાહ, મિતેશભાઇ, શિલ્પાબેનના મોટાભાઇ. દર્શનાના જેઠ.આકાશના મોટા કાકા. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

શેરીયાર રુસ્તમજી ગાર્ડ તે માણેકના ધની. તે મરહુમ ધનમાય રુસ્તમજી ગાર્ડના દીકરા. તે જહાંબક્ષ અને મરહુમ પરવેઝના ભાઇ. તે મરહુમો દીનામાય અને નરીમાન પટેલના જમાઇ. તે કઇઝીન, તાષીન, જહાન, વાહીસ્તા, રોહાન, પર્લના બપાવાજી. તે નવરોઝ અને અનાહીતાના કાકા. તે હનોઝ, રયોમંદ, યઝદના માસા. (ઉં.વ. ૮૩) રે. ઠે. ૯-એ /૧૦૨, બેહરામ બાગ, પારસી કોલોની, જોગેશ્વરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૧૦૨.ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૯-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે ઓલબલેસ બંગલીમાં છેજી.

હોરમઝ રુસ્તમ અફગા તે શાહનાઝના ધની. તે મરહુમો ફેરંગીઝ બેહેરામ અફગાના દીકરા. તે મેહરઝાદ ને મેહેરનાઝના પપા. તે રોઝાન ને દેલનાઝના સસરા. તે ફરેદુન, મનુચેર, પરીબશના ભાઇ. તે કીઆન, શયાન, શોનના મમાવા. (ઉં. વ. ૭૨) રે. ઠે. તાતા હાઉસિંગ સોસાયટી, બિલ્ડિંગ નં.૧એ. રૂમ નં. ૧૪, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨.ઉઠમણાંની ક્રિયા : તા. ૧૩-૯-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, નારીયેલવાલા અગિયારીમાં છેજી.

મહાબાનુ નોઝર મિસ્ત્રી તે નોઝર હોમી મિસ્ત્રીના ધન્યાની. તે મરહુમો ખોરશેદ હોશંગ ઇરાનીના દીકરી. તે નતાશા ને પલુ મરઝના માતાજી. તે અઝીયા ને પોરસના સાસુજી. તે સ્વેનતા ને સનાયાના મામીજી. (ઉં. વ. ૭૧) રે. ઠે. કેરાવાલા બિલ્ડિંગ ભોંયતળિયે, એસ. વી. રોડ, તાતા બ્લોક્સ, બાન્દ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા તા. ૧૩-૯-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, બાન્દ્રા તાતા અગિયારીમાં છેજી.

# હિન્દુ મરણ

### સોરઠી ભાનુશાલી

શ્રીમતી ચંદ્રિકાબેન બાલકૃષ્ણ કાપડીયા (ઉં.વ. ૮૫) તે સ્વ. બાલકૃષ્ણભાઈના ધર્મપત્ની. અશ્વિનભાઇ, કિર્તીભાઇ તથા જીતેશભાઇના માતુશ્રી. મીનાબેન, અલકાબેન, કમલબેનના સાસુ. રાજીવ, વિશાલના દાદી. વિયોનીના પરદાદી. તા. ૧૧/૯/૨૫ ગુરુવારના સ્વર્ગવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩/૯/૨૫, શનિવારના ૪/૦૦ થી ૬/૦૦. ફ્લેટ નં. ૩૦૧, એ-૫૭, અગ્રવાલ સ્વીટવાળું બિલ્ડિંગ, સેક્ટર નં. ૧, મીરા રોડ ઇસ્ટ.

### ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ

મૂળ નાદોલના હાલ મુંબઈ, ગં. સ્વ. કનકબેન દવે (ઉં.વ. ૭૯) તે સ્વ. પ્રવિણચંદ્ર નટવરલાલ દવેના પત્ની. હેતલભાઈ, પ્રેમલભાઈ અને નેહાબેનના માતા. ગીતાબેન, ગાયત્રીબેન, કમલભાઈના સાસુ. તનય, ધ્રુવ, સમર્થના દાદીમા. દ્રીષ્ટી અને ઉદીના નાનીમા. તા. ૯-૯-૨૫ મંગળવારના મુંબઈ મુકામે દેવલોક પામ્યા છે. બેસણું / પ્રાર્થનાસભા રાખેલ નથી.

### દશા સોરઠિયા વણિક

બગસરા નિવાસી હાલ મુંબઈ, સ્વ. શાંતાબેન રણછોડદાસ કાચલીયાના સુપુત્ર તથા સ્વ. અ.સૌ. ચંદ્રિકાબેન કાચલીયાના પતિ અરવીંદભાઈ કાચલીયા (ઉં.વ. ૮૧) તા. ૯-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. મોતીબેન છોટાલાલ બી. પારેખના જમાઈ. પરાગ, ભાવીન, સૌ. મીના, સૌ. દીપ્તીના પિતાશ્રી. અ. સૌ. નીતા, સૌ. કેયુરી, બીપીન નાગરદાસ મેહતા, રાકેશ અરૂણભાઈ ઘીયાના સસરા. રસીકલાલ, સ્વ. કુંદનબેન ચુનીલાલ શાહ, સ્વ. ભારતી મહેન્દ્ર ભૂપતાણીના ભાઈ. સર્વ પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૪-૯-૨૫ના ૫ થી ૬:૩૦. ઓમકાર અલ્ટામોન્ટે, ડી વિંગ બેન્કવેટસ, ફ્લોર પીટ (લોબી), સિદ્ધેશ્વરનગર, મલાડ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, મલાડ ઈસ્ટ.

### પરજીયા સોની

મૂળ ગામ સતાપડા હાલ કાંદિવલી, ગં. સ્વ. શ્રીમતી વિલાસબેન નરોત્તમભાઇ થડેશ્વર (ઉં.વ. ૭૪) તા. ૧૦/૯/૨૫ના અવસાન પામ્યા છે. તે કામિની એસ. ઝવેરી, રીમ્પલ દિગેન કુમાર, સુમિતભાઈ, શીતલ પ્રણવકુમારના માતુશ્રી. જીજ્ઞા સુમિતભાઈના સાસુ. ધીરુભાઈ, અરવિંદભાઈના ભાભી. નિશેલ અને વરુણ, પૃથ્વી, દ્રૌણ, અર્જુન, આર્યના બા. ભાડ-ઇંગારેલાં સ્વ. જગજીવનભાઇ મેરામભાઇ પટ્ટના દીકરી. પ્રાર્થનાસભા શનિવાર, ૧૩/૯/૨૫ના ૪ થી ૬. સોનીવાડી, બોરીવલી વેસ્ટ.

### ગુર્જર સુતાર જ્ઞાતિ

મૂળગામ ઠેબચડા હાલ દહિસર, વજીબેન હરિભાઈ સિનરોજાના પુત્ર સ્વ. ગિરીશભાઈ સિનરોજા (ઉં.વ. ૭૫) તા. ૧૦/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. બાબુભાઈ, બળવંતભાઇ, સ્વ. દૂધીબેન લક્ષ્મણભાઈ ભેસાણીયા તથા સ્વ. મંગળાબેન મગનલાલ બદ્રકીયાના ભાઈ. અતુલ, પ્રફુલ, શૈલેશના પિતાશ્રી. શ્રદ્ધા, કૃપા, હેતલના સસરા. જય, હેતાંશ, જીગીશાના દાદા. સ્વ. પ્રાગજીભાઈ ગોકળભાઈ ઘોરેચા પીઠડવાળાના જમાઈ. બેસણું / પિયર પક્ષનું બેસણું સાથે તા. ૧૩-૦૯-૨૫, શનિવારે ૫ થી ૬. ૩૬/૩૭ વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, નવપાડા, કમલા નગર, પાર્લા વેસ્ટ.

### દશા લાડ વણિક

કુ. સ્વ. રંજનીબેન નગીનદાસ મહેતા (ઉં. વ. ૭૫) ખંભાતી નિવાસી હાલ અરદેસર દાદી સ્ટ્રીટ, લાડ નિવાસ મુંબઇ તા. ૧૨-૯-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શાંતાબેન નગીનદાસ મહેતાની સુપુત્રી. સ્વ. સુમન ખાંડવાલા, સ્વ. અજય મહેતા, સ્વ. સુરેશ મહેતા, ગં. સ્વ. પૂર્ણિમા નટવરલાલ મોદીની બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## મુંબઈ હાઇ કોર્ટને

અને પરિસર તાત્કાલિક ખાલી કરવાનું કહેવામાં આવ્યું હતું.

સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર્સ (એસઓપી) મુજબ ઇમારત ખાલી કરવામાં આવ્યા બાદ પોલીસ ટીમે બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ (બીડીડીએસ) તથા ડોગ સ્કવોડની મદદથી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જોકે ખૂણેખાંચરે તપાસ કર્યા બાદ કોઇ પણ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર કાનૂની કાર્ય લગભગ બે કલાક સુધી સ્થગિત રહ્યું હતું અને તે બપોરે ત્રણ વાગ્યે ફરી શરૂ થયું હતું. પોલીસે આ અંગે તપાસ આદરી હોઇ ધમકીભર્યો ઇમેઇન મોકલનારી વ્યક્તિની શોધ ચલાવવામાં આવી રહી છે. નોંધનીય છે કે શહેરના વિવિધ અગ્રણી સંસ્થાનો અને સ્કૂલોને અગાઉ બોમ્બની સમાન ધમકી મલી હતી, જોકે તપાસને અંતે તે અફવા સાબિત થઇ હતી. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# કટોકટીનો સમય શરૂ: પ્રભાદેવી બ્રિજ આખરે બંધ

**દાદર, લોઅર પરેલ, ભાયખલા, વરલી વિસ્તારોની કનેક્ટિવિટીમાં મુશ્કેલી**

**ટ્રાફિક ડાઈવર્ટ કરાયો, પણ વાહનચાલકોની હવે ખરી અગ્નિ પરીક્ષા**

મુંબઈ: પ્રભાદેવીમાં આવેલા ૧૨૫ વર્ષથી પણ વધુ જૂના બ્રિજને આખરે શુક્રવારે મોડી રાતથી વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. આ બ્રિજને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા તોડી પાડીને તેની જગ્યાએ નવો ડબલડેકર બ્રિજ બાંધવામાં આવવાનો છે.

નવા બ્રિજને બાંધવા માટે અહીં આવેલી ૧૯ બિલ્ડિંગોને અસર થઈ રહી હોવાથી સ્થાનિક નાગરિકોનો બ્રિજને તોડી પાડવા સામે વિરોધ કરી રહ્યા હતા. સ્થાનિકોની માગણી તે સ્થળે જ તેમને ઘર આપવાની છે અને જ્યાં સુધી તેમને ખાતરી ન મળે ત્યાં સુધી તેઓ બ્રિજને તોડી પાડવા સામે તેમનો વિરોધ હતો. છેવટે શુક્રવાર રાતથી આ બ્રિજને બંધ કરી દેવામાં આવ્યો છે અને હવે મુંબઈ મેટ્રોપોલિટન રિજન

(જુઓ પાનું ૪) ▸▸

## અસરગ્રસ્તોનું તે જ વિસ્તારમાં પુનર્વસન: શિંદે

**અગાઉ, આ પ્રોજેક્ટ માટે કુલ ૧૯ ઈમારત અસરગ્રસ્ત થવાની હતી. પરંતુ એમએમઆરડીએએ ૧૭ ઈમારત પ્રભાવિત ન થાય તે માટે માળખાકીય ફેરફારો કર્યા અને રૂટ બદલ્યો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શિવડી-વરલી એલિવેટેડ માર્ગ પર એલ્ફિન્સ્ટન બ્રિજ વિસ્તારમાં બે અસરગ્રસ્ત ઇમારતોના રહેવાસીઓને તે જ વિસ્તારમાં ઉપલબ્ધ મ્હાડાના ફ્લેટમાં પુનર્વસન કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. લક્ષ્મી નિવાસ અને હાજી નૂરાની ચાલની અસરગ્રસ્ત ઇમારતોના કુલ ૮૩ પ્રોજેક્ટ-અસરગ્રસ્ત રહેવાસીઓનું હવે તે જ વિસ્તારમાં પુનર્વસન કરવામાં આવશે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની આ દરખાસ્તને મંજૂરી આપવાથી અસરગ્રસ્ત ઇમારતોના રહેવાસીઓને રાહત મળશે. વરલી-શિવડી કનેક્ટરના

(જુઓ પાનું ૪) ▸▸

## ભાંડુપ પૂર્વ અને પશ્ચિમને જોડનારા બ્રિજનું કામ શરૂ થશે ઑક્ટોબરથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પૂર્વ ઉપનગરમાં વિક્રોલી બાદ હવે ભાંડુપ પૂર્વ અને પશ્ચિમને જોડનારા રેલવે ઓવર બ્રિજનું કામ મુંબઈ મહાનગરપાલિકા હાથ ધરવાની છે. આવતા મહિનાથી આ બ્રિજનું કામ શરૂ કરવામાં આવવાનું છે. લગભગ ૧૨૯.૪૩ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવનારા આ બ્રિજને કારણે પૂર્વ અને પશ્ચિમ વચ્ચેની કનેક્ટિવિટીમાં સુધારો થશે.

રેલવે ટ્રેક પરથી પસાર થનારા આ રેલવે ઓવર બ્રિજનું કામ ઑક્ટોબરથી

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ હાઈ કોર્ટને મળી બૉમ્બબ્લાસ્ટની ધમકી, નીકળી અફવા



**પોકળ ધમકી:** બૉમ્બની ધમકી બાદ હાઈ કોર્ટ પરિસરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. (અમય ખરાડે)

મુંબઈ: મુંબઇ હાઇ કોર્ટના વહીવટીતંત્રને શુક્રવારે બોમ્બબ્લાસ્ટની ધમકીવાળા ઇ-મેઇલ મળ્યા બાદ સુનાવણી બે કલાક માટે સ્થગિત કરવામાં આવી હતી. હાઇ કોર્ટની ઇમારત અને પરિસરને ખાલી કરાવ્યા બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી, પણ કોઇ શંકાસ્પદ વસ્તુ મળી ન આવતાં બોમ્બની ધમકી અફવા સાબિત થઇ હતી.

મુંબઈ હાઇ કોર્ટના સત્તાવાર ઇમેઇલ એડ્રેસ પર શુક્રવારે બપોરના ધમકીનો ઇમેઇલ પ્રાપ્ત થયો હતો, જેમાં ઇમારતમાં બોમ્બબ્લાસ્ટ થવાની ચેતવણી આપવામાં આવી હતી.

દરમિયાન ધમકીભર્યા ઇમેઇલ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં અધિકારીઓ તાત્કાલિક હાઇ કોર્ટમાં આવી પહોંચ્યા હતા અને સાવચેતીનાં પગલાં તરીકે તમામ જજ, વકીલો, ત્યાંના કર્મચારીઓ તથા મુલાકાતીઓને ઇમારત

(જુઓ પાનું ૪) ▸▸

## દિલ્હી હાઈ કોર્ટમાં પણ ધમકી

નવી દિલ્હી : દિલ્હી હાઈ કોર્ટમાં બોમ્બ મુકાયો હોવાની ધમકી પોકળ સાબિત થતાં પોલીસે રાહતનો શ્વાસ લીધા હતો. બોમ્બની ધમકીના ઈમેલને પગલે પોલીસે હાઈ કોર્ટમાંથી ન્યાયાધીશો, વકીલો અને અરજદારોને કોર્ટરૂમમાંથી બહાર કાઢીને તપાસ કરી હતી પણ કશું નહોતું મળ્યું.

ઈમેલમાં જજોના રૂમ અને કોર્ટ સંકુલની અંદર ત્રણ બોમ્બ મૂકવામાં આવ્યા હોવાની ચેતવણી આપવામાં આવી હતી. દરેકને બપોરે બે વાગ્યા સુધીમાં હાઈકોર્ટ ખાલી કરીને જતા રહેવાનું પણ કહેવામાં આવ્યું હતું.

હાઈ કોર્ટના રજિસ્ટ્રાર જનરલને સવારે ૮.૩૯ વાગ્યે મળેલા ઈ-મેલમાં ધમકી અપાઈ હતી કે, બપોરે ન્યાયાધીશોની ચેમ્બર અને કોર્ટરૂમમાં વિસ્ફોટ થશે. રજિસ્ટ્રાર જનરલે પોલીસને માહિતી આપતાં સમગ્ર કોર્ટ સંકુલમાં પોલીસ, ફાયર બ્રિગેડ સ્ટાફ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. સતર્કતાના ભાગરૂપે તમામ લોકોને હાઈકોર્ટની ઈમાત છોડી જવા દહીં દેવાયું હતું.

સર્ચ ઓપરેશન દરમિયાન કોર્ટની કાર્યવાહી ચાલુ રહી હતી. બપોરે ૧૧.૩૫ કલાકે પોલીસે કોર્ટરૂમ પણ ખાલી કરાવી દીધા હતા અને અંદર તપાસ કરી હતી પણ કશું નહોતું મળ્યું. નવી દિલ્હીના ડીસીપી દેવેશ કુમાર મહલાએ ઈમેલની તપાસ કર્યા

(જુઓ પાનું ૪) ▸▸

## મંત્રાલય પાસે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ, રસ્તો ધસી પડયો



(અમય ખરાડે)

**આજે પણ કફ પરેડ, કોલાબા જેવા વિસ્તારમાં પાણીના રહેશે ધાંધિયા**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં મંત્રાલયના સામેના રોડ પર પાણીની પાઈપલાઈનમાં ભંગાણ પડતા લાખો લિટર પાણી વેડફાઈ ગયું હતું. રસ્તાની નીચે પાઈપલાઈનમાં પડેલા ભંગાણને કારણે રસ્તો પણ ધસી પડયો હતો. પાલિકા દ્વારા યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. સમારકામને કારણે શનિવારે પણ દક્ષિણ મુંબઈના પોશ વિસ્તાર ગણાતા કોલાબા અને કફ પરેડમાં પાણીપુરવઠો બંધ રહેશે. પાલિકાના

(જુઓ પાનું ૪) ▸▸

## તહેવારોમાં જ રેલવે પ્રવાસીઓની હાલત કફોડી

**દસ દિવસમાં ૭૫૦થી વધુ ટ્રેન રદ કરી: પ્રવાસીઓમાં નારાજગી**

મુંબઈ: સબર્બન મુંબઈમાં લોકલ ટ્રેનને લાઈફલાઈન કહેવાય છે, પરંતુ ટ્રેનમાં મુસાફરી કરવામાં પ્રવાસીઓની હાલાકીમાં વધારો થઈ રહ્યો છે. મધ્ય રેલવેમાં છેલ્લા ૧૦ દિવસમાં રોજના ૬૦થી વધુ લોકલ ટ્રેન રદ થવાથી પ્રવાસીઓને ટ્રેનમાં મુસાફરી કરવામાં હાલાકી પડી હતી. તહેવારોના દિવસોમાં ખાસ કરીને પહેલી સપ્ટેમ્બરથી દસમી સુધીમાં ૭૫૦થી વધુ ટ્રેન રદ કરવામાં આવી હતી, જે પ્રવાસીઓમાં પણ રેલવે પ્રશાસન તરફી નારાજગી વધી હતી.

લોકલ ટ્રેન રદ કરવાના એક કરતા અનેક કારણો

(જુઓ પાનું ૪) ▸▸

## કલ્યાણમાં છ મહિલા સહિત સાત બાંગ્લાદેશી પકડાયાં

થાણે: થાણે જિલ્લાના કલ્યાણમાં ગેરકાયદે વસવાટ બદલ છ મહિલા સહિત સાત બાંગ્લાદેશીને પકડી પાડવામાં આવ્યાં હતાં.ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૩) અતુલ ઝેંડેએ જણાવ્યું હતું કે કલ્યાણ પોલીસે ૯ સપ્ટેમ્બરે આ કાર્યવાહી કરી હતી.પોલીસ ટીમ ૯ સપ્ટેમ્બરે સાંજે છ વાગ્યે કલ્યાણ રેલવે સ્ટેશન નજીક પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે ત્યાં ફરી રહેલી છ મહિલા પર તેમની નજર પડી હતી.મહિલાઓને પૂછપરછ માટે તાબામાં લેવાઇ હતી અને તેમની પાસેથી બાંગ્લાદેશી બર્થ સર્ટિફિકેટ્સ અને આઇડેન્ટિટી કાર્ડ મળી આવ્યાં હતાં. મહિલાઓ દેશમાં તેમના રોકાણને યોગ્ય ઠેરવવા માટેના કોઇ યોગ્ય ભારતીય દસ્તાવેજો રજૂ કરી શકી નહોતી.

બીજે દિવસે પોલીસને શખસ નજરે પડ્યો હતો, જેની હિલચાલ શંકાસ્પદ જણાઇ આવી હતી, જે બાંગ્લાદેશી હોવાનું તપાસમાં જણાયું હતું. તેની પાસેથી પણ કોઇ યોગ્ય દસ્તાવેજો મળી આવ્યા નહોતા, એમ ડીસીપી ઝેંડેએ કહ્યું હતું.

## ઓબીસી યુવકની આત્મહત્યા: કૉંગ્રેસે સરકાર અને મરાઠા જીઆરને જવાબદાર ઠેરવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારે શુક્રવારે લાતુરમાં એક વ્યક્તિની આત્મહત્યા માટે મહારાષ્ટ્ર સરકારને જવાબદાર ઠેરવી હતી અને મનોજ જરાંગેની આગેવાની હેઠળના આંદોલનને પગલે તાજેતરમાં જારી કરાયેલા મરાઠા અનામતના જીઆર અંગે અન્ય પછાત વર્ગો (ઓબીસી)માં ફેલાયેલા ગુસ્સાને જવાબદાર ઠેરવ્યો

(જુઓ પાનું ૪) ▸▸

## કંડલાથી મુંબઈ આવી રહેલા વિમાનનું ટાયર છૂટું પડ્યું

**૭૫ મુસાફરનો આબાદ બચાવ**

મુંબઈ: ગુજરાતથી મુંબઈ આવી રહેલા સ્પાઈસજેટના એક વિમાનનું ટાયર છુટું પડવાની આશ્ચર્યજનક ઘટના શુક્રવારે બની હતી. કંડલાથી ટેક-ઓફ થયા બાદ વિમાનનું ટાયર ત્યાં જ રહી ગયું ગયું. તેમ છતાં મુંબઈ એરપોર્ટ પર વિમાન સુરક્ષિત રીતે લેન્ડ થયું હતું. ગુજરાતના કંડલાથી મુંબઈ

(જુઓ પાનું ૪) ▸▸

## રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં મતદાન ફરજિયાત બનાવો: શિવસેના (યુબીટી)

મુંબઈ: શિવસેના (યુબીટી) એ શુક્રવારે દેશના રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં મતદાન ફરજિયાત બનાવવાની માગણી કરી હતી અને કહ્યું હતું કે ''હોર્સ ટ્રેડિંગ'' માં સામેલ અને આ ટોચના બંધારણીય પદો માટે મતદાનમાં ભાગ ન લેનારા રાજકીય પક્ષોની નોંધણી રદ કરવી જોઈએ.

પક્ષના મુખપત્ર 'સામના' માં કહ્યું હતું કે, કે. ચંદ્રશેખર રાવની આગેવાની હેઠળની ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ), બીજુ જનતા દળ (બીજેડી) અને અન્ય પક્ષો ''હંમેશની જેમ'' કેન્દ્રીય તપાસ એજન્સીઓથી ''ડરી'' ગયા અને ૯ સપ્ટેમ્બરના ઉપાધ્યક્ષ પદની ચૂંટણીમાં ભાગ ન લેવાનો નિર્ણય લીધો. ''આ (મતદાન ન કરવું) ગેરબંધારણીય છે. ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં બીજેડી અને બીઆરએસ મતદાનથી દૂર રહ્યા. જયારે ભાજપના ભૂતપૂર્વ સાથી પક્ષ શિરોમણી અકાલી દળે ચૂંટણીનો બહિષ્કાર કર્યો અને દાવો કર્યો કે પંજાબના પૂરગ્રસ્ત લોકોને રાજ્ય સરકાર, કેન્દ્ર કે કોંગ્રેસ તરફથી મદદ મળી નથી. શાસક ભાજપની આગેવાની હેઠળના એનડીએના ઉમેદવાર સીપી રાધાકૃષ્ણન ૧૫૨ મતોના માર્જિનથી વિજયી બન્યા હતા . રાષ્ટ્રપતિની પસંદગી સંસદના ચૂંટાયેલા સભ્યો અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો ધરાવતી ચૂંટણી કોલાજ દ્વારા કરવામાં આવે છે. જયારે ઉપરાષ્ટ્રપતિની પસંદગી સંસદના બંને ગૃહોના સભ્યો ધરાવતી ચૂંટણી કોલાજ દ્વારા કરવામાં આવે છે. ■

## રાજ્યમાં જિલ્લા પરિષદના પ્રમુખપદ માટે અનામતની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યની ૩૪ જિલ્લા પરિષદોના પ્રમુખપદ માટે અનામતની યાદી આજે જાહેર કરવામાં આવી હતી.

જાહેર કરાયેલ યાદી અનુસાર, થાણે, પુણે, રાયગઢ, સિંધુદુર્ગ, નાસિક, જલગાંવ, છત્રપતિ સંભાજીનગર, બુલઢાણા, યવતમાળ અને નાગપુર જિલ્લા પરિષદના પ્રમુખ પદ સામાન્ય શ્રેણી માટે ઓપન રાખવામાં આવ્યા છે. આમાં, થાણે, સાંગલી, કોલ્હાપુર, લાતુર, અમરાવતી, ગોંદિયા, ગઢચિરોલી જિલ્લામાં સામાન્ય (મહિલા) અનામત લાગુ કરવામાં આવી છે.

બીડ (મહિલા), હિંગોલી, પરભણી, વર્ધા અને ચંદ્રપુર (મહિલા)ની જગ્યાઓ અનુસૂચિત જાતી માટે અનામત રાખવામાં આવી છે. અનુસૂચિત જનજાતી માટે, પાલઘર, નંદુરબાર, અહિલ્યાનગર (મહિલા), આકોલા (મહિલા) અને વાશિમ (મહિલા) જિલ્લામાં પ્રમુખના પદ અનામત રાખવામાં આવ્યા છે.

પછાત વર્ગો (ઓબીસી) રત્નાગીરી (મહિલા), ધુળે (મહિલા), સાતારા (મહિલા), સોલાપુર, જાલના (મહિલા), નાંદેડ, ધારાશિવ (મહિલા), નાગપુર અને ભંડારા જિલ્લાના પ્રમુખપદ અનામત રાખવામાં આવ્યા છે.

આ અનામતની જાહેરાત આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં રાજકીય ગણતરીઓમાં નોંધપાત્ર પરિવર્તન લાવશે. ■

## એઆઈ કૃષિ ક્ષેત્રે ક્રાંતિ લાવશે: ગડકરી

નાગપુર: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ) કૃષિ ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે અને ખેડૂતોની સ્થિતિ સુધારવામાં મદદ કરશે એવો મને વિશ્વાસ છે, એમ કેન્દ્રીય પ્રધાન નિતિન ગડકરીએ જણાવ્યું હતું.બારામતીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લો અને ત્યાં અપનાવવામાં આવી રહેલી નવીન પદ્ધતિઓ જુઓ. એઆઇ ખેડૂતોને ચોક્કસપણે મદદ કરશે, એમ ગડકરીએ જણાવ્યું હતું.

ઈથેનોલ ઉત્પાદન વિશે વાત કરતા તેમણે કહ્યું કે દેશમાં ૩૫૦-૪૦૦ ફેક્ટરીઓ ઈથેનોલનું ઉત્પાદન કરે છે અને તેનાથી ખેડૂતોને સારો એવો ફાયદો થયો છે. ■

## સાત સમુદ્ર પારના દેશોમાં ભારતનો ડર

### ટૅરિફ અંગે અમેરિકાની ટીકા કરતા મોહન ભાગવત

મુંબઈ: યુનાઇટેડ સ્ટેટ્સના પ્રમુખ તરીકે બીજી વખત કાર્યભાર સંભાળ્યા પછી ડોનલ્ડ ટ્રમ્પે વિશ્વભરના ઘણા દેશો પર મોટા આયાત ટેરિફ લાદ્યા છે. તેમણે રશિયા પાસેથી તેલ ખરીદવાના મુદ્દે ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો. ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર ટેરિફ મુદ્દે ભારતનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કર્યો છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના

(જુઓ પાનું ૪) ▸▸

**રાઉત સામે કાર્યવાહી?**

## શિવસેનાએ પોલીસ કમિશનરની મુલાકાત લઈને કરી રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એક તરફ ચૂંટણીની તૈયારીઓ, બીજી તરફ રાજકીય આરોપ-પ્રત્યારોપ અને આ બધા વચ્ચે સંજય રાઉતના નિવેદનોને કારણે રાજ્યમાં વાતાવરણ ગરમાયું છે. નેપાળમાં થયેલી હિંસાને ટાંકીને દેશમાં પણ આવી જ પરિસ્થિતિ ઊભી થઈ શકે છે તેવું રાઉતનું

(જુઓ પાનું ૪) ▸▸



**આગમનનો શણગાર:** ગણેશોત્સવના સમાપન બાદ હવે નવરાત્રોત્સવની તૈયારી શરૂ થઈ ગઈ છે ત્યારે મૂર્તિકાર માતાજીની પ્રતિમાને આખરી ઓપ આપી રહ્યો છે. (જયપ્રકાશ કેળકર)

## અમેરિકામાં કાયમી નિવાસ માટે મૂડી રોકાણ શ્રેષ્ઠ ઉપાય: નિષ્ણાતો

પુણે: મૂડી રોકાણ દ્વારા અમેરિકામાં પ્રવેશ મેળવવાની પ્રથા લોકપ્રિય બની રહી છે અને ભારતીયો, ખાસ કરીને એસટીઈએમ (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત) ક્ષેત્રોના વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો આ વિકલ્પ પર વિચાર કરી શકે છે, એમ યુએસ ઇમિગ્રેશન કાયદાના નિષ્ણાતે જણાવ્યું હતું.

ઈબી-૫ ઇમિગ્રન્ટ ઇન્વેસ્ટર પ્રોગ્રામની વર્તમાન સ્થિતિ પર બોલતા, ભારતીય અમેરિકન ઇમિગ્રેશન એટર્ની નાદાદુર એસ કુમારે કહ્યું કે તે હવે કોઈ વિશિષ્ટ વિકલ્પ નથી.

ઈબી-૫ વિઝા ઓછામાં ઓછા ૮,૦૦,૦૦૦ ડોલર (રૂ. ૬-૭ કરોડ) ના રોકાણ કરતા વિદેશીઓને કાયદેસર કાયમી નિવાસી દરજ્જો (ગ્રીન કાર્ડ) આપે છે.

મિલકતના મૂલ્યો અને ઘરની ઇક્વિટીમાં વધારો અને ઘણીવાર માતાપિતાની મદદથી વધુ ભારતીયો રોકાણ કરવા સમર્થ બન્યા છે. ઘણા એચ -૧બી વિઝા ધારકો અને યુએસમાં એફ -૧ થી એચ -૧બી દરજ્જો મેળવનાર વિદ્યાર્થીઓ પણ ઈબી-૫ વિઝા માટે તેમની નાણાકીય પ્રગતિનો લાભ લઈ શક્યા છે, એમ તેમણે કહ્યું.

તેમણે કહ્યું કે વિઝા કાર્યક્રમ ભારતીયો, ખાસ કરીને વિદ્યાર્થીઓ અને એસટીઈએમ ક્ષેત્રના વ્યાવસાયિકો માટે વધુને વધુ લોકપ્રિય માર્ગ બની રહ્યો છે. જોકે આ માગ ફક્ત આંકડાઓ પર આધારિત છે અને તે કોઈપણ ભેદભાવનું પરિણામ નથી. (પીટીઆઈ) ■


અંક પ્રગટ થઈ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૨૨ વર્ષ ૨૧૨



પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો

મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩

રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬ ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

દુલીપ ટ્રૉફી ફાઇનલ

# પાટીદાર, રાઠોડની સેન્ચુરીએ મધ્ય ઝોનને મજબૂત સ્થિતિમાં લાવી દીધું


યશ રાઠોડ


રજત પાટીદાર

બેંગલૂરુ: અહીં બીસીસીઆઇના મેદાન પર દક્ષિણ ઝોન સામે રમાતી પાંચ દિવસીય દુલીપ ટ્રૉફી ફાઇનલમાં આઇપીએલ-૨૦૨૫ના ચૅમ્પિયન કૅપ્ટન રજત પાટીદાર (૧૦૧ રન, ૧૧૫ બૉલ, બે સિક્સર, બાર ફોર) અને નાગપુરમાં જન્મેલા યશ રાઠોડ (૧૩૭ નૉટઆઉટ, ૧૮૮ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર)ની સેન્ચુરી તથા ચોથી વિકેટ માટેની તેમની ૧૬૭ રનની ભાગીદારીને લીધે મધ્ય ઝોનની ટીમે આ મૅચ પર મજબૂત પકડ મેળવી લીધી હતી.

બીજા દિવસની રમતને અંતે મધ્ય ઝોનનો પ્રથમ દાવનો સ્કોર પાંચ વિકેટે ૩૮૪ રન હતો અને અત્યારથી જ પાટીદારની ટીમે ૨૩૫ રનની સરસાઈ લઈ લીધી હતી. યશ રાઠોડની સાથે ઑલરાઉન્ડર સારાંશ જૈન ૪૭ રને રમી રહ્યો હતો. દક્ષિણ ઝોનના લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર ગુર્જપનીત સિંહે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.

દક્ષિણ ઝોને પહેલા દાવમાં માત્ર ૧૪૯ રન બનાવ્યા હતા. મધ્ય ઝોનના સારાંશ જૈને પાંચ અને કુમાર કાર્તિકિયે ચાર વિકેટ મેળવી હતી. ■

# દુબઈમાં ભારતીય ક્રિકેટરોની બ્રૉન્કો ટેસ્ટની જ ચર્ચા

દુબઈ: સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં એશિયા કપ રમવા યુએઇ આવેલી ભારતીય ટીમે રવિવારે પાકિસ્તાન સામે રમાનારી રસાકસીભરી મૅચ પહેલાં જે બ્રૉન્કો ટેસ્ટ આપી એની કેટલીક ઝલક બીસીસીઆઇએ એક વીડિયો મારફત સોશ્યલ મીડિયામાં શૅર કરી છે. દુબઈમાં ભારતીયોની આ બ્રૉન્કો ટેસ્ટ ચર્ચાસ્પદ થઈ છે.

ઍડ્રિયન લ રુક્સ ભારતીય ટીમના સ્ટ્રેન્ગ્થ ઍન્ડ કન્ડિશનિંગ કોચ છે. ટીમ ઇન્ડિયા સાથે તેમની આ બીજી મુદત છે. થોડાં વર્ષો પહેલાં પણ તેઓ ભારતીય ક્રિકેટરો સાથે આ જવાબદારી સાથે જોડાયા હતા. તેમનું કહેવું છે કે ‘ છેલ્લાં બે દાયકાથી ખેલાડીઓ અસંખ્ય મૅચો રમવા લાગ્યા છે એટલે મેં તેમની કુશળતા તથા ચપળતા અને શક્તિ માપવા માટે બ્રૉન્કો ટેસ્ટ અપનાવી છે. આ પ્રકારની ટેસ્ટ અન્ય રમતોમાં વર્ષોથી ઉપયોગમાં લેવાય છે. ક્રિકેટમાં જો ખેલાડીની શારીરિક ક્ષમતા સારી હોય તો તેની કરીઅર લંબાઈ શકે છે. અમે જે પદ્ધતિ અપનાવી છે એમાં ખેલાડીનો સ્ટેમિના વધારવાની સાથે રમતી વખતે તેને ઈજા થવાની સંભાવના પણ ઘટી જાય છે.’

### ઇંગ્લૅન્ડના પ્રવાસમાં ફાયદો થયો: ઍડ્રિયન

કન્ડિશનિંગ કોચ ઍડ્રિયને કહ્યું હતું કે ‘ મેન ઇન બ્લુ સાથે મારી આ બીજી મુદત છે અને એમાં તેમની સાથે મારો પ્રથમ પ્રવાસ તાજેતરમાં ઇંગ્લૅન્ડમાં હતો જ્યાં શુભમન ગિલના સુકાનમાં ભારતની ન્યૂ લૂક ટીમે ખૂબ સારું પર્ફોર્મ કર્યું હતું, ઇંગ્લૅન્ડના ખેલાડીઓને તેમણે જોરદાર લડત આપી હતી અને સિરીઝ ૨-૨થી બરાબરીમાં લાવી દીધી હતી.’

### બ્રૉન્કોનો અર્થ અને બ્રૉન્કો ટેસ્ટ વિશે જાણવા જેવું...

ઉત્તર અમેરિકામાં એક પ્રકારનો જંગલી ઘોડો બ્રૉન્કો તરીકે ઓળખાય છે અને એના નામ પરથી ખાસ કરીને



રગ્બીની રમતમાં ખેલાડીઓની ફિટનેસ નક્કી કરવા માટેની પરીક્ષા ‘ બ્રૉન્કો ટેસ્ટ’ તરીકે ઓળખાય છે. ભારતીય ખેલાડીઓની ફિટનેસ માપવા માટે અગાઉ યો-યો ટેસ્ટ રાખવામાં આવતી હતી. જોકે તાજેતરમાં જ ઍરોબિક ફિટનેસ માટે બ્રૉન્કો ટેસ્ટ દાખલ કરવામાં આવી છે જેમાં પ્લેયરની ચપળતા તથા સ્ફૂર્તિ વધુ સારી રીતે માપી શકાય છે તેમ જ તે કેટલો જલદી થાકી જાય છે એ પણ નક્કી થઈ જાય છે. એમાં ખેલાડીને ૨૦ મીટર, ૪૦ મીટર અને ૬૦ મીટર દોડવાનું કહેવામાં આવે છે. પ્લેયરે આ ત્રણેય અંતરની દોડ અટક્યા વિના (આરામ કર્યા વગર) પૂરી કરવાની હોય છે. પ્રત્યેક પ્લેયરે એક સેટમાં ૨૪૦ મીટર એમ પાંચ સેટ મળીને કુલ ૧,૨૦૦ મીટર (બ્રેક વગર) દોડવાનું હોય છે. દરેક ખેલાડીએ આ દોડના કુલ પાંચ સેટ છ મિનિટની અંદર પૂરા કરવા પડે છે.

કોચ પ્રત્યેક ખેલાડીનો સ્ટેમિના અને ઝડપ માપે છે તેમ જ ખેલાડીની કાર્ડિયોવેસ્ક્યૂલર સંબંધિત સહનશક્તિ પણ માપવામાં આવે છે.

એકંદરે, બ્રૉન્કો ટેસ્ટમાં ખેલાડી ફિટનેસ છુપાવવાની બાબતમાં કોઈ પ્રકારની ચાલાકી કે છેતરપિંડી કરે તો અન્ય પદ્ધતિની સરખામણીમાં એ જલદી ધ્યાનમાં આવી જાય છે. ■

# મેરે પાસ આઓ, મેરે દોસ્તોં... સચિન કા કિસ્સા સૂનો...

## માસ્ટર બ્લાસ્ટર તેન્ડુલકર જ્યારે આફ્રિકામાં ખૂનખાર પ્રાણીઓથી ભરેલા જંગલમાં ફસાઈ ગયો હતો!



મુંબઈ: ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા સચિન તેન્ડુલકરે થોડા સમય પહેલાં આફ્રિકા ખંડનો પ્રવાસ કર્યો હતો અને એ દરમ્યાન તેને ત્યાંના એક જંગલમાં જે કડવો અનુભવ થયો એ તેણે સોશ્યલ મીડિયામાં શૅર કર્યો છે.

૧૯૭૯ની સાલમાં અમિતાભ બચ્ચન, રેખા, અજિત, કાદર ખાન, અમજદ ખાન તેમ જ અનેક ભૂલકાંઓના અભિનયવાળી ‘મિસ્ટર નટવરલાલ’ ફિલ્મ રિલીઝ થઈ હતી. સુપર-ડુપર હિટ નીવડેલી એ ફિલ્મના અમિતાભના સ્વરવાળા પ્રખ્યાત ગીત ‘મેરે પાસ આઓ, મેરે દોસ્તોં...એક કિસ્સા સૂનો’ જેવું સચિન તેન્ડુલકર સાથે આફ્રિકામાં બની ગયું હતું.

સચિનનો આ કિસ્સો આફ્રિકાના મસાઈ મારા નામના સ્થળનો છે. સચિને ઇન્સ્ટાગ્રામ પર એ કિસ્સાનો વીડિયો શૅર કરવાની સાથે કૅપ્શનમાં લખ્યું છે, ‘ જંગલમાં હંમેશાં તમને અનોખી રીતે જ આવકાર મળતો હોય છે. જીવ થોડો અધ્ધર થઈ ગયો, પણ મજા આવી ગઈ.’

સચિને એક મુલાકાતમાં કહ્યું, ‘અમે ઍરક્રાફ્ટમાં હતા અને અમે જોયું કે વાતાવરણમાં પલટો આવતાં તોફાની પવન ફૂંકાવાનો શરૂ થઈ ગયો હતો. ખરેખર તો એ પવન જ્યાં સૌથી વધુ ફૂંકાઈ રહ્યો હતો ત્યાં જ અમારે લૅન્ડિંગ કરવાનું હતું. અમે એ લૅન્ડિંગ સ્ટ્રીપથી લગભગ બે માઇલ દૂર હતા, પરંતુ ખરાબ હવામાનને લીધે અમે ત્યાં લૅન્ડિંગ નહોતા કરી શક્યા.’

સચિને કિસ્સો આગળ વધારતા કહ્યું, ‘અમારા પાઇલટ પાસે બીજો કોઈ છૂટકો જ નહોતો એટલે તેણે ઍરક્રાફ્ટને બીજા ઍરપોર્ટ તરફ વાળી લેવું પડ્યું હતું. જોકે ત્યાં તો વધુ મોટી મુસીબત અમારી રાહ જોઈ રહી હતી. નવા રનવે પર જંગલી પશુઓનું રાજ હતું. જાણે તેઓ અમને આવકારવાં આવી ગયાં હતાં. તેમને ડરાવવા અને ભગાડવા અમારો પાઇલટ બે વખત વિમાનને નીચે સુધી લઈ ગયો હતો અને પછી પાછું ઉપર લાવી દીધું હતું. છેવટે રનવે સાફ થઈ ગયો અને અમે સલામત લૅન્ડિંગ કરી શક્યા હતા.’

સચિને સ્ટોરીને આગળ વધારતા કહ્યું, ‘હવે નવી મુસીબત આવી. વરસાદ શરૂ થઈ ગયો હતો અને અમે તાબડતોબ ફરી ટેક-ઑફ કરવાની સ્થિતિમાં પણ નહોતા. જોકે સ્થાનિક વિભાગોના વડા અમને સલામત રીતે નિયત સ્થાન સુધી પહોંચાડવા આવી ગયા હતા. છેવટે અમે બધા હતા તો જંગલમાં જ એટલે થોડો ડર તો લાગતો જ હતો. ત્યાર પછીની ટૂર પણ યાદગાર બની ગઈ હતી.’ ■

# ટચૂકડા ઓમાન સામે સાત વિકેટ ગુમાવ્યા પછી પાકિસ્તાન જીત્યું

## પાકિસ્તાનમાં જન્મેલા સ્પિનરનો સલમાનની ટીમ પર આતંક: સાત બૉલમાં ત્રણ વિકેટ લીધી


દુબઈ: પાકિસ્તાને શુક્રવારે ઓમાન જેવી નવીસવી ટીમ સામે સાત વિકેટ ગુમાવી દીધા બાદ એને આસાનીથી હરાવવામાં સફળતા મેળવી હતી. પાકિસ્તાને ૧૬૧ રનનો લક્ષ્યાંક આપ્યા બાદ ઓમાનની ટીમ ...ઓવરમાં ....ના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાન વતી સઇમ અયુબ, સુફિયાન અને ફહીમ અશરફે બે-બે વિકેટ લીધી હતી. એ પહેલાં, પાકિસ્તાને પ્રથમ બૅટિંગ પસંદ કરી હતી અને ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૬૦ રન કર્યા હતા. પાકિસ્તાનના સિંધ પ્રાન્તમાં આવેલા કરાચીમાં જન્મેલો ઓમાનનો લેફ્ટ-આર્મ સ્પિનર આમીર કલીમ પાકિસ્તાનની ટીમને સૌથી ભારે પડ્યો હતો. તેણે ૩૧ રનમાં ત્રણ વિકેટ લીધી હતી. તેણે એ ત્રણ વિકેટ બે ઓવરમાં કુલ મળીને ફક્ત સાત બૉલમાં મેળવી હતી. રવિવારે (રાત્રે ૮.૦૦ વાગ્યાથી) ભારત દુબઈના જે મેદાન પર પાકિસ્તાન સામે રમવાનું છે એ જ ગ્રાઉન્ડ પર પાકિસ્તાનની બૅટિંગ લાઇન-અપ ઓમાન જેવા પહેલી જ વાર એશિયા કપમાં રમી રહેલા ઓમાન સામે ૨૦ ઓવરમાં ૧૬૦ રનનો સાધારણ સ્કોર નોંધાવી શકી હતી.

પાકિસ્તાનના કૅપ્ટન સલમાન આગાએ ટૉસ જીત્યા બાદ બૅટિંગ પસંદ કરી ત્યાર પછી પહેલી જ ઓવરની શરૂઆતમાં પાકિસ્તાને પ્રથમ વિકેટ ગુમાવી દીધી હતી. શાહ ફૈઝલ નામના બોલરના બીજા જ બૉલમાં ઓપનર સઇમ અયુબે પોતાના પહેલા જ બૉલમાં વિકેટ ગુમાવી દીધી હતી. ■

# ‘સ્પેનનો અલ્કરાઝ ટાઇટલ જીત્યો એટલે ડૉનલ્ડ ટ્રમ્પને ઈર્ષા થઈ’: માર્ટિના નવરાતિલોવા







ન્યૂ યૉર્ક: અહીં આર્થર ઍશ સ્ટેડિયમમાં રવિવારે યુએસ ઓપન ટેનિસની મેન્સ ફાઇનલમાં ઇટલીના વર્લ્ડ નંબર-વન યાનિક સિનરને હરાવીને સ્પેનનો કાર્લોસ અલ્કરાઝ ચૅમ્પિયન બન્યો તેમ જ સિનરના કબજામાંથી તેણે નંબર-વનની રૅન્ક આંચકી લીધી એ સાથે આખા સ્ટેડિયમમાં અલ્કારાઝને બિરદાવવા હજારો પ્રેક્ષકોએ તાળી પાડી હતી, પરંતુ સૌમાં આકર્ષણનું કેન્દ્ર બનેલા અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ તાળી પાડતાં નહોતા જોવા મળ્યા એને પગલે ભૂતપૂર્વ સર્વોચ્ચ મહિલા ટેનિસ ખેલાડી માર્ટિના નવરાતિલોવાએ ટ્રમ્પને વખોડતું નિવેદન આપ્યું હતું.

અલ્કરાઝે સિનરને ૬-૨, ૩-૬, ૬-૧, ૬-૪થી હરાવીને બીજી વાર યુએસ ઓપનનું અને કુલ છઠ્ઠું ટાઇટલ જીતી લીધું હતું.

૧૮ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલા માર્ટિના નવરાતિલોવાએ ફાઇનલ પછી સોશ્યલ મીડિયામાં લખ્યું, ‘મેં આ મૅચ દરમ્યાન ક્યારેય ડૉનલ્ડ ટ્રમ્પને તાળી પાડતા નહોતા જોયા. ક્યારેય નહીં. તેઓ એટલા બધા ઇર્ષ્યાળુ છે કે વાત જ જવા દો.’

બે કલાક અને ૪૨ મિનિટ સુધી ચાલેલી ફાઇનલ અલ્કારાઝ જીત્યો ત્યારે ક્રાઉડ તેની વાહ-વાહ કરીને તેને અભિનંદન આપી રહ્યું હતું ત્યારે ટ્રમ્પ ઉતરેલા મોઢે જોવા મળ્યા હતા.

ફાઇનલ મોડી શરૂ કરવામાં આવી હતી. નવરાતિલોવાએ મૅચ બાદ એવું પણ કહ્યું હતું કે ‘ટ્રમ્પના આગમન વખતે સિક્યૉરિટી ચેકને કારણે પ્રેક્ષકોએ અંદર આવવા માટે સ્ટેડિયમની બહાર ભર વરસાદમાં લાંબો સમય રાહ જોતા ઊભા રહેવું પડ્યું હતું.

કેટલાક પ્રેક્ષકો આને કારણે શરૂઆતની રમત નહોતા જોઈ શક્યા.

બ્રૉડકાસ્ટર્સને પણ યુએસ ઓપનના આયોજક તરફથી કહેવામાં આવ્યું હતું કે ફાઇનલ દરમ્યાન ટ્રમ્પને લગતા બહુ શૉટ પ્રસારિત નહીં કરતા.’ ■

# ભારતીય ટીમ સરકારના વલણને અનુસરીને જ પાકિસ્તાન સામે રમવાની છે: આઇપીએલ ચૅરમૅન

નવી દિલ્હી: આઇપીએલના ચૅરમૅન અરુણ સિંહ ધુમાલે કહ્યું છે કે પાકિસ્તાન સાથેના ક્રિકેટ સંબંધો બાબતમાં બીસીસીઆઇ ચુસ્તપણે કેન્દ્ર સરકારના વલણને જ વળગી રહ્યું છે.

કાશ્મીરના પહલગામમાં ૨૬ હિન્દુ સહેલાણીઓની હત્યા થયા બાદ ભારતભરમાં પાકિસ્તાન-વિરોધી અભિગમ રહ્યો હોવાને કારણે હવે એ જ દુશ્મન દેશ સામે ક્રિકેટ રમવાનો સમય આવી ગયો છે એટલે ભારતના અસંખ્ય લોકોમાં


અરુણ સિંહ ધુમાલ

આ મૅચ બાબતમાં વિરોધનો સૂર છે અને પાકિસ્તાન સામે ન જ રમવું જોઈએ એવું ઘણા કહી રહ્યા છે અને એને અનુલક્ષીને આઇપીએલના અધ્યક્ષે આ નિવેદન બહાર પાડ્યું છે.

મે મહિનામાં બન્ને દેશ વચ્ચે યુદ્ધ થયું ત્યાર પછી પહેલી જ વાર ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મૅચ રમાવાની છે. આ મૅચ રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે (ભારતીય સમય મુજબ રાત્રે ૮.૦૦ વાગ્યાથી) દુબઈમાં એશિયા કપમાં રમાશે. અરુણ ધુમાલે અહીં પત્રકારોને સંબોધતા કહ્યું હતું કે ‘કેન્દ્ર સરકારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે પાકિસ્તાન સામે ભારત દ્વિપક્ષી સિરીઝ નહીં રમે અને પાકિસ્તાન સામે ભારત માત્ર બહુરાષ્ટ્રીય ટૂર્નામેન્ટોમાં જ રમશે. અમે સરકારની સૂચનાનું જ પાલન કરી રહ્યા છીએ.’

**એશિયા કપમાં આગામી મુકાબલા**

**આજે**
શ્રીલંકા વિરુદ્ધ બાંગ્લાદેશ
અબુ ધાબી, રાત્રે ૮.૦૦

**આવતી કાલે**
ભારત વિરુદ્ધ પાકિસ્તાન
દુબઈ, રાત્રે ૮.૦૦

# પાકિસ્તાન સામેની મૅચના બહિષ્કારમાં આઇપીએલનું ફ્રૅન્ચાઇઝી પણ જોડાયું!

નવી દિલ્હી: એક તરફ ભારત રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે દુબઈમાં પાકિસ્તાન સામે ટી-૨૦ એશિયા કપના મુકાબલામાં ઊતરવાની તૈયારી કરી રહ્યું છે ત્યાં બીજી બાજુ આ મૅચને લઈને ભારતમાંથી જોરદાર વિરોધ થઈ રહ્યો છે જેમાં ભારતની જ જગવિખ્યાત ટૂર્નામેન્ટ આઇપીએલનું ફ્રૅન્ચાઇઝી પંજાબ કિંગ્સ પણ બાકાત નથી એવું એક ઘટના પરથી લાગી રહ્યું છે.

ભારતમાં આતંકવાદને પાકિસ્તાન દાયકાઓથી પ્રોત્સાહન આપી રહ્યું છે અને હજી ત્રણ જ મહિના પહેલાં એની સામે યુદ્ધ થયું એમ છતાં એની સામે ક્રિકેટ-મૅચ રમવામાં આવી રહી હોવા સામેના વિરોધ તરીકે પંજાબ કિંગ્સે અનોખું વલણ અપનાવ્યું છે. સોશ્યલ મીડિયા પર આગામી મૅચો વિશેની જાહેરાતમાં પંજાબ કિંગ્સે પાકિસ્તાનનો ઉલ્લેખ કરવાનું ટાળ્યું છે.

દુબઈની આ મૅચનો ભારતીય ટીમે બહિષ્કાર કરવો જોઈએ એ મુદ્દા પરની અરજી પર તાકીદે સુનાવણી રાખવાની સુપ્રીમ કોર્ટે ના પાડી દીધી છે ત્યાં પંજાબ કિંગ્સે નવતર પ્રયોગમાં જાણી જોઈને ભારતીય ટીમના આગામી હરીફ તરીકે પાકિસ્તાનનું નામ દર્શાવવાનું ટાળ્યું છે. લોકોની મોટા પ્રમાણમાં પ્રતિક્રિયાઓ આવતાં આ ફ્રૅન્ચાઇઝીએ એક્સ પર પોતાના હૅન્ડલ પર કમેન્ટ્સને ડિસએબલ કરી દેવી પડી હતી.

દિલ્હીના દીપક મિશ્રા નામના શખસે એક કમેન્ટમાં લખ્યું છે કે ‘ પાકિસ્તાનની ક્રિકેટ ટીમનો બહિષ્કાર કરવો હોય તો દ્વિપક્ષી સિરીઝ પૂરતો જ શા માટે, આઇસીસીની કે એસીસીની ટૂર્નામેન્ટમાં પણ કરો.’

ભારત અને પાકિસ્તાન વચ્ચે મૅચ રમાય ત્યારે કરોડો ક્રિકેટપ્રેમીઓ ઉપરાંત અન્ય ક્ષેત્રોના લોકો પણ પોતપોતાના રસ ખાતર એ મુકાબલા પર પૂરું ધ્યાન આપતા હોય છે.

# મહિલા ક્રિકેટ વર્લ્ડકપને લઈને આઈસીસીનો મોટો નિર્ણય

## અમ્પાયર સહિત તમામ અધિકારીઓ મહિલા જ

દુબઈ : આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી) એ ગુરુવારે ભારત અને શ્રીલંકામાં આ મહિનાના અંતમાં શરૂ થનારા વન-ડે વર્લ્ડ કપ માટે પ્રથમ વખત ફક્ત મહિલા અધિકારીઓને જવાબદારી સોંપી હતી. આ ટુર્નામેન્ટ ૩૦ સપ્ટેમ્બરે ગુવાહાટીમાં સંયુક્ત યજમાન ભારત અને શ્રીલંકા વચ્ચેની મેચ સાથે શરૂ થશે.

ભૂતપૂર્વ ભારતીય ખેલાડીઓ વૃંદા રાઠી, એન.જનની અને ગાયત્રી વેણુગોપાલનને પણ અમ્પાયરિંગ પેનલમાં સ્થાન મળ્યું છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને પ્રથમ મહિલા મેચ રેફરી જીએસ લક્ષ્મી ચાર સભ્યોની મેચ રેફરી પેનલનો ભાગ હશે. આઈસીસીએ કહ્યું હતું કે ક્લેર પોલોસેક, જેક્લીન વિલિયમ્સ અને સૂ રેડફર્ન તેમના ત્રીજા મહિલા વર્લ્ડ કપમાં અમ્પાયરિંગ કરશે.

આઈસીસી અધ્યક્ષ જય શાહે કહ્યું હતું કે ‘‘મેચ અધિકારીઓની પેનલમાં ફક્ત મહિલા અધિકારીઓનો સમાવેશ માત્ર એક મોટી સિદ્ધિ નથી પરંતુ ક્રિકેટમાં લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવા માટે આઈસીસીની અતૂટ પ્રતિબદ્ધતાનું મજબૂત પ્રતિબિંબ પણ છે.’’ તેમણે કહ્યું હતું કે, આ એક પ્રતીકાત્મક સંકેતથી ઘણું આગળ વધે છે. તે દૃશ્યતા, તક અને ભવિષ્યની પેઢીઓને પ્રેરણા આપી શકે તેવા અર્થપૂર્ણ રોલ મોડલ બનાવવા વિશે છે.’’ કોલંબો સહિત પાંચ સ્થળોએ આઠ ટીમો ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહી છે. ટુર્નામેન્ટ ૨ નવેમ્બરના રોજ સમાપ્ત થશે. ■

**મેચ રેફરી**
ટ્રુડી એન્ડરસન, શાન્દ્રે ફ્રિટ્ઝ, જીએસ લક્ષ્મી, મિશેલ પરેરા.

**અમ્પાયર**
લોરેન એજેનબેગ, કેન્ડેસ લા બોર્ડે, કિમ કોટન, સારા દંબનેવાના, શતિરા જાકિ જેસી, કરિન ક્લાસ્ટે, જનની એન, નિમાલી પરેરા, ક્લેયર પોલોસેક, વૃંદા રાઠી, સૂ રેડફર્ન, એલોઇસ શેરિડન, ગાયત્રી વેણુગોપાલન, જેકલિન વિલિયમ્સ.

# ઓસ્ટ્રેલિયા-એ ટીમને મોટો ઝટકો, ઇન્જર્ડ ઓલરાઉન્ડર એરોન હાર્ડી-આઉટ



મેલબર્ન : ઓલરાઉન્ડર એરોન હાર્ડી ખભાની ઈજાને કારણે ઓસ્ટ્રેલિયા-એના આગામી ભારત પ્રવાસમાંથી બહાર થઈ ગયો છે. વિક્ટોરિયાના ઓલરાઉન્ડર વિલ સધરલેન્ડ ઓસ્ટ્રેલિયન ટીમમાં હાર્ડીનું સ્થાન લેશે અને લખનઊમાં રમાનારી બે ચાર દિવસીય મેચમાંથી બીજી મેચ માટે ટીમમાં જોડાશે. સધરલેન્ડ પહેલાથી જ પ્રવાસ માટે વન-ડે ટીમનો ભાગ હતો અને હવે લખનઊમાં રમાનારી બીજી ચાર દિવસીય મેચમાં રમશે. વન-ડે ટીમમાં હાર્ડીના સ્થાને બીજા ખેલાડીની જાહેરાત પછી કરવામાં આવશે. હાર્ડી ચોથો ખેલાડી છે જેને ઈજાને કારણે ભારતીય પ્રવાસમાંથી બહાર કરવામાં આવ્યો છે. અગાઉ લાન્સ મોરિસ, બ્રોડી કાઉચ અને ક્વીન્સલેન્ડના ફાસ્ટ બોલર કેલમ વિડલર વિવિધ ઈજાઓને કારણે આ પ્રવાસમાંથી બહાર થઈ ગયા હતા.આ પ્રવાસ દરમિયાન ઓસ્ટ્રેલિયા-એની ટીમ બે બિનસત્તાવાર ટેસ્ટ અને ત્રણ બિનસત્તાવાર વન-ડે મેચ રમશે. ■

# ભારતના સાત્વિક-ચિરાગ હૉંગ કૉંગની બૅડમિન્ટન સ્પર્ધાની સેમિ ફાઇનલમાં પહોંચી ગયા

હૉંગ કૉંગ: છેલ્લાં થોડાં અઠવાડિયાથી સતત સારું રમી રહેલા ભારતના ટોચના બે બૅડમિન્ટન ખેલાડીઓ સાત્વિકસાઇરાજ રૅન્કિરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ શુક્રવારે હૉંગ કૉંગ ઓપનની ડબલ્સની સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

સાત્વિક-ચિરાગે ક્વૉર્ટર ફાઇનલમાં મલયેશિયન હરીફ જોડીને ૬૪ મિનિટ સુધી ચાલેલા મુકાબલામાં ૨૧-૧૪, ૨૦-૨૨, ૨૧-૧૬થી પરાજિત કરીને કુલ પાંચ લાખ ડૉલરના ઇનામવાળી આ સ્પર્ધાના લાસ્ટ-ફોરમાં



એન્ટ્રી કરી હતી.

આરિફ જુનૈદી અને રૉય કિંગ યાપે ત્રણેય ગેમમાં ભારતીય જોડીને ટક્કર આપી હતી જેમાં બીજી ગેમ તેમણે જીતી લીધી હતી. જોકે નિર્ણાયક ગેમમાં ભારતીય ખેલાડીઓએ પર્ફોર્મન્સ વધુ સુધારીને મલયેશિયન જોડીને કોઈ પણ તબક્કે સરસાઈ નહોતી લેવા દીધી અને છેવટે એ ગેમ ૨૧-૧૬થી જીતીને મૅચમાં વિજય મેળવી લીધો હતો.

સાત્વિક-ચિરાગે તાજેતરમાં જ વર્લ્ડ ચૅમ્પિયનશિપમાં બ્રૉન્ઝ મેડલ જીત્યા હતા. ગુરુવારે ભારતની આ વર્લ્ડ નંબર-નાઇન જોડીએ થાઇલૅન્ડના પીરાત્ચાઇ સુકફુન અને પૅક્કાપૉન તીરારતસાકુલને હરાવીને ક્વૉર્ટરમાં પ્રવેશ કર્યો હતો. ■

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ભારત-પાકિસ્તાન ક્રિકેટ-યુદ્ધને હવે ગણતરીના કલાકો બાકી

## મે મહિનામાં ભારતનાં સશસ્ત્ર દળોએ પાકિસ્તાનને ખેદાનમેદાન કરી નાખ્યું ત્યાર પછી હવે દુબઈના મેદાન પરના ક્રિકેટ-ઘર્ષણની તૈયારી થઈ ગઈ છે

ભારતીય ક્રિકેટમાં ભલભલી આઇસીસી ટૂર્નામેન્ટની ફાઇનલથી પણ વિશેષ છે પાકિસ્તાન સામેનો મુકાબલો. આ દુશ્મન-દેશ સામેની મૅચ નક્કી થાય એટલે કરોડો ક્રિકેટપ્રેમીઓ ગમે એમ કરીને એ મૅચ જોવા બધી પૂર્વતૈયારીઓ કરી લેતા હોય છે તો કેટલાકને પાકિસ્તાન સામે ક્રિકેટ મૅચ રમાય એ સામે વાંધો હોય છે એટલે તેઓ વિરોધ કેવી રીતે કરવો એ નક્કી કરી લેતા હોય છે. જે કંઈ હોય, એક મૅચનો સૌથી વધુ રૂપિયાનો ખેલો (... અને સટ્ટો પણ) આ મુકાબલા થકી જ થાય છે એટલે એ રમાય એવું જ આયોજકો સહિત મોટા ભાગના લોકો ઇચ્છતા હોય છે. આ વખતે (એશિયા કપમાં) પણ એવું જ છે. ભારતમાંથી થઈ રહેલા વિરોધ વચ્ચે દુબઈમાં રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે (ભારતીય સમય મુજબ રાત્રે ૮.૦૦ વાગ્યાથી) ભારત-પાકિસ્તાનની હાઈ-વૉલ્ટેજ ટક્કર કોઈ પણ સંજોગોમાં થશે જ.

એક તો ભારત-પાકિસ્તાન વચ્ચેનો ક્રિકેટ-જંગ ખેલકૂદ જગતમાં બે દેશ વચ્ચેના મુકાબલાઓમાં સૌથી વધુ ઘર્ષણવાળો ગણાય જ છે એમાં આ વખતે તો માહોલ અભૂતપૂર્વ છે. હજી ત્રણ મહિના પહેલાં ભારત-પાકિસ્તાન વચ્ચે ટૂંકુ યુદ્ધ થઈ ગયું અને ત્યાર પછી પહેલી જ વાર બન્ને દેશના ક્રિકેટરો સામસામે આવી રહ્યા છે. કાશ્મીરના પહલગામમાં ૨૬ હિન્દુ પર્યટકોની નિર્મમ હત્યા કરવા પાછળ પાકિસ્તાનનો જ હાથ હતો એટલે બે અઠવાડિયાં પછી નરેન્દ્ર મોદી સરકારે આપેલા છૂટા દોરને અનુસરીને ભારતીય સશસ્ત્ર દળો પાકિસ્તાનની ધરતી પર તૂટી પડ્યાં હતાં અને ત્યાંના આતંકવાદી સ્થાનોનો ખાતમો બોલાવવા ઉપરાંત પાકિસ્તાનના હવાઈ દળના મથકો પર પણ મિસાઇલો છોડીને અનેક મથકો ખેદાનમેદાન કરી નાખ્યાં હતાં.



ભારત અને પાકિસ્તાન વચ્ચે રવિવારે રાત્રે ૮.૦૦ વાગ્યાથી દુબઈના મેદાન પર ટી-૨૦નો જોરદાર જંગ જામશે.



ભારત-પાકિસ્તાન વચ્ચે છેલ્લે ૨૦૨૩માં એશિયા કપની મૅચ રમાઈ હતી. એ વન-ડે ફૉર્મેટમાં હતી જેમાં ૧૦ સપ્ટેમ્બરે કોલંબોમાં ભારતે રોહિત શર્માના સુકાનમાં બાબર આઝમની ટીમને ૨૨૮ રનથી કચડી નાખી હતી.

### એશિયા કપમાં કોનો હાથ ઉપર? કેમ ક્યારેય ફાઇનલ નથી રમાઈ?

એશિયા કપ ટૂર્નામેન્ટ ૧૯૮૪ની સાલથી રમાય છે. ટી-૨૦નું એકવીસમી સદીમાં આગમન થયું ત્યાર બાદ ટી-૨૦ ફૉર્મેટમાં પણ એશિયા કપ રમાય છે. જોકે એમાં ભારત સર્વોપરી રહ્યું છે. ભારત એશિયા કપના કુલ આઠ ટાઇટલ જીત્યું છે, જ્યારે છ ટાઇટલ શ્રીલંકાને, માત્ર બે ટાઇટલ પાકિસ્તાનને મળ્યા છે. જોકે નવાઈની વાત એ છે કે એશિયા કપમાં ક્યારેય ભારત અને પાકિસ્તાન વચ્ચે ફાઇનલ નથી રમાઈ. માત્ર લીગ સ્તરે કે સુપર-ફોર રાઉન્ડમાં જ બન્ને દેશ સામસામે આવ્યા છે. ક્યારેય પણ ફાઇનલમાં આ બે કટ્ટર દેશ સામસામે નથી આવ્યા.

એશિયા કપના ઇતિહાસમાં ભારત-પાકિસ્તાન વચ્ચે કુલ ૧૫ વન-ડે રમાઈ છે જેમાંથી આઠ ભારતે અને પાંચ પાકિસ્તાને જીતી છે. બે મૅચ અનિર્ણીત રહી છે. એશિયા કપના ત્રણ ટી-૨૦ મુકાબલામાંથી બે ભારતે જીત્યા છે, જ્યારે એકમાં પાકિસ્તાને વિજય મેળવ્યો છે. છેલ્લાં પાંચ વર્ષમાં ભારત-પાકિસ્તાન વચ્ચે પાંચ ટી-૨૦ મૅચ રમાઈ છે જેમાંથી ત્રણ ભારતે અને બે પાકિસ્તાને જીતી છે.

### દુબઈનો મુકાબલો પણ વન-સાઈડેડ બની શકે

હવે દુબઈના મેદાનની વાત પર પાછા આવીએ તો બન્ને દેશ વચ્ચેનો મુકાબલો પણ મે મહિનાના યુદ્ધની જેમ વન-સાઇડેડ જેવો બની શકે, કારણકે ભારતની ટીમમાં એક-એકથી ચડિયાતા મૅચ વિનર્સ છે, જ્યારે બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાન વિનાની પાકિસ્તાનની ટીમમાં ઘણા બિન-અનુભવી અને નવા ખેલાડીઓ સામેલ છે. બીજું, ભારતીય ટીમ યુએઇને ૫૭ રનમાં આઉટ કર્યા પછી એને નવ વિકેટે કચડીને હવે જબરદસ્ત જોશ અને ઝનૂન સાથે રવિવારની મૅચમાં રમવા મેદાન પર ઊતરશે.

### ભારત-પાકિસ્તાન ક્રિકેટ-ઘર્ષણના ઈતિહાસની રસપ્રદ ઈલેવન

૧ ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦ ત્રણેય ફૉર્મેટમાં પાકિસ્તાન સામેની પ્રથમ મૅચમાં ભારતે વિજય મેળવ્યો હતોઃ ઑક્ટોબર ૧૯૫૨ની ટેસ્ટમાં ભારતનો એક ઇનિંગ્સ અને ૭૦ રનથી વિજય, ઑક્ટોબર ૧૯૭૮ની વન-ડેમાં ભારતનો ચાર રનથી વિજય અને સપ્ટેમ્બર ૨૦૦૭ની ટી-૨૦માં ભારતનો ટાઇ બાદ બૉલ-આઉટમાં વિજય.

૨ ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦, ત્રણેય ફૉર્મેટમાં પાકિસ્તાન સામેની છેલ્લી મૅચનાં પરિણામોઃ ડિસેમ્બર ૨૦૦૭ની ટેસ્ટ ડ્રૉમાં ગઈ, ફેબ્રુઆરી ૨૦૨૫ની વન-ડેમાં ભારતનો છ વિકેટે વિજય અને જૂન ૨૦૨૪ની ટી-૨૦માં ભારતનો છ રનથી વિજય.

૩ કોણ વધુ ટ્રોફી જીત્યું?: ભારત વન-ડેના બે વર્લ્ડ કપ, ટી-૨૦ના બે વર્લ્ડ કપ અને ત્રણ ચૅમ્પિયન્સ ટ્રોફી જીત્યું. એ સાથે, ભારત કુલ સાત ટ્રોફી જીત્યું છે. પાકિસ્તાન વન-ડેનો એક અને ટી-૨૦નો એક વર્લ્ડ કપ તેમ જ એક ચૅમ્પિયન્સ ટ્રોફી મળીને કુલ ત્રણ જ ટ્રોફી જીત્યું છે.

૪ બન્ને દેશ વચ્ચે કુલ ૫૯ ટેસ્ટ રમાઈ જેમાંથી ૧૨ પાકિસ્તાને અને ૯ ભારતે જીતી, જ્યારે બાકીની ટેસ્ટ ડ્રૉમાં પરિણમી. કુલ ૧૩૬ વન-ડેમાંથી ૭૩ પાકિસ્તાને અને ૫૮ ભારતે જીતી, જ્યારે બાકીની મૅચ અનિર્ણીત રહી. કુલ ૧૩ ટી-૨૦માંથી ૧૦માં ભારતનો અને ત્રણમાં પાકિસ્તાનનો વિજય થયો.

૫ ૧૯૪૭માં ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા હતા. બન્ને દેશ વચ્ચે ૧૯૫૨માં પ્રથમ ટેસ્ટ રમાઈ હતી. ત્યારે પાકિસ્તાનની ટીમ ભારત આવી હતી. ત્યારે લાલા અમરનાથ ભારતના અને અબ્દુલ કારદાર પાકિસ્તાનના કૅપ્ટન હતા. એ શ્રેણીમાં પોલી ઉમરીગર (૨૫૮) સૌથી વધુ રન કરનાર બૅટ્સમૅન અને વિનુ માંકડ (૨૫ વિકેટ) સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યા હતા. ભારતે દિલ્હીમાં સિરીઝની પ્રથમ ટેસ્ટ એક દાવ અને ૭૦ રનથી જીતી લીધી હતી.

૬ ૧૯૬૧માં પાકિસ્તાની ટેસ્ટ ટીમે ભારતનો પ્રવાસ કર્યો ત્યાર બાદ બન્ને દેશ વચ્ચે છેક ૧૯૭૮માં નવી ટેસ્ટ-શ્રેણી રમાઈ હતી, કારણકે એ દરમ્યાનના ૧૭ વર્ષમાં બન્ને રાષ્ટ્ર વચ્ચે બે યુદ્ધ (૧૯૬૫માં અને ૧૯૭૧માં) યુદ્ધ થયાં હતાં. એ બન્ને યુદ્ધમાં ભારતે પાકિસ્તાનને કચડી નાખ્યું હતું.

૭ પાકિસ્તાન દાયકાઓથી આતંકવાદીઓને તાલીમ આપીને ભારતમાં બૉમ્બ-ધડાકા તથા હુમલા કરવા મોકલતું રહ્યું છે જેને પગલે ઘણી વખત બન્ને દેશ વચ્ચેના ક્રિકેટ સંબંધોને બ્રેક લાગી છે. ૧૯૮૦ના દાયકાના પાછલાં વર્ષોમાં અને ૧૯૯૦ના દાયકામાં મોટા ભાગે બન્ને દેશ મોટા ભાગે તટસ્થ સ્થળે જ સામસામે ક્રિકેટ મૅચ રમ્યા હતા જેમાં ખાસ કરીને એવી મૅચો શારજાહમાં રમાઈ હતી.

૮ વન-ડે વર્લ્ડ કપ, ટી-૨૦ વર્લ્ડ કપ, ચૅમ્પિયન્સ ટ્રોફી, ઑસ્ટ્રેલેશિયા (ઑસ્ટ્રેલિયા-એશિયા) કપ તેમ જ એશિયા કપ જેવી ટૂર્નામેન્ટોને કારણે ભારત-પાકિસ્તાન વચ્ચે મુકાબલા રાખવાનું સરળ બન્યું છે, પરંતુ ૧૯૯૯માં એ સમયના વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી પાકિસ્તાનના ઐતિહાસિક પ્રવાસે જઈ આવ્યા ત્યાર પછી બન્ને દેશ વચ્ચેના ક્રિકેટ-સંબંધો થોડા મહિના માટે સુધર્યા હતા, પરંતુ પાકિસ્તાને ફરી એની ઔકાત બતાવી અને કારગિલ યુદ્ધને પગલે ફરી ક્રિકેટ-સંબંધોને બ્રેક લાગી ગઈ હતી.

૯ વાજપેયીના સંનિષ્ઠ પ્રયાસોને પગલે ફરી બન્ને દેશ વચ્ચે ક્રિકેટ-સંબંધો સુધર્યા હતા જેમાં ૨૦૦૩માં ભારતીય ક્રિકેટ ટીમ (૧૫ વર્ષે) પાકિસ્તાનના પ્રવાસે ગઈ હતી, પરંતુ ૨૦૦૮માં પાકિસ્તાને મુંબઈમાં ટેરર-અટૅક કરાવ્યા ત્યારથી ભારતે પાકિસ્તાન સાથેના દ્વિપક્ષી ક્રિકેટના (વન-ટૂ-વન સિરીઝના) સંબંધો તોડી નાખ્યા છે અને બન્ને દેશ વચ્ચે કોઈ દ્વિપક્ષી ટેસ્ટ-શ્રેણી, વન-ડે શ્રેણી કે ટી-૨૦ શ્રેણી નથી રમાઈ અને ૨૦૦૯થી માંડીને ૨૦૨૫ સુધીમાં પાકિસ્તાનના કોઈ જ ખેલાડીને આઇપીએલમાં નથી રમવા દેવાયા.

૧૦ ૨૦૦૯માં લાહોરમાં શ્રીલંકન ક્રિકેટ ટીમ પરના આતંકવાદી હુમલા બાદ ભારતે પોતાના ખેલાડીઓને ક્યારેય પાકિસ્તાન નથી મોકલ્યા. ભારતમાં રમાતી બહુરાષ્ટ્રીય ક્રિકેટ સ્પર્ધામાં (આઇસીસીના નિયમને અનુસરીને) પાકિસ્તાનના ખેલાડીઓને રમવાની ભારત સરકાર દ્વારા છૂટ મળે છે અને એવો કિસ્સો છેલ્લે ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપમાં બન્યો હતો જેમાં અમદાવાદમાં ભારત-પાકિસ્તાનની હાઈ-વૉલ્ટેજ મૅચ રમાઈ હતી.

૧૧ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટોમાં ભારતનો હાથ ઉપર રહ્યો છે. ૧૬માંથી ૧૫ મુકાબલામાં ભારતનો જયજયકાર થયો છેઃ વન-ડેના વર્લ્ડ કપમાં ભારતની ૮-૦થી ક્લીન સ્વીપ અને ટી-૨૦ના વર્લ્ડ કપમાં ભારત ૭-૧થી આગળ. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# જાપાનીઝ ઓર્ગેનાઈઝેશનનો ખરો અનુભવ કરાવે છે ટોક્યો ઈમ્પિરિયલ પેલેસ...

**ટોક્યોમાં** વિતાવેલ દરેક ક્ષણમાં કંઇ ને કંઇ ખાસ બન્યું હતું, જોવા મળ્યું હતું, ખાવા મળ્યું હતું. તેમાં થોડી ભીડમાં રસ્તો કાઢવાની ભારતીય આવડત પણ કામ લાગતી હતી. ખાસ તો લોકપ્રિય વિસ્તારોમાં તો ઘણાં સ્થળોએ લોકો જાણે માથે જ પડતાં હતાં. મોટા ભાગે તે બધું જરા ઓર્ગેનાઇઝ્ડ રીતે બનતું હતું. શહેરના મધ્યે જાપાનીઝ કલ્ચરના પ્રતીક જેવો એક ભવ્ય છતાંય પ્રમાણમાં જાપાનીઝ નમ્રતાથી ભરેલો હોય તેવો કિલ્લો હતો. એવી ટેકરી પર હતો કે દૂરથી જ દેખાઈ જતો હતો. જોકે આ એવી જગ્યા નથી જ્યાં સારો ફોટો પડાવીને આગળ ચાલો. થોડો પણ શહેર અને તેના ઇતિહાસ અને બેકગ્રાઉન્ડમાં રસ હોય તો આ પેલેસની ગાઈડેડ ટૂર લીધા વિના ટોક્યો છોડવું નહીં. પેલેસ અને કાસલ બંનેની વાત થઈ રહી છે. આખો ઓલમોસ્ટ બે માઇલ રેડિયસનો વિસ્તાર પેલેસનો ભાગ છે. અંદર એક ટેકરી પર પારંપરિક કિલ્લો ત્યાંનો ખ્યાતનામ એડો કાસલ છે.

પેલેસનું ઇસ્ટ ગાર્ડન પબ્લિક માટે ઓપન જ છે. ત્યાંની આસપાસ એક સર્ક્યુલર જોગિંગ ટ્રેક પણ છે. એક રીતે જોવા જાઓ તો આ પેલેસ ટોક્યોના ખીચોખીચ માહોલ વચ્ચે એક રિલેક્સિંગ વાતાવરણ ઊભું કરે છે. એટલું જ નહીં, આ પેલેસમાં જ્યારે ધારો ત્યારે જઈ નથી શકાતું. ખાસ તો અંદરની ગાઈડેડ ટૂર જરા પ્લાનિંગ માગી લે તેમ છે. ત્યાં જવા માટે પહેલેથી જ ઓનલાઈન ટિકિટ બુક કરાવવી પડે છે, અને ઓનલાઇન રોજની માંડ ૩૦૦ ટિકિટ છે. એટલે તે મળશે એવી અમે કોઈ અપેક્ષા પણ ન રાખી. ત્યાં ગાઇડેડ ટૂર શરૂ થતા પહેલાં રજિસ્ટર કરાવીને બીજી ૨૦૦ જેટલી ટિકિટ ઉપલબ્ધ હોય છે. તેના માટે સવારમાં કિક્યો મોન ગેટની બહાર લાઈન લગાવવી પડે છે. સ્વાભાવિક છે જાપાનમાં કોઈ પણ સારા અનુભવ પહેલાં એક લાઈન જરૂર હોવાની.

ઓન ધ સ્પોટ ટિકિટ સાથે ૯ વાગ્યે એન્ટ્રી છે. લાઇન લગાવવાનું લોકો કમ સે કમ ૮ વાગ્યે તો ચાલુ કરી જ દેતા હશે. અમે ૮ વાગ્યે ત્યાં પહોંચ્યાં ત્યાં સુધીમાં અમારી આગળ ઓલમોસ્ટ ૨૦૦ લોકો હોય તેવું લાગતું હતું. હવે નસીબ અજમાવવા માટે ત્યાં લાઇનમાં કલાક વિતાવ્યો. એટલું જ નહીં, અમારા પછી પણ બીજા ૫૦ જેટલાં લોકો આવી ગયાં હતાં. પાછળથી આવનારાં મોટાભાગે ટૂરિસ્ટ હતાં. અગાઉથી જ લાઈન લગાવી ચૂકેલામાં મોટાભાગનાં જાપાનીઝ ટૂરિસ્ટ્સ હતાં. તે પછીનો એક કલાક રહસ્યથી ભરેલો રહ્યો. જોકે સાડા આઠની આસપાસ ફોર્મ મળવા લાગ્યાં અને તે સમયે ત્યાં હાજર દરેક વ્યક્તિને ફોર્મ આપવામાં આવ્યું. તેમણે માત્ર ૨૦૦ લોકોની લિમિટનો આગ્રહ રાખ્યો નહીં, અને જેટલા પણ મુલાકાતીઓ એ ફોર્મ મારફતે રજિસ્ટર કરી શક્યાં તેમને પણ એન્ટ્રી મળી. ઓનલાઈન ઓલરેડી રજિસ્ટર કરાવીને આવેલાં શાણાં લોકોની એન્ટ્રી માટે અલગ લાઈન હતી. કોણ જાણે કેટલાં વર્ષો પહેલાં આ લોકો સાઇટ પર પહોંચીને પેલેસમાં આ તારીખે આટલા વાગ્યે પહોંચી જઈશું એ ખાતરી સાથે જિંદગી જીવતાં હોય છે.


સ્પોન્ટેનિયસ રહેવામાં પણ જાપાનમાં થોડું પ્લાનિંગ તો કરવું જ પડે. એવામાં ઘણી ગડમથલ અને ફોર્મની ફોર્માલિટી પછી જ્યારે અંદર જવા મળ્યું ત્યારે અમને એક ટોકન આપવામાં આવ્યું. હવે અમે આખો દિવસ અંદર પેલેસ અને તેના ગાર્ડનમાં વિતાવી શકીએ, પણ એકવાર આ ટોકન પાછું આપીએ પછી ફરી અંદર આવવા ન મળે. અમને તો એમ કે એક વાર અંદર પ્રવેશીએ એટલે ગાઇડ અમને મળીને પોતાનું કામ ચાલુ કરી દેશે, પણ જાપાન એમ કંઇ ઓર્ગેનાઇઝ કરવાનો કોઈ મોકો છોડે નહીં. અમને બધાંને એક લાઈનમાં એક મોટા ઓડિટોરિયમમાં લઈ જવામાં આવ્યાં. ત્યાં આ પેલેસ વિષે પ્રાથમિક માહિતી આપતી એક ફિલ્મ અંગ્રેજીમાં અને જાપાનીઝમાં બતાવવામાં આવી રહી હતી. બધાંને કઈ ભાષામાં ગાઇડેડ ટૂર લેવી છે એ રીતે વિભાગોમાં બેન્ચ પર બેસાડવામાં આવ્યાં. કોઈ સ્કૂલ કે કોલેજના ઓરિયેન્ટેશન જેવો માહોલ બની ગયો હતો. એક વાર પેલેસની બુકલેટ હાથમાં આવી પછી તેના વિષે શક્ય એટલું બધું જાણી લેવાની ઉત્સુકતા પણ આવી ગઈ. સવારમાં ઘણાં વહેલાં ઊઠીને આ ગાઇડેડ ટૂર ચૂકી ન જવાય તેના માટે જે ઝપાટો કરવો પડ્યો હતો તે પછી આ બેન્ચ પર બેસીને જ કોઈ સારી કોલેજમાં એડમિશન મળી ગયું હોય તેવું એચિવમેન્ટ ફીલ થતું હતું.

અમને ઓડિયો ગાઇડ ડિવાઇસ આપવામાં આવ્યાં અને સાથે એક રિટાયર્ડ પ્રોફેસર જેવાં લાગતાં જાપાનીઝ માજી અમારાં લાઈવ ગાઈડ બનીને સાથે આવવાનાં હતાં. અમે હવે એડો સમયનાં લડવૈયાઓ, મેઇજી રેસ્ટોરેશન, જાપાનીઝ આર્કિટેક્ચર, લાવર ગાર્ડન્સ, અને ટોક્યોના ભૂતકાળની વાર્તાઓ માટે સજ્જ હતાં. બધું એકદમ ક્લોકવર્કની માફક ચાલી રહ્યું હતું. ત્યાં ગાર્ડનમાં કયા મહિનામાં ક્યાં ફૂલો જોવા મળશે તેની અલગ ગાઈડ મોજૂદ હતી. તે સમયે અમારે પ્લમ અને ચેરી બ્લોસમ્સ પર ધ્યાન આપવાનું હતું. હજી માર્ચમાં ખરી બ્લોસમ સિઝન શરૂ ન હતી થઈ, પણ રંગીન બડ્સ દેખાવાં લાગ્યા હતાં. હવે આ પેલેસમાં કઈ ઇમારત ક્યારે બંધાઈ, કયા બ્રિજનો શું ઉપયોગ થયો, કયા મ્યુઝિયમમાં શું રહસ્ય જાણવા મળશે તે બધું અમારી સામે ખૂલવાનું હતું.


શરૂઆત ક્યોકો ગાયેન પાર્કથી થઈ અને થોડી જ પળોમાં અમે ભૂલી ગયાં કે અમે ધમધમતા ટોક્યો શહેરની બરાબર વચ્ચે હતાં. ૫૫૦ વર્ષ પહેલાંના આ કિલ્લાના દરેક ખૂણાને જોવામાં એક દિવસ તો ક્યાં જતો રહે ખબર પણ ન પડે. ગાઈડેડ ટૂર માત્ર ૭૫ મિનિટની હતી, પણ તે પૂરી થયાં પછી અમે ખરું એક્સપ્લોરેશન શરૂ કર્યું. ■







## પ્રકરણ-૫




‘હેલિકૉપ્ટર દુર્ઘટના સ્થળેથી મળેલા છોકરીના શબનું રહસ્ય ઘેરાઈ રહ્યું છે... તપાસ માટે એસઆઈટી નીમવામાં આવી, પણ હજુ તેમના હાથ ખાલી... અધિકારીઓ મીડિયા સાથે વાત કરવાનું ટાળી રહ્યા છે... એમની આ ચુપકીદી નિષ્ફળતા દર્શાવે છે...’

વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકરે ગુસ્સામાં ટીવી બંધ કરી રિમોટ સોફા પર પટક્યો.

પક્ષના અમુક કાર્યકરો જાંભુળકરને મળવા તેમના નિવાસસ્થાને આવ્યા હતા. કાર્યકરો સાથે ચર્ચા ચાલુ હતી ત્યારે ટીવી પર હેલિકૉપ્ટર દુર્ઘટનાને લગતા ન્યૂઝ આવવા લાગ્યા. અણગમતા સમાચારને કારણે જાંભુળકરનું મોં બગડ્યું.

‘એ... હિલતા મકાન! કહાં હૈ તું?’ જાંભુળકરે તેમના પર્સનલ આસિસ્ટન્ટ (પીએ) પ્રસન્ન ચૌધરીને બૂમ પાડી.

ચૌધરી સોફાની પાછળ થોડે દૂર ઊભો રહીને મોબાઈલ પર વાત કરતો હતો. જાંભુળકરનો અવાજ સાંભળી ચૌધરીએ સામેની વ્યક્તિને ‘પછી વાત કરીએ...’ કહી કૉલ કટ કર્યો.

‘જી... સા’બ!’ બિહારના વતની ચૌધરીનાં હિન્દી સિવાયની ભાષામાં વાતચીત કરવાનાં ફાંફાં હતાં એટલે જાંભુળકરે તેની સાથે હિન્દીમાં વાત કરવી પડતી.

‘આ આખો દિવસ ફોન પર જ હોય છે. કોણે જાણે કોની સાથે આટલી વાતો કરે છે.’ જાંભુળકરે કાર્યકરો તરફ જોઈ કહ્યું.

‘ગર્લફ્રેન્ડનાં ચક્કર હશે, સાહેબ!’ એક કાર્યકરે આંખ મીંચકારતાં કહ્યું.

‘આનાથી કઈ છોકરી પટવાની હતી?’ જાંભુળકરે કટાક્ષ કર્યો.

જોકે આ કટાક્ષ અસ્થાને નહોતો. ચૌધરીનો વાન ગોરો હતો, પણ તેના હાવભાવ સ્ત્રૈણ જેવા હતા. વાતચીત કરતી વખતે તેના હાથ-પગની હલનચલન સતત ચાલુ રહેતી. એટલે અજાણતાં જ તેનું નામ હિલતા મકાન પડી ગયું હતું. કોઈ કંઈ પણ ટિપ્પણી કરે, પરંતુ ચૌધરીના ચહેરા પર હંમેશાં હાસ્ય રહેતું, જે તેના નામ પ્રસન્નને બંધબેસતું લાગતું.

‘અરે, ચૌધરી... જરા ડીસીપી સે બાત કરાઓ મેરી.’ જાંભુળકરે કહ્યું: ‘ઉનસે પૂછતે હૈ... આખીર ક્યા કર રહી હૈ પુલીસ!’

‘જી... સા’બ!’ કહીને ચૌધરી કૉલ કરવામાં વ્યસ્ત થઈ ગયો.

‘વિરોધ પક્ષ ચૂપ નહીં રહે. એ લોકો વિરોધ દર્શાવવાના કોઈને કોઈ પેંતરા વિચારતા હશે!’ જાંભુળકરે કાર્યકરોને કહ્યું.

‘સાહેબ, આવો મોકો એ લોકો નહીં છોડે!’ એક કાર્યકરે ઝુકાવ્યું.

‘એ તો ટાંપીને જ બેઠા હોય છે. અત્યારે બાપટ થાપટ મારવા તલપાપડ થયો હશે!’ જાંભુળકરે વિરોધી પક્ષ નેતા ગજાનન બાપટનો ઉલ્લેખ કરી ચિંતા વ્યક્ત કરી.

‘સા’બ! ડીસીપી મીટિંગ મેં હૈ... બાદ મેં ફોન કરેંગે, ઐસા ઉનકે ઑર્ડરલીને કહા.’ ચૌધરીએ ડીસીપી સાથે સંપર્ક ન થયો એની જાણકારી હલતાં હલતાં આપી.

‘ઠીક હૈ... ફોન આયે તો મુઝે બતાના.’ કહીને જાંભુળકરે વાત પૂરી કરી.

‘સાહેબ, પત્રકારોને બોલાવીને આપણે આ કેસને ગંભીરતાથી લઈને ઘણા ધમપછાડા કરી રહ્યા છીએ એવું દર્શાવીએ તો?’ કાર્યકરે સૂચવ્યું.

‘આ સૂચન યોગ્ય છે... વિરોધ પક્ષને બોલવાની તક ન આપવી જોઈએ.’ બીજા કાર્યકરે સમર્થન આપ્યું:

‘એ લોકો ફુગ્ગો ફુલાવે એ પહેલાં એમાંથી હવા જ કાઢી લઈએ!’

‘હાં... હવે તો આ મામલો દબાવવા આવાં જ કંઈ ગતકડાં કરવાં પડશે.’ જાંભુળકરે બેબાકળા થતાં કહ્યું: ‘કોણ જાણે છોકરીનું શબ ક્યાંથી આવી ટપક્યું અને પોલીસને હાથ લાગ્યું!’

* * *

બપોરે સમય ન મળતાં છેક સાંજે પાંચ વાગ્યે ગોહિલ જમવા બેઠો હતો. ક્રાઈમ બ્રાન્ચે લૂંટના એક અન્ય કેસમાં પકડેલા આરોપીઓને સુનાવણી માટે કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. તપાસ અધિકારી તરીકે ગોહિલે કોર્ટમાં જવું પડ્યું હતું અને ત્યાં જ તેને મોડું થઈ ગયું હતું.

સામાન્ય રીતે બપોરે જમવા માટે ગોહિલ ઘરે આવતો નહીં, પણ કૂપર હૉસ્પિટલમાંથી ફોન આવ્યો હતો. હૉસ્પિટલે જવાનું હોવાથી તે આરે પોલીસ સ્ટેશન જવાને બદલે ઘરે આવ્યો હતો. ગોહિલને સંતાન નહોતું. પોલીસ ક્વાર્ટર્સની દયનીય હાલત જોતાં પત્ની તૃપ્તિ ત્યાં રહેવા તૈયાર નહોતી એટલે અંધેરીમાં જ ભાડાના ફ્લૅટમાં તે પત્ની સાથે રહેતો હતો.

ગોહિલ ઉતાવળે કોળિયા મોંમાં નાખતો હતો અને સામે બેસેલી તૃપ્તિ તેને પલક ઝબકાવ્યા વિના એકટશે જોઈ રહી હતી.

‘શું છે?’ ગોહિલે આખરે પૂછી લીધું.

‘કંઈ નહીં... મારી વાત યાદ છેને?’ તૃપ્તિએ જાણીજોઈને થોડા મોટા અવાજે પૂછ્યું.

‘કઈ વાત?’

‘લો... કઈ વાત! ભૂલી ગયાને?’

‘સીધેસીધું બોલી દેને... શું કહેવા માગે છે?’ હવે ગોહિલની ધીરજ ખૂટી.

‘જન્મદિને ફરવા લઈ જવાની વાત!’ વધુ સતાવ્યા વિના તૃપ્તિએ પણ કહી દીધું.

કોળિયો પકડેલો ગોહિલનો હાથ ક્ષણેક માટે જાણે જકડાઈ ગયો.

‘તૂતી ડાર્લિંગ... મને યાદ છે.’ ગોહિલ વિનવણીના સૂરમાં બોલવા લાગ્યો: ‘હમણાં એક મોટા અને સંવેદનશીલ કેસમાં અટવાયો છું... એટલે ધ્યાન બહાર રહી ગયું. હું સમય કાઢું છું... આપણે જઈશું!’

તૃપ્તિ કંઈ બોલે એ પહેલાં કોન્સ્ટેબલ નામદેવ દળવીનો ફોન આવ્યો એટલે દંપતી વચ્ચેની મીઠી તકરાર અધૂરી રહી ગઈ.

‘બોલ... દળવી!’

‘સર, એ મહિલાનું નામ હરલીન જુનેજા છે... મીરા રોડમાં રહેતી હતી.’

આરેના જંગલમાં ફરી કાર અકસ્માતની ઘટના બની હતી અને કારમાં મહિલાની લાશ હતી. કાર મહિલા ડ્રાઈવ કરતી હતી.

સવારે આ ઘટનાની જાણ દળવીએ કરી ત્યારે ગોહિલને કોર્ટ જવાનું હતું. આરે પોલીસ તપાસમાં લાગી હોવાથી તેણે ઘટનાસ્થળે જવાનું ટાળ્યું હતું અને માત્ર ઘટનાની માહિતી આપવાનું દળવીને કહ્યું હતું.

**હાં... હવે તો આ મામલો દબાવવા આવાં જ કંઈ ગતકડાં કરવાં પડશે. કોણ જાણે છોકરીનું શબ ક્યાંથી આવી ટપક્યું અને પોલીસને હાથ લાગ્યું...**

‘પવઈ નજીકની મલ્ટિનૅશનલ કંપનીની અધિકારી હતી હરલીન... રોજ આરેના માર્ગે જ ગોરેગામ હાઈવે પહોંચીને ઘરે જતી.’

દળવીએ જાણકારી આપવાનું ચાલુ રાખ્યું: ‘...પણ કાલે રાતે તેને ઑફિસમાં મોડું થઈ ગયું હતું.’

‘કેટલા વાગ્યે ઘટના બની હશે?’ ગોહિલે પૂછ્યું.

‘સર... પવઈ તરફના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ જોતાં કાર મધરાતે દોઢ વાગ્યે આરેના માર્ગ પર પ્રવેશતી નજરે પડે છે, પણ સર, મહત્ત્વની વાત એ છે કે...’

દળવી બોલતાં અટકી ગયો એટલે ગોહિલે પૂછ્યું: ‘શું છે મહત્ત્વની વાત?’

‘સર... આ ઘટના પણ યુનિટ સોળ પાસે બની છે!’

આ વાત સાંભળીને ગોહિલને પણ આશ્ચર્ય થયું.

‘મોબાઈલ પરથી કોઈ માહિતી? તેના પરિવારજનોનું શું કહેવું છે?’ ગોહિલે પ્રશ્નો કર્યા.

‘ચ્યા માયલા... તે મી વિસરલોચ! એ બધી વિગતો હજુ મેં કામતસાહેબ પાસેથી લીધી નથી!’ દળવી અસ્સલ મિજાજમાં બોલ્યો.

‘કામત કરે છે આ કેસની તપાસ?’

‘હાં... સર!’

‘ઠીક છે... હું એની સાથે વાત કરી લઈશ.’ કહીને ગોહિલે કહ્યું: ‘આજે હું ત્યાં નથી આવવાનો... કદમ સાથે કૂપર જઈ રહ્યો છું.’

‘ઓકે.’ કહીને દળવીએ કૉલ કટ કર્યો.

* * *

ઈન્સ્પેક્ટર રવિ કદમ સમય કરતાં વહેલો કૂપર હૉસ્પિટલમાં પહોંચી ગયો હતો. પોસ્ટમોર્ટમ કરનારા ડૉક્ટરને મળવાને બદલે તેણે હૉસ્પિટલની બિલ્ડિંગ પાસે ઊભા રહી ગોહિલની રાહ જોવાનું મુનાસિબ માન્યું.

વીસેક મિનિટ પછી ગોહિલની બાઈક હૉસ્પિટલના મેઈન ગેટથી કમ્પાઉન્ડમાં આવતી નજરે પડી એટલે કદમ એટેન્શનમાં આવી ગયો. બાઈક પાર્ક કરીને ગોહિલ કદમ તરફ આગળ વધ્યો.

‘સૉરી... મને થોડું મોડું થઈ ગયું!’ ગોહિલે અમસ્તા વિવેક દાખવ્યો.

‘નો... નો... સર! હું જ વહેલો આવી ગયો હતો!’ કદમે પણ સામે વિવેક બતાવ્યો.

‘ચાલ... ડૉક્ટરની ટીમ નીકળી જાય તે પહેલાં આપણે મળી લઈએ.’

ગોહિલે ઉમેર્યું: ‘ડૉક્ટરનું કહેવું છે કે જરૂરી માહિતી આપવી છે!’

વાત કરતાં કરતાં બન્ને ડૉક્ટરની કૅબિનમાં પહોંચ્યા. કૅબિનમાં પોસ્ટમોર્ટમ કરનારી ટીમ હાજર હતી. ટીમના વડા ડૉ. ભાવિક માજીવડેએ બેસવાનો ઇશારો કરતાં ગોહિલ અને કદમ ખુરશીમાં ગોઠવાયા.

‘બોલો, ડૉક્ટરસાહેબ... કઈ મહત્ત્વની માહિતી હતી, જેના માટે તમે અમને અહીં બોલાવ્યા?’ ગોહિલે વાતની શરૂઆત કરી.

‘ઑફિસર, છોકરીનું શબ પખવાડિયા જૂનું હોવાથી તેના ડિટેઈલ પોસ્ટમોર્ટમનો અભિપ્રાય અમે આપ્યો હતો. આમાં ફોરેન્સિક એક્સપર્ટની પણ મદદ લેવાઈ રહી છે.’ ડૉ. માજીવડે બોલી રહ્યા હતા.

‘તમને વિગતવાર પોસ્ટમોર્ટમનો રિપોર્ટ અને ફોરેન્સિક રિપોર્ટ સાથે આપવામાં આવશે, પણ...’

ડૉ. માજીવડે થોડું અટક્યા એટલે ઈન્સ્પેક્ટર કદમે પૂછ્યું: ‘...પણ શું ડૉક્ટરસાહેબ?’

‘...પણ એમાં સમય લાગી શકે અને તમારી તપાસ કારણ વગર અટવાયા કરે.’

ડૉ. માજીવડેએ કહ્યું: ‘એટલે એ મળેલી બૉડીની ઈમ્પોર્ટન્ટ વાત કહેવા તમને બોલાવ્યા છે.’

ગોહિલ અને કદમ ડૉક્ટરની વાત ધ્યાનથી સાંભળતા હતા.

‘છોકરીની ઉંમર સોળથી અઢાર વર્ષની હશે. પખવાડિયા પહેલાં મરી હોવાથી તેનું શબ કોહવાવા લાગ્યું છે. અને...’

ડૉ. માજીવડેની ટીમના એક ડૉક્ટરે કહ્યું: ‘તેના પર રૅપ થયાની શક્યતા વિશે તમે પૂછ્યું હતુંને?... તો છોકરી સાથે એવું કંઈ નથી થયું.’

‘યસ... છોકરી સાથે રૅપ નથી થયો અને તે સેક્સ્યુઅલી ઍક્ટિવ પણ નહોતી.’ બીજા ડૉક્ટરે અભિપ્રાય આપ્યો.

‘એટલે છોકરીનો કોઈ બૉયફ્રેન્ડ હોય તેવું લાગતું નથી. તમે આ કેસમાં એવા કોઈ મુદ્દા પર વિચારતા હો તો એનો છેદ ઉડાડી દો... આ તો કંઈ અલગ જ કારસ્તાન જણાય છે!’ ડૉક્ટરે અનુસંધાન સાધ્યું.

‘અમે એવા તર્ક પર આવ્યા છીએ કે છોકરીનું મૃત્યુ કુદરતી નહીં હોય... ઑફિસર, તેની હત્યા થઈ હશે!’ ડૉ. માજીવડેએ આપેલી માહિતીથી ગોહિલ અને કદમ ચોંક્યા.

‘એથી આંચકાજનક વાત એટલે છોકરીનું હાર્ટ... હૃદય ગુમ છે!’

‘વ્હૉટ?!’

(ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ફંગોળવું | બીક |
| ફંટાવું | પરિણામ |
| ફંદો | અલગ પડવું |
| ફડક | કારસ્તાન |
| ફલશ્રુતિ | ફેંકવું |

### ઓળખાણ પડી?



ગુજરાતમાં અનેક ઠેકાણે જોવા મળતા ગોળ લાડવા જેવા ફળની ઓળખાણ પડી? એમાં ગોળ અથવા સાકર નાખીને ચટણી બનાવાય છે.

અ) અંજીર બ) ફાલસા ક) કોઠું ડ) પિતાયા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઓ | ળ | ૨ ખ | ૩ પ | ત્ર | | ૪ બ | હિ | ષ્કા | ૫ ર |
| ર | | ૬ મ | તિ | | ૭ આ | હા | | | મ |
| ૮ મા | ૯ ર | ણ | | ૧૦ ઉ | ધા | ર | | ૧૧ ત | ત |
| ૧૨ યું | ગ | | ૧૩ સુ | પ | ર | | ૧૪ અ | ડ | ગ |
| | ત | | ૧૫ મ | રી | | ૧૬ અ | નુ | પ | મ |
| | ૧૭ પિ | પા | સા | | ૧૮ અ | | જ | | ત |
| ૧૯ સા | ત | | મ | | ૨૦ મ | ણિ | | ૨૦-અ ઘા | |
| ત | | ૨૧ અં | | ૨૨ કો | રા | | ૨૨-અ ચિં | ત | ૨૩ ન |
| ૨૪ તા | રાં | કિ | ૨૫ ત | | ૨૬ પુ | ૨૬-અ જા | તા | | સ |
| ળી | | ૨૭ ત | ર | વા | રી | યો | | ૨૮ ત | લ |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ | |
| ૭ | | | | ૮ | | | | | |
| ૯ | | | ૧૦ | | | | | ૧૧ | ૧૨ |
| | | ૧૩ | | | ૧૪ | | ૧૫ | | |
| | ૧૬ | | | | | | ૧૭ | ૧૮ | |
| ૧૯ | | | | ૨૦ | | | ૨૧ | | |
| | ૨૨ | | | ૨૩ | | | | | |
| | | | ૨૪ | | | | ૨૫ | | ૨૬ |
| ૨૭ | | ૨૮ | | | | ૨૯ | | | |
| | | ૩૦ | | | | | | ૩૧ | |

**આડી ચાવી**

૧. તરખાટ, સ્તબ્ધતાની વ્યાપક અસર (૫)
૫. બહાનું કાઢવા, આનાકાની (૪)
૭. આકાશ (૩)
૮. એક દિશા (૩)
૯. બાળવાર્તામાં આવે (૨)
૧૦. એકાણું પછી આવે (૨)
૧૧. પુનઃ (૨)
૧૩. વજન, બોજ (૨)
૧૪. એક ઓજાર (૩)
૧૬. સુંદર, ભલે, સારું (૩)
૧૭. વિષય વાસના (૩)
૧૯. ભગવાનની --- ઉતારો (૩)
૨૦. જન્મ દિવસે --- બત્તી બૂઝાવો (૨)
૨૧. વિદ્વાન, ભણેલો ગણેલો (૩)
૨૨. નક્કી, નિશ્ચિત (૨)
૨૩. અંકુશ (૩)
૨૪. ફૂલ ઉપર મંડરાય (૩)
૨૫. પીળાશ ફિક્કાશ (૩)
૨૭. સેવા, ચાકરી (૩)
૨૯. --- કરે તેને મેવા મળે (૨)
૩૦. ઘોડો (૩)
૩૧. પ્રવાસ (અં.) (૨)

**ઊભી ચાવી**

૧. સંબંધ, વેવિશાળ, સગાઇ (૪)
૨. શહેર (૩)
૩. વર્ષ (૨)
૪. પંચાંગ (૩)
૫. ઉદાસ, દુઃખી (૪)
૬. એ બાજુ (૩)
૧૦. એકાદશી પછી આવે (૩)
૧૨. પદ્ધતિસર (૪)
૧૩. ભારતનું (૪)
૧૪. આકર્ષક (૫)
૧૫. અચાનક (૩)
૧૬. ભૂલથી (૫)
૧૮. છાતી (૪)
૨૦. મિલમાં કામ કરતા માણસો (૫) જો.છૂ.
૨૫. --- માટે પાણી જોઇએ (૨)
૨૬. આરામ, લિખિત, સમજૂતી (૩)
૨૭. હજારની--- રદ થઇ ગઇ (૨)
૨૮. કામ કરવાની પદ્ધતિઓ (૨)
૨૯. --- કરવી એટલે ફરવા જવું (૨)

### ગુજરાત મોરી મોરી રે

અમેરિકન ફિલ્મ ‘ચાર્લી’ પર આધારિત પ્રસિદ્ધ નાટ્ય લેખક પ્રવીણ સોલંકીએ કયા નાટકનું સર્જન કર્યું હતું એ જણાવો.

અ) બાણશૈયા બ) મહામાનવ
ક) વહાલે દીધા વિષ ડ) કોઈની આંખમાં સાપ રમે

### જાણવા જેવું

ચુનીલાલ મડિયાએ ઘટનાપ્રધાન નવલકથાઓ લખી છે. ‘પાવક જ્વાળા’, ‘વ્યાજનો વારસ’, ‘ઇંધણ ઓછાં પડ્યાં’, ‘વેળાવેળાની છાંયડી’, ‘લીલુડી ધરતી’, (૧૯૫૭), ‘ઇન્દ્રધનુનો આઠમો રંગ’ (૧૯૬૭) વગેરે. તેમણે ‘સધરા જેસંગનો સાળો’, ‘સધરાના સાળાનો સાળો’ અને ‘ગ્રહાષ્ટક વત્તા એક’ એમ ૩ હાસ્યરસિક નવલકથા પણ લખી છે.

### સુડોકુ-૯૦૯૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | ૮ | | | | | |
| ૧ | | ૮ | | | ૬ | | | |
| | | | | | | ૫ | ૪ | |
| ૮ | ૯ | | | ૫ | | | | |
| ૭ | | ૨ | | | | ૮ | | ૪ |
| | | | | ૩ | | | ૯ | ૭ |
| | ૪ | ૩ | | | | | | |
| | | | ૯ | | | ૩ | | ૧ |
| | | | | | ૫ | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૫ | ૧ | ૮ | ૬ | ૯ | ૨ | ૭ | ૩ |
| ૬ | ૨ | ૩ | ૫ | ૭ | ૧ | ૯ | ૪ | ૮ |
| ૯ | ૮ | ૭ | ૪ | ૨ | ૩ | ૬ | ૫ | ૧ |
| ૭ | ૪ | ૫ | ૨ | ૩ | ૮ | ૧ | ૯ | ૬ |
| ૨ | ૧ | ૮ | ૭ | ૯ | ૬ | ૫ | ૩ | ૪ |
| ૩ | ૬ | ૯ | ૧ | ૪ | ૫ | ૮ | ૨ | ૭ |
| ૫ | ૩ | ૪ | ૬ | ૧ | ૨ | ૭ | ૮ | ૯ |
| ૮ | ૭ | ૬ | ૯ | ૫ | ૪ | ૩ | ૧ | ૨ |
| ૧ | ૯ | ૨ | ૩ | ૮ | ૭ | ૪ | ૬ | ૫ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

જળચર પ્રાણીઓમાં માછલીઓમાં ઘણી વરાયટી જોવા મળે છે. કઈ માછલી ૨૫૦થી ૫૦૦ વર્ષનું આયુષ્ય ભોગવતી હોય છે એ જાણો છો?

અ) Starfish
બ) Greenland Shark
ક) Koi
ડ) Buffalo Fish

### નોંધી રાખો

મારો જીવન મંત્ર એકદમ સરળ છેઃ ખુદને પ્રેમથી ખચોખચ રાખું છું, મારા મિત્રોને હું કાયમ મારા હૃદયની વચ્ચોવચ રાખું છું.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૩, ૧૦, ૩૧, ૯૪, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૯૪ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૫૦ બ) ૧૯૯
ક) ૨૨૧ ડ) ૨૮૩

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| પંકજ | કમળ |
| પંજરી | નૈવેદ્ય |
| પગાહ | પરોઢિયું |
| પડતર | વણ વાપર્યું |
| પતન | અધોગતિ |

ગુજરાત મોરી મોરી રે: અમે બરફના પંખી

ઓળખાણ પડી: Granadilla

માઈન્ડ ગેમ: 64

ચતુર આપો જવાબ / માથું ખંજવાળો: લંડન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૮) ધવલ શાહ (૯) સુભાષ મોમાયા (૧૦) નીતા દેસાઈ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નિખિલ બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) અમીશી બંગાળી (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજિતા ખોના (૧૭) મીનળ કાપડિયા (૧૮) નૂતન વિપીન શાહ (૧૯) વિપીન શાહ (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) ભાવના કર્વે (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેશ સંઘવી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૯) મહેન્દ્ર લોઢાવિયા (૩૦) હિનાબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) ઈનાક્ષીબેન દલાલ (૩૪) અલકા વાણી (૩૫) ડાયના સંતોકે (૩૬) પુષ્પા ખોના (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) પ્રવીણ વોરા (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) ડો. પ્રકાશ કટકિયા (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) ગીતા ઉદેશી (૪૪) પ્રતિમા પમાણી (૪૫) કિશોર સંઘરાજકા (૪૬) મહેશ દોશી (૪૭) અરવિંદ્ર કામદાર (૪૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૯) હિંમતલાલ પુરુષોત્તમ ખોલીયા (૫૦) કમલ માતલિયા

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# વૃક્ષનું સાંભળો ને એને સંભાળો... એ આપણાં પર્યાવરણના રક્ષક પુરવાર થશે!

**કુદરત અને માનવસર્જિત હોનારતોમાં વૃક્ષોનું આડેધડ નિકંદન નીકળી રહ્યું છે. એમાં અણધારી પલટાતી મોસમ પર્યાવરણનો ખો વાળી રહી છે. વધારામાં મહાનગરોમાં થઈ રહેલાં જૂની ઈમારતોનાં પુન : નિર્માણનાં પ્રોજેક્ટ્સ માઝા મૂકી છે ત્યારે મૂંઝાતા પર્યાવરણ રક્ષકોની કઈ રીતે નવી દિશા દેખાડીને વહારે આવી રહ્યાં છે આપણાં ન્યાયમંદિર...**



વૃક્ષોને ઝેર...





ઉત્તરાખંડ હોનારત...

છેલ્લાં શ્વાસ સુધી કાર્યરત રહી શતાયુની આવરદા ઉજવનારા વિચક્ષણ રાજકીય સમીક્ષક નગીનદાસ સંઘવી વૃક્ષ કે પર્યાવરણની વાત નીકળે ત્યારે અમને કહેતા :

‘આજની પેઢીને વૃક્ષની ખરી કિંમત કે ઉપયોગિતા જલદી નહીં સમજાય. અમે નાનપણમાં નિશાળે જતા ત્યારે પગમાં ચપ્પલ તો હોય નહીં. આકરા ઉનાળામાં ધરતી ધોમ ધખી ગઈ હોય. એના પર ઉઘાડા પગે થોડું ચાલીએ, પછી પગ એવા દાઝવા માંડે કે દોડીને નજીકના ઝાડ નીચે ઊભા રહી જઈએ...એ વખતે એની છાયામાં જે સાતા પહોંચે ત્યારે અમને વૃક્ષની ખરી મહત્તા સમજાતી’

આ તો વૃક્ષ વિશે એક પ્રખર અનુભવીની વાણી હતી. આજે તો યુગ પલટાઈ ગયો છે. સદનસીબે, આજની પેઢી પણ પર્યાવરણ વિશે વધુ સચેત થવા લાગી છે. આજ વૃદ્ધથી લઈને યુવા સુધીના રોજિંદા જીવનમાં ‘પર્યાવરણ’ અને ‘પ્રદૂષણ’ શબ્દોથી વધુને વધુ સજાગ થઈ રહ્યા છે અને પ્રકૃતિ સંભાળ લેવા સજ્જ થઈ રહ્યા છે.



‘સેવ ટ્રી’ ઝુંબેશ...

છેલ્લાં પાંચેક વર્ષથી અચાનક પલટાતી મોસમને લીધે કુદરતી હોનરતો ખાસ્સી વધી ગઈ છે. એમાં માનવસર્જિત હોનારતો પણ ઉમેરાય છે. આ બધાનાં પરિણામે કુદરતી સંપત્તિનો ન ધારી હોય એટલી ખુવાર થાય છે. જે વૃક્ષોને ઉગતાં પાંગરતાં વર્ષોનાં વર્ષો લાગ્યાં હોય એ નજર સામે નષ્ટ થઈ જાય છે. જળવાયુ પરિવર્તનથી થયેલી કુદરતી આફતોને લીધે એકલા ૨૦૨૪માં જ વિશ્વભરમાં રૂપિયા ૨૫ લાખ કરોડથી પણ વધુ સંપત્તિનું સ્વાહા થઈ ગયું છે!

આમ તો પર્યાવરણશાસ્ત્રીઓ પણ સ્વીકારે છે કે અમુક તબક્કે ‘કલાઈમેટ ચેન્જ’ એટલે કે બદલાતી મોસમ પૃથ્વીની તબિયત માટે ઉપકારક છે, છતાં યુવાનોના એક વર્ગ એ વિશે વધુ પડતી ચિંતા કરે છે. એ માટે ‘અમેરિકન સાયકોલોજિકલ એસોસિએશન’ (APA)એ અંગ્રેજીમાં એક નવો શબ્દપ્રયોગ યોજ્યો છે. એ શબ્દ છે ‘ઈકો એંગ્ઝાયટિ’. એનાથી પીડાતા વધુ પડતા સંવેદનશીલ યુવાનોનો ભય એક રીતે સાચો પણ છે.

આમ છતાં આવી ચિંતામાંથી મુક્ત થવા આ સંસ્થા કેટલાક ઉપાય પણ સૂચવે છે, જે પાછો એક સાવ અલગ ચર્ચાનો વિષય છે, જેને આપણે અહીં ન ઉખેળીએ...

બીજી તરફ, અમુક-તમુક સરકારી તેમ જ ખાનગી પ્રોજેક્ટ્સ માટે વૃક્ષોનું આડેધડ નિકંદન નીકળી રહ્યું છે. એનો ઊહાપોહ પણ જબરો થાય છે, છતાં લાગતા-વળગતા તરફથી પર્યાવરણના ચાહકોને સંતોષકારક જવાબ નથી મળતા. આ દિશામાં આપણાં ન્યાયાલયોએ ખરેખર બિરદાવા જેવાં પગલાં ભરી રહ્યાં છે.

વનસંપત્તિ અને એની ઉપયોગિતાને લગતા અનેક અવનવાં સંશોધન અવારનવાર થઈ રહ્યા છે.એ ધ્યાનમાં રાખીને આપણી સર્વોચ્ચ અદાલતે વૃક્ષવિજ્ઞાનના નિષ્ણાતોની એક સમિતિ નીમી, જેમણે વૃક્ષોનું મૂલ્યાંકન કરવાની કામગીરી સોંપવામાં આવી હતી. ક્યા પ્રકારનું વૃક્ષ છે - કેટલાં વર્ષ જૂનું છે એની ‘તબિયત’ કેમ છે? વગેરેને ધ્યાનમાં રાખીને નિષ્ણાતોએ જે તારણ કાઢ્યાં છે એ ખરેખર રસપ્રદ છે, જેમકે...

સામાન્ય રીતે એક વૃક્ષ દર વર્ષે સરેરાશ રૂપિયા ૪૫,૦૦૦નો ઑક્સિજન પેદા કરી પર્યાવરણને આપે ઉપરાંત રૂપિયા ૨૦,૦૦૦નું ખાતર અને રૂપિયા ૧૦,૦૦૦ના એનાં લાકડાની કિંમત ગણીએ તો એક વૃક્ષની માત્ર એક વર્ષની કુલ કિંમત થાય રૂપિયા ૭૫ હજાર... (જો કે સમિતિએ અહીં વૃક્ષ દીઠ રૂરુપિયા ૭૪,૫૦૦ની કિંમત મૂકી છે) એટલે વૃક્ષ જેટલાં વર્ષ જૂનું એ આંકનો ગુણાકાર ૭૪,૫૦૦થી કરો તો એ વૃક્ષની ખરી કિંમત ગણાય... બીજા શબ્દોમાં કહીએ તો ૧૦૦ વર્ષ જૂનાં એક હેરિટેજ વૃક્ષની કિંમત ૧ કરોડથી પણ વધુ હોય શકે...!

આનું એક ઉદાહરણ જાણવા જેવું છે. થોડા સમય પહેલાં વડોદરા નજીકના ગામમાં આવેલા એક પ્રાચીન વૃક્ષનું મૂલ્યાંકન થયું તો જાણકારોના મત અનુસાર એ વૃક્ષ ૯૫૦ વર્ષથી પણ પૂરાણું છે. એ હિસાબે આજે એની કિંમત રૂપિયા ૧૨-૧૩ કરોડથી વધુ આંકી શકાય!

જ્યારે પણ કોઈ પ્રોજેક્ટ માટે અવરોધ બનતાં વૃક્ષને દૂર કરવાની વાત આવે ત્યારે ન્યાયાલયોનો પહેલો આગ્રહ એ હોય છે કે ઝાડના વિચ્છેદને બદલે બને ત્યાં સુધી આજની આધુનિક ટેકનોલોજીથી એનું સ્થળાંતર કરવું. એ શકય ન બને તો કપાયેલાં વૃક્ષની ઉંમર અનુસાર પાંચથી લઈને ૨૦ સુધી નવાં વૃક્ષારોપણ કરવાં...

મુંબઈના બહુચર્ચિત મેટ્રો રેલવે પ્રોજેકટસની કામગીરી દરમિયાન રાજ્ય સરકારે પણ કોર્ટના આવા આદેશનું પાલન કરવું પડે છે તો બીજી તરફ, કોલકાતામાં તૈયાર થઈ રહેલી એક સેવન સ્ટાર હોટેલના બાંધકામ વખતે પરવાનગી વગર ૬૦થી વધુ વૃક્ષનું નિકંદન કાઢવામાં આવ્યું છે એવી ફરિયાદનો ઐતિહાસિક ચુકાદો આપતા કોલકાતા હાઈકોર્ટે પેલી હોટેલને ફરમાન કર્યું હતું કે પર્યાવરણને આ રીતે અક્ષમ્ય નુકસાન પહોંચાડવા બદલ વળતરરૂપે ૪૦ કરોડ રૂપિયા ગણી આપો અને બીજાં ૧૦૦ વૃક્ષ પણ તાત્કાલિક વાવો, નહીંતર!

આમ તો અદાલતનું કડક ફરમાન તથા વૃક્ષપ્રેમી સંસ્થઓની તીક્ષ્ણ નજર હોવાથી અગાઉની જેમ વૃક્ષોનું આડેધડ નિકંદન નીકળી શકતું નથી. આમ છતાં અમુક ખાનગી પ્રોજેકટમાં નડતાં વૃક્ષોનો કાંટો કાઢી નાખવા માટે એમની ‘ સુપારી’ આપવામાં આવે છે.

વૃક્ષના ખબર-અંતર કાઢવાનાં બહાના હેઠળ સુધરાઈના ફોડેલાં સ્ટાફની મદદથી તંદુરસ્ત વૃક્ષને ઝેરી રસાયણના ( ટોર્ડન હર્બિસાઈડ)ના ઈન્જેકક્ષન આપીને એને સુકવી નાખવામાં આવે પછી એને દૂર કરવામાં આવે અને આ રીતે ‘ અવસાન’ પામતાં વૃક્ષને લઈને ઉહાપોહ પણ નથી થતો...

એક ટ્રી લવર સેન્ટરે કરેલા આક્ષેપ મુજબ ગયા વર્ષે આ રીતે ‘ઝેર તો પીવરાવ્યાં જાણી જાણી’ દ્વારા મુંબઈના અમુક પરાંનાં ૪૫૦ જેટલાં લીલાછમ વૃક્ષોની કરપીણ કતલ કરવામાં આવી હતી! ■


## નવી ને જૂની ઈમારતોનાં પુનઃ બાંધકામની ઉપાધિ

આજે મુંબઈ જેવાં મહાનગરમાં જૂની ઈમારતોને ધરાશાયી કરીને ત્યાં આધુનિક સુવિધાથી સજ્જ ૩૦-૪૦ ઊંચી મલ્ટિ સ્ટોરિડ બહુમાળી ઈમારતો પુન : બાંધવામાં આવે છે. સત્તાવાર આંકડા અનુસાર એપ્રિલ -૨૫ સુધીમાં આવાં ૧૫ હજારથી વધુ ‘રિ-ડેવલોપમેન્ટ’ પ્રોજેક્ટ્સ સક્રિય છે... અને બધું મળીને ૩૧ હજારથી વધુ પ્રોજેક્ટને પુન : બાંધકામની પરવાનગી ક્યારની અપાઈ ચૂકી છે...!

આ ઉપરાંત, નવી નવી ઊંચી ઈમારતોનું બાંધકામ તો સતત ચાલું જ છે અને એનાથી ઊડતી ટનબંધ ધૂળ રજકણોનું પ્રદૂષણ આરોગ્યને જે જબરી હાનિ પહોંચાડે છે એ તો શહેરી વિકાસના નામે લટકામાં...!

ભાત ભાત કે લોગ
જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# સંસારની સૌથી પ્રાચીન લિપિ કઈ?






આપણે ભારતીયો વિરોધાભાસથી ભરપૂર પ્રજા છીએ. બાળકને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની લાલસા પર આપણે કાબૂ નથી મેળવી શકતા અને બીજી તરફ ભાષાને નામે વાદવિવાદ વિખવાદ ઊભા કરીને સમાજની શાંતિને ડહોળી નાખવામાં ય પાછું વળીને નથી જોતા. પ્રચૂરમાત્રામાં ભાષાવૈવિધ્ય ધરાવતા દેશમાં જુદી જુદી ભાષાઓ અને સંસ્કૃતિઓને કારણે ક્યાંક મતભેદ તો ક્યાંક મનભેદ સર્જાવાના,. પણ જો ખરેખર તમે ભાષાપ્રેમી હોવ તો ગમે એવો ભેદ તમને હિંસક બનાવવામાં નિષ્ફળ નીવડે. આજે ભાષા અને લિપિના ઇતિહાસ સંબંધી થોડી વાત કરવી છે.

ક્યારેય એવો વિચાર આવ્યો છે કે લેખનની શરૂઆત ક્યારથી થઇ હશે? માનવ ઇતિહાસમાં લખાણની શરૂઆત આશરે ઈ.સ. પૂર્વે ૩૧૦૦-૩૦૦૦ની આસપાસ મેસોપોટેમિયામાં (આજના ઇરાકના વિસ્તારમાં) થઈ હોવાનું મનાય છે. ભારત અને એશિયાની વાત કરીએ તો બ્રાહ્મી લિપિ સૌથી પ્રાચીન ગણાય છે. અમુક વિદ્વાનો માને છે કે બ્રાહ્મી ય વળી સરસ્વતી લિપિમાંથી ઊતરી આવી છે. સરસ્વતી લિપિ હડપ્પા સંસ્કૃતિના સમયની હોવાથી એને હડપ્પન લિપિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

બ્રાહ્મી લિપિનો વિકાસ ક્યારે થયો એ વિષે થોડા મતમતાંતરો છે. આ લિપિનો સૌથી પ્રાચીન પુરાવો સમ્રાટ અશોકના શિલાલેખો અને સ્તંભલેખોમાં જોવા મળે છે. અશોક મૌર્ય વંશનો રાજા હતો. એના શિલાલેખો ઈ.સ. પૂર્વે ત્રીજી સદીના છે. આથી વિદ્વાનો માને છે કે બ્રાહ્મી લિપિનો વિકાસ આશરે ઈ.સ. પૂર્વે ચોથી અને ત્રીજી સદી દરમિયાન એટલે કે મૌર્યવંશના શાસન દરમિયાન - થયો હતો. આપણી પાસે મૌર્ય વંશની સીધીસાદી ઓળખસમું એક ઐતિહાસિક પાત્ર છે સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્યના પ્રધાનમંત્રી એવા વિષ્ણુગુપ્ત ચાણક્યનું. ચાણક્યનો પ્રભાવ એવો હતો કે આજે ય રાજનૈતિક ચર્ચાઓમાં એમનું નામ લેવાતું રહે છે. જો કે મૌર્યવંશના સમયમાં બીજાં અનેક ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર બાબતો જોવા મળી. એમાંથી એક તે બ્રાહ્મી લિપિ.

બીજી તરફ ભારતીય પુરાતાત્ત્વિક સર્વેક્ષણ વિભાગ દ્વારા કરાયેલા છેલ્લા ઉત્ખનનના પરિણામ પરથી જાણવા મળ્યું છે કે તમિળનાડુ અને શ્રીલંકામાં આ લિપિ ઈસવીસન પૂર્વે છઠ્ઠી શતાબ્દીના સમયથી બ્રાહ્મી લિપિ વિદ્યમાન હતી.

બ્રાહ્મી લિપિ ભારતીય ઉપખંડમાં વ્યાપકપણે વપરાઈ અને તેમાંથી જ દેવનાગરી, તમિળ, તેલુગુ, ગુજરાતી સહિત અનેક ભારતીય લિપિઓનો વિકાસ થયો. એટલું જ નહિ, બ્રાહ્મી લિપિ ઉપરથી ઘણી એશિયાઈ લિપિઓનો વિકાસ થયો હતો. દેવનાગરી સહિત અન્ય દક્ષિણ એશિયાઈ, દક્ષિણ-પૂર્વ એશિયાઈ, તિબેટિયન તથા કેટલાક લોકોની માન્યતા અનુસાર કોરિયાઈ લિપિનો વિકાસ પણ બ્રાહ્મી લિપિમાંથી જ થયેલો. લો બોલો! આપણે અહીં દુકાનના પાટિયા ગુજરાતીમાં ચીતરવા કે મરાઠી કે પછી તામિળમાં, એની ખેંચાખેંચ કરી છીએ, પણ ઇતિહાસ કહે છે કે ભારત જ નહિ, પણ અનેક એશિયાઈ લિપિઓ મૂળે બ્રાહ્મીની જ પેદાશ છે.

ઓકે ફાઈન. આમ જોવા જઈએ તો ભાષા અને લિપિના વિકાસનો ઇતિહાસ બે પેરેગ્રાફમાં સમાવી કે સમજાવી શકાય એટલો નથી જ. હા, આટલી માહિતી માત્ર પ્રાથમિક જાણકારી પૂરતી છે. આ તો થઇ લિપિની વાત, પણ ભાષા તો લિપિથી ય જૂની છે અને ભાષા જેટલા જ જૂના છે સાહિત્યિક સર્જનો. દાખલા તરીકે મહાભારત અને રામાયણ જેવાં મહાકાવ્યો બ્રાહ્મી લિપિથી ય પૌરાણિક છે તો એ કઈ રીતે લખાયા હશે?

જો મહાભારતની વાત કરીએ તો એની રચના ઈસવીસન પૂર્વે ત્રણેક હજાર વર્ષ પૂર્વે થઇ હોવાનું મનાય છે. રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યોની ગણના ‘સ્મૃતિ ગ્રંથ’ તરીકે કરવામાં આવે છે. સ્મૃતિગ્રંથોની રચના પ્રારંભમાં મૌખિક રીતે થઈ હતી, જેમાં સૂતો અને ઋષિઓ દ્વારા કથાઓ અને શ્લોકો યાદ રાખીને આગળ પહોંચાડવામાં આવતા હતા. આ મૌખિક પરંપરા ભારતીય સંસ્કૃતિમાં ખૂબ પ્રબળ હતી. આપણે ત્યાં આજે ય સપ્તાહ માંડીને કથા કરાવવાનો જે રિવાજ છે એના મૂળમાં આ શ્રુતિ આધારિત પરંપરા જ છે. આપણું લોકસાહિત્ય પણ ઘણુંખરું એકબીજાને સંભળાવીને આગળ ધપતું ગયું.

બી.આર. ચોપડાની મહાભારત સિરિયલ જેણે જોઈ હશે એને મહેન્દ્ર કપૂરના ભારે છતાં મુલાયમ અવાજમાં ગવાયેલું ટાઈટલ ગીત યાદ હશે ‘અથ શ્રી મહાભારત કથા...’ અર્થાત ‘અહીંથી હવે હું તમને મહાભારતની કથા સંભળાવીશ...’

બોલચાલમાં જે ‘અથથી ઇતિ’ શબ્દસમૂહ પ્રયોજીએ છીએ એનો અર્થ પણ થાય શરૂઆતથી અંત સુધીની વાત કહેવી. લિપિ અને લેખન પ્રચલિત થયા એ પહેલા આ રીતે અથથી ઇતિ સુધીની કથાઓ સંભળાવવામાં આવતી.

પૌરાણિક કથાઓ, લોકકથાઓ વગેરે બધું આ રીતે જ પહેલેથી છેલ્લે લોકોને સંભળાવીને આગળ ધપાવવામાં આવતું.

કાળક્રમે બ્રાહ્મી અને પછી દેવનાગરી લિપિમાં બધું લખાતું થયું. એન્ડ રેસ્ટ ઇઝ હિસ્ટ્રી -બાકી સબ ઈતિહાસ...

હવે પ્રચલિત માન્યતા એવી છે કે મહાભારતની રચના ભલે વેદવ્યાસે કરેલી, પણ વેદવ્યાસ જે બોલતા હતા એ લખવાનું કામ ગણપતિજીએ કરેલું. જો એમણે લખ્યું હોય તો એનો સીધો અર્થ એ થાય કે એ સમયે પણ કોઈક લિપિ તો હોવી જ જોઈએ. શરૂઆતમાં આપણે જાણ્યું એમ બ્રાહ્મી લિપિ પણ હડપ્પન- અથવા સરસ્વતી લિપિમાંથી ઊતરી આવી હોઈ શકે. તો શું ગણપતિજીએ સરસ્વતી લિપિમાં મહાભારત લખ્યું હશે? ચોક્કસ જવાબ મળતો નથી, છતાં પણ કોઈક લિપિ તો હશે જ. અને એવું હોય, તો એ લિપિને સંસારની પ્રાચીનતમ લિપિ ગણવી પડે. તમને શું લાગે છે? ■

મસ્તરામની મસ્તી
મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# આ તે હેલ્મેટ છે કે ઉપાધિ...?




આ સામાન્ય માણસને વિરોધ કર્યા સિવાય બીજો ધંધો નથી. કેટલો સરસ કાયદો હેલ્મેટનો બનાવ્યો અને લોકો બસ વિરોધ કરવો એટલે કરવો. સરકાર કેટલી ચિંતિત છે સામાન્ય માણસની જિંદગીને લઈને રાત-દિવસ વિચારે છે. વિરોધ પક્ષો બસ પીપૂડી વગાડશે કે ચારે બાજુ મંદી છે, માંદગી છે... અરે ભાઈ, માથામાં મચ્છર ન કરડે અને ડેન્ગ્યુ ન થાય, ઉઘરાણીવાળા બૂમ પાડે તો કાન આડે હેલ્મેટ હોય તો ન સંભળાય અને નીચું જોઈ અને તમે નીકળી જઈ શકો, આ હેલ્મેટનો એક જ ફાયદો કર્યો તો કેટલા રોજગાર મળ્યા? લોકોની બુદ્ધિ શક્તિ ખીલી, લોકો નવા નવા રસ્તા જે ગૂગલે પણ ન જોયા હોય તેવી ગલી શોધતા શીખી ગયા, એકબીજા સાથે સંબંધો સુધારી અને અજાણ્યા સાથે પણ વાર્તાલાપ કરતા થયા, સામેથી આવતો માણસ તરત જ સામેવાળાને ઓળખતો હોય કે ન ઓળખતો હોય, પરંતુ જાણ જરૂર કરશે : ‘આગળ ચોકમાં પોલીસવાળા છે...હેલ્મેટનું ચેકિંગ ચાલુ છે... જરા ધ્યાન રાખજો.’ લોકો આમને આમ પુણ્યનું ભાથું બાંધતા થયા છે. જો ચોકમાં પોલીસવાળાએ ઊભા રાખ્યા તો તરત જ એની ઓળખાણ કાઢી એને કઈ રીતે ઓળખે - કઈ રીતે સગો થાય તે મગજ કસી અને જણાવશે. લોકોની મગજ શક્તિ ખીલી કે નહીં? રૂબરૂ પોલીસવાળાને સમજાવી શકાય, પરંતુ આ હાઇ-વે પ્રોજેક્ટમાં જે કેમેરા લગાડ્યા છે તેને કેમ છેતરવા તો તેનો પણ રસ્તો લોકોએ શોધી કાઢ્યો છે. નંબર પ્લેટ પર બે આંકડા એવી રીતે ચૂનાથી ઢાંકી દે કે કોઈએ કલરકામ કરતા પીછડો માર્યો હોય અથવા ગારો ઉડ્યો હોય તેમ બે આંકડા ઢંકાઈ જાય અને કેમેરામાં આવે નહિ... આ શક્તિ સામાન્ય રીતે આપણામાં આવે? આ તો સરકારને આભારી છે.

હેલ્મેટ ને કારણે કેટલા નવા રોજગાર ઊભા થયા આજે સવારે જ ચુનિયાની ટચુકડી જાહેર ખબર મેં વાંચી કે ‘૫૦ છોકરા જોઈએ છે’. મેં તરત જ ફોન કર્યો ને પૂછ્યું : ‘ચુનિયા, તારા બે છોકરા ને તું લાઈને નથી લાવી શક્યો ત્યારે ૫૦ છોકરાને ક્યાં ધંધે લગાડવા છે?’ મને કહે કે, ‘ધંધા નું સિક્રેટ છે રૂબરૂ મળો તો જણાવું ફોન પર વાતો ન હોય’. અને ફોન કાપી નાખ્યો

હું રૂબરૂ જઈ અને પ્રગટ થયો તો લાઇનબંધ છોકરાઓ ઊભા હતા અને ચુનિયો એમને ધંધાની લાઇન શીખવી રહ્યો હતો. વાત ઇન્ટરેસ્ટિંગ હતી. છોકરાઓને સમજાવી અને એણે પોઈન્ટ ઉપર મોકલી દીધા. દરેકના હાથમાં હેલ્મેટ હતી, પરંતુ ચાલતા જતા હતા મને નવાઇ તો લાગી. પછી હું પણ સાથે સાથે પગપાળા પ્રવાસમાં જોડાયો અને ચારચોક એ ઊભો રહી ગયો. થોડીવાર પછી જે લોકોએ હેલ્મેટ નહોતી પહેરી એની પાસે છોકરો વચ્ચે ઊભો રહી અને કહે કે, ‘આગળ ચોકમાં પોલીસવાળા છે જો તમારે હેલ્મેટના ૫૦૦ રૂપિયા દંડથી બચવું હોય તો માત્ર ૧૦ રૂપિયામાં હું તમને ચોક પાર કરાવી દઈશ.’ આમ હેલ્મેટ પહેરાવી અને તે ચોક પાર કરાવી સામેના રસ્તે ઉતારી જાય, દસ રૂપિયા લઈ ત્યાંથી બીજો હેલ્મેટ વગર નીકળે એને ચોકની આ બાજુ લઈ આવી જાય, આમ દિવસમાં કેટલાયને જેમ રામને કેવટે હોડીમાં બેસાડી અને નદી પાર કરાવી હતી તેમ હેલ્મેટ પહેરાવી અને ચોક પાર કરાવતા હતા.

સાંજ પડે દરેક છોકરાનો હિસાબ લઈ ચુનિયાએ સરવાળો માંડ્યો હતો : ૫,૦૦૦ રૂપિયાની કમાણી કરી હતી. આ પ્રમાણે સરકારને લગભગ એકાદ લાખ રૂપિયાની ખોટ કરાવી હતી. ચુનિયાનું રોકાણ માત્ર દસ હજાર રૂપિયાનું હતું. થોડીક હેલ્મેટ લઈ અને છોકરાઓને હાથમાં લઈ ઊભા રાખી દીધા હતા. છેલ્લા ઘણા દિવસથી ચુનિયો આ ધંધો કરે છે.

અમારા સૌરાષ્ટ્ર-ગુજરાતમાં તો અત્યારે હેલ્મેટ પહેરવા સામે આંદોલન શરૂ થયા છે અને માત્ર કોર્પોરેશનની હદમાં હેલ્મેટની છૂટ મળે તેવી માગણી કરી રહ્યા છે અને દલીલ કરી રહ્યા છે કે શહેરમાં ક્યાં વાહન સ્પીડમાં ચાલતા હોય કે હેલ્મેટની જરૂર પડે, પરંતુ સરકારની દૂરંદેશી તો જુઓ એમને પોતાના બનાવેલા રસ્તા ઉપર કેટલો કોન્ફિડન્સ હશે કે તમે ભલે કહો કે શહેરમાં વાહન પરથી પડો તો હેડ ઇન્જરી ના થાય, પરંતુ અમે રસ્તા બનાવ્યા હોય અમને ખબર ન હોય કે તમે પડો તો તમને કેટલું વાગે? લગભગ દરેક સિટીમાં રસ્તાઓમાં એટલા બધા ખાડા હોય છે કે બમ્પની જરૂર જ ન પડે અને વિધિની વક્રતા એવી હોય છે કે રસ્તાઓ તૂટે છે અને બમ્પ એવા અકબંધ રહે છે કે લોકો ઉછળી અને સીધા ખાડામાં પડે...પણ આ અબુધ પ્રજાને કોણ સમજાવે? સરકારે જ્યારથી ફરજિયાત હેલ્મેટ પહેરવાનો કાયદો કર્યો છે ત્યારથી નવા નવા ધંધા રોજગાર ખુલવા મંડ્યા છે. લોકો મોબાઈલ વાન બનાવી અને કોઈ હોલની બહાર ઊભી રાખી દે છે. તમે કોઈ પ્રસંગમાં ગયા હોય તો તમારી હેલ્મેટ પણ સાચવે એ બહાર લઈ અને ઊભા રહે અને તમારી હેલ્મેટ ૧૦ રૂપિયામાં સાચવે તમને ટોકન આપે. ટોકન આપો એટલે તમારી હેલ્મેટ તમને પાછી મળે.

મેં દલીલ કરીને ચુનિયાને પૂછ્યું : ‘જો , હેલ્મેટનો કાયદો નીકળી જાય તો આ બધી હેલ્મેટ નું શું કરીશ? એટલે મને કહે તેનો પણ રસ્તો મેં કાઢી નાખ્યો છે હેલ્મેટ કે પડી રહે તેને ચાર જગ્યાએ ચાર કાણાં પાડી નાની સાંકળ બાંધી અને બારસાખ ઉપર ટીંગાડી અને તેમાં સરસ મજાનાં ફૂલ છોડ વાવી અને ઘરે કુંડા કરીશ.... હેલ્મેટમાં કાણાં પાડી અને સરસ મજાનો લેમ્પ પોસ્ટ બનાવીશ... નાના છોકરાને તેમાં બેસાડી અને ગોળ ગોળ ફેરવી ચકરડીની જેમ આનંદ અપાવીશ.!’

અત્યારે લોકો સસ્તી હેલ્મેટ જ લે છે જેથી કરીને બહુ ખર્ચો ન થાય અને હેલ્મેટ પહેરી પણ ગણાય. હેલ્મેટ ન પહેરવાની માટેની દલીલો એવી પણ છે કે જો હેલ્મેટ પહેરી અને શહેરમાં જ અકસ્માત થાય અને જો મૃત્યુ થાય તો સરકાર કોઇ એક્સ્ટ્રા પૈસા દેવાની જવાબદારી સ્વીકારે છે કે નહીં?, બહેનોએ તો એવી પણ દલીલ કરી છે કે અમને ખાસ સંજોગોમાં હેલ્મેટમાંથી છૂટ આપવામાં આવે, કારણ કે અમારી હેર સ્ટાઈલ બગડી જાય છે અને મોટી ઉંમરના બહેનો હોય તો એ એ પણ દલીલ કરે છે કે અમે તો અંબોડો વાળીને તેમાં હેલ્મેટ કેમ પહેરવી?

તાજેતરમાં જ એક ઝઘડામાં સામસામી ફરિયાદ થઇ તેમાં હથિયાર તરીકે હેલ્મેટ પકડાઈ. સામસામે હેલ્મેટ માથામાં મારી અને માથા તોડી નાખ્યા હતા હવે આ કાયદો કઈ રીતે સજા કરશે? ■

**વિચારવાયુ :**

*હેલ્મેટ પહેરવાથી મગજની ઇજાથી બચી શકાય છે.*
*અમુક નેતાઓઃ તો અમે ન પહેરીયે તો ચાલેને?*

# કાતિલ




સુરીલી સરવૈયા. ઊંચાઈ સાડા પાંચ ફૂટ. ઉંમર સ્વીટ સેવેન્ટીનમાં સાડાત્રણ વર્ષ ઉમેરો એટલી. સૌંદર્યની સાક્ષાત પ્રતિમા રૂપ રૂપનો અંબાર. રુંવે રુંવે રૂપ ટપકતું. આરસપહાણમાંથી કંડારેલી પૂતળી જેવી. ચંપાવર્ણી. ચંદ્રમુખી. સુરાહી જેવી ગરદન. ઘમ્મરવલોણામાંથી નીકળેલા તાજા માખણ જેવી શ્વેત સુંવાળી મલમલ જેવી ત્વચા. કાળાં ચમકતાં નશીલાં અને લીંબુની ફાડ જેવાં કામણગારા નયન. એ આંખોમાં ડૂબી જવાનું મન થાય એવાં. કમાનાકાર ભવાં. તરબૂચની ચીર જેવા પાતળા લાલચટક હોઠ. નમણું ઘાટીલું નાક. ઘાયલ કરતો અંગમરોડ. લચીલી કમનીય કેડ. વાંકડિયા વાળ. ઘાસ પર સરકતા સર્પ જેવી ચાલ. માંસલ દેહમાં ચરબી જ્યાં જેટલી હોવી જોઈએ એટલી જ. ન કમ ન જ્યાદા.

જો સુરીલીના સૌંદર્યને ફૂલની ઉપમા આપવી હોય તો એ કેસૂડાના આસવ જેવી, ગુલાબના અત્તર જેવી, ખીલેલા કમળ જેવી અને મોગરાની મહેક જેવી હતી. રંગબેરંગી ફૂલથી મઘમઘતા બગીચા જેવી. જો આટલું લાંબું વર્ણન ન કરવું હોય અને એક જ વાક્યમાં સુરીલીની સુંદરતાને અંજલિ આપવી હોય તો એ ઇન્દ્રના દરબારમાં શોભતી રંભા- ઉર્વશી અને મેનકા જેવી હતી એમ કહી શકાય. સુરીલીની સુંદરતાને નજર ન લાગે એટલે ઈશ્વરે આ નાજુક અને અનુપમ શિલ્પનું નિર્માણ કર્યા પછી એના હોઠની બરાબર નીચે ડાબી બાજુએ રાઈના દાણા જેવડું ટપકું કરી દીધેલું. એ તલને કારણે સુરીલીના સૌંદર્યના સોનામાં સુગંધ ભળતી હતી. એની ખૂબસૂરતીને ચાર ચાંદ લાગી જતા. એ તલ જોઇને મજનૂઓ સમરકંદ બુખારા ઓવારી જતા.

એવું કહેવાય છે કે સૌંદર્ય અને બુદ્ધિને બારમો ચંદ્રમા હોય છે, પણ સુરીલીએ આ કહેવતને ખોટી સાબિત કરી. સુરીલી બ્યુટી વિથ બ્રેઈન હતી. અભ્યાસમાં ભલે બહુ તેજસ્વી ન હોય, પણ લલિતકળાઓમાં એ અત્યંત નિપુણ હતી. એ ડોક્ટર કે એન્જિનિયર બનવા માગતી નહોતી, પણ અભિનયક્ષેત્રે ઓજસ પાથરવાનું એનું સપનું હતું. એને ખબર હતી કે એ રૂપેરી પરદે ચમકવા માટે જ બની હતી. શરૂઆત એણે કોલેજથી કરી. કોલેજમાં એ નાટકોમાં ભાગ લેતી અને દરેક વખતે પહેલું ઇનામ પ્રાપ્ત કરતી. રંગમંચ પર એ પોતાની અભિનય કળાનાં કામણ પાથરતી. સંવાદ બોલવાની એની છટા, અભિવ્યક્તિ, અવાજનો આરોહઅવરોહ, હાવભાવ, પલટાતી મુખમુદ્રાઓ, ભાવભંગિમા... દરેક પાત્રમાં એ જીવ રેડી દેતી. પાત્રને જીવંત કરી દેતી. જોઇને સહુ આફરીન થઇ જતાં. સુરીલી જેવી સુંદર હતી, એટલો જ સુંદર એનો અભિનય હતો.

આવા જ એક નાટકમાં ફિલ્મ ડિરેક્ટર દેવરાજ કાકડિયાની નજર સુરીલી પર પડી. ઝવેરીએ હીરાની પરખ કરી લીધી અને ઢોલિવૂડ તરીકે જાણીતા ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં સુરીલીનો પ્રવેશ થયો. સુરીલીનું સપનું સાકાર થયું. દેવરાજે સુરીલીને લઈને 'હું તો કૃષ્ણદીવાની' ફિલ્મ બનાવી. મેવાડની મીરાના પાત્રમાં સુરીલીએ અભિનયનાં એવાં અજવાળાં પાથર્યાં કે ફિલ્મ ટંકશાળ સાબિત થઇ. મીરાનું પાત્ર તો ઘણી અભિનેત્રીઓએ ભજવ્યું હતું, પણ સુરીલી તો સુરીલી જ હતી. એના અભિનયની તોલે કોઈ ન આવે. સામાન્ય પ્રેક્ષકોથી માંડીને ફિલ્મસમીક્ષકોને સુરીલી ગમી ગઈ. સહુ ખોબલે ખોબલે એની પ્રશંસા કરવા લાગ્યાં. એકસાથે પાંચ ફિલ્મ સુરીલીના ખોળામાં આવીને પડી. એક સામયિકે કવરપેજ પર સુરીલીની મોહક અને આકર્ષક તસ્વીર છાપીને લખ્યું કે,

'આશાસ્પદ અને અત્યંત પ્રતિભાશાળી અભિનેત્રી સુરીલી ઢોલિવૂડનો ઊગતો સૂર્ય અને સુપરસ્ટાર શિલ્પીનાં વળતાં પાણી.!'

ફિલ્મી દુનિયા માટે આ કોઈ નવીનવાઈની ઘટના નથી. સતત સ્વાર્થનાં સમીકરણો રચાય છે અહીં. ઊગતા સૂરજની પૂજા થાય છે. ઊગતાંને નમસ્કાર અને પડેલાને પાટુ એ સર્વસામાન્ય નિયમ છે. રૂપેરી પરદે ગોલ્ડન જ્યુબિલી ઉજવનારને માથે બેસાડવામાં આવે છે અને એ જ કલાકારની બે-ત્રણ ફિલ્મ નિષ્ફળ જાય એટલે એને એક ઝાટકે ફેંકી દેવામાં આવે છે. ઊતરેલો અમલદાર કોડીનો કહેવતની જેમ આજના સુપરસ્ટારને કાલે કોઈ પૂછતું નથી. ફિલ્મ જગત એ વર્તમાનનું વિશ્વ છે. આજની ક્ષણ ક્ષણ ઊજવતી દુનિયા છે. અહીં દરેક કલાકાર કસબી જાણે છે કે આજે પોતે જ્યાં છે ત્યાં ગઈ કાલે બીજું કોઈ હતું અને આવતી કાલે બીજું કોઈ હશે.

ઢોલિવૂડની સુપરસ્ટાર શિલ્પી પણ આ વાત જાણતી જ હતી. સુપરસ્ટાર સંધ્યાનું સ્થાન છતાં પેલા સામાયિકમાં સુરીલીના સમાચાર વાંચીને પોતે સળગી ગઈ. બે ફિલ્મ ડિરેક્ટરે તો શિલ્પીને હાંકી કાઢીને સુરીલીને સાઈન કરી લીધી. ગઈકાલે સંધ્યા સુપરસ્ટાર હતી, આજે પોતે સુપરસ્ટાર છે અને આવતી કાલે કોઈક તો પોતાનું સ્થાન લેવાનું જ છે, એ સત્ય શિલ્પી જાણતી હોવા છતાં એ ક્ષણ આવી ત્યારે સ્વીકારી ન શકી. જીરવી ન શકી. એણે પેલું સામાયિક ગુસ્સાથી મેજ પર પછાડ્યું. એ જોઇને એની ફ્રેન્ડ અરુણાએ પૂછ્યું:

'શું થયું શિલ્પી? આ સમાચાર વાંચીને અકળાઈ ગઈ કે શું? અરે, આ લોકો તો મીઠુંમરચું ભભરાવીને લખતાં હોય છે. તારે ચિંતા કરવાની જરૂર નથી.'

શિલ્પી મસ્તક પર ઝૂલતી લટ સાથે રમત કરતાં બોલી :

'અરે, હું શું કામ ચિંતા કરું? હું શિલ્પી છું, શિલ્પી... લાગલગાટ સાત ફિલ્મ સુપરહિટ થઇ છે મારી. બે- ત્રણ ફિલ્મ સફળ ન થઇ તો શું થયું? એ તો ફિલ્મની વાર્તાનો વાંક છે. મારા અભિનયમાં કોઈ જ કહેવાપણું નહોતું. આવી સુરીલીઓ તો આવે ને જાય, પણ શિલ્પીનું સ્થાન કોઈ ન લઇ શકે. શિલ્પી એટલે કોણ? હું. ઢોલિવૂડની ટ્રેજેડીક્વીન! હું નંબર વન છું અને હું જ નંબર વન રહીશ! હું એ સુરીલીને મારું સ્થાન નહીં જ લેવા દઉં... હું એને...હું એને... બોલતાં બોલતાં શિલ્પીએ દાંત કચકચાવ્યા. એણે હાથની મુઠ્ઠીઓ વાળી દીધી અને એના ચહેરાએ ભયાનક રૂપ ધારણ કર્યું.

એ જોઇને અરુણા ગભરાઈ ગઈ. પૂછી બેઠી :

'તું કાંઈ આડુંઅવળું તો નથી વિચારતી ને?.. તું સુરીલીને...'

શિલ્પીએ એ સાંભળીને અરુણા સામે કુટિલ હાસ્ય કર્યું. પછી કારમી ઠંડકથી બોલી:

'હું એને સરપ્રાઈઝ આપીશ...' આટલું કહી શિલ્પી સડસડાટ ચાલી ગઈ. અરુણા ભયભીત થઈને શિલ્પીને જોઈ રહી.

એ જ વખતે ફિલ્મમાં કૃષ્ણનું પાત્ર ભજવનાર સુરીલીનો સહકલાકાર નિખિલ નાણાવટી અંગત સચિવ કુણાલને કહી રહ્યો હતો:

'આ સુરીલી પોતાને સમજે છે શું? વટનો કટકો બનીને ફરે છે તે. અરે, આ ફિલ્મી દુનિયા છે. અહીં ચોખલિયાવેડા ન ચાલે. મીરાનું પાત્ર રૂપેરી પરદે ભજવવાનું હોય, વાસ્તવિક જીવનમાં નહીં.!'

'પણ થયું શું એ તો કહો...' કુણાલે પૂછ્યું.

'શું થયું એમ પૂછે છે? અરે, આજ સુધીમાં કોઈ અભિનેત્રીએ મને ના કહીને છંછેડ્યો નથી. ભલેને ગમે એટલી મોટી સુપરસ્ટાર હોય...'નિખિલ પોતાનો જમણો ગાલ પંપાળતા બોલ્યો:

'પણ આ સુરીલી.. સુરીલીના નખરાં તો જો... ગઈ કાલની આવેલી છોકરી... એવી સતી સાવિત્રી હોય તો સાધ્વી બની જવું'તું. ફિલ્મોમાં આવવાની જરૂર નહોતી. એણે મારી સાથે આવવાની ધરાર ના પાડી દીધી. એટલું જ નહીં, મને એક તમાચો જડી દીધો. મારું આવું અપમાન? હું એને નહીં છોડું. હું એને... હું એને...'કહેતાં કહેતાં નિખિલનો ચહેરો હિંસક પ્રાણી જેવો વિકરાળ થઇ ગયો. કુણાલ ડરી ગયો. એ કંઇ બોલે એ પહેલાં ક્રોધથી ધૂંઆપૂંઆ થયેલા નિખિલે ઘાંટો પાડ્યો:

'હું સુરીલીને પાઠ ભણાવીશ...જોઉં છું, એને મારાથી કોણ બચાવે છે!'

યોગાનુયોગ એ જ સમયે સાહિલ શેઠ પણ અત્યંત ગુસ્સામાં હતો. એ સુરીલીને ચાહતો હતો. કદાચ સુરીલી પણ. પરંતુ એ ફિલ્મી ક્ષેત્રે અભિનયનાં અજવાળાં પાથરીને પોતાના નામનો ડંકો વગાડવા માગતી હતી. લગ્ન કરવા એ તૈયાર નહોતી. સાહિલે એને ઘણું સમજાવી કે લગ્ન પછી પણ એનું અભિનયનું સપનું પૂરું થઇ શકે છે, પણ સુરીલી ન માની તે ન જ માની. ફિલ્મ જગતની ટોચે પહોંચ્યા પછી જ પોતે લગ્ન અંગે વિચારશે, એવું એણે સ્પષ્ટ કહી દીધું એટલે સાહિલનો પારો ઊંચે ચડી ગયો. પોતાના બિઝનેસ પાર્ટનર નીરજને કહેવા લાગ્યો:

'આ સુરીલી સમજતી જ નથી. કેટલી વાર સમજાવું? મને, સાહિલ શેઠને, નાની ઉંમરે સફળતાનાં શિખર સર કરનાર, બિઝનેસની દુનિયામાં સિક્કો જમાવનાર સાહિલ શેઠને એ ના પાડે છે...તું તો જાણે છે કે મારી પાછળ તો કેટલી છોકરીઓ પડી છે. એક કહેતાં હજાર કતારબંધ ઊભી રહી જાય એમ છે, પણ હું સુરીલીને દિલ દઈ બેઠો છું. અને એ મારી વાત સમજવા જ તૈયાર નથી. ઊલટું કહેવા લાગી કે, તું બીજી કોઈ છોકરીને પરણી જા!'

'સાહિલ, તું મારી વાત સાંભળ...' નીરજ કશુંક કહેવા ગયો, પણ સાહિલે એને અધવચ્ચે અટકાવીને કહ્યું:

'સુરીલીને હવે ખબર પડશે કે એનો પનારો કોની સાથે પડ્યો છે!' કહીને એ કાળઝાળ થતો આંખમાંથી આગ વરસાવતો ચાલ્યો ગયો.

બરાબર એક અઠવાડિયા પછી...

ઇન્સ્પેક્ટર કરણ બક્ષીએ વહેલી સવારે કડક, મીઠી ને ખુશ્બુદાર ચાનો પ્યાલો હજુ હાથમાં લીધો જ હતો કે ફોનની ઘંટડી વાગી. પોલીસ સ્ટેશનથી ફોન હતો :

'સાહેબ, હમણાં સમાચાર મળ્યા છે કે એક્ટ્રેસ સુરીલી મેમસાહેબનું ખૂન થઇ ગયું છે. આપ જલદી આવો...!' કરણ બક્ષી તાબડતોબ સુરીલીને ઘેર પહોંચી ગયા. પોલીસને જાણ કરનાર નોકરાણી નંદા હતી. એણે જણાવ્યું કે,

'મેં ગઈકાલે રજા લીધેલી. આજે આવી તો ઘર ખુલ્લું જ હતું. મને નવાઈ લાગી. અંદર આવીને જોયું તો... કહેતાં કહેતાં એ રડી પડી.

ઇન્સ્પેક્ટર બક્ષી અને એની ટીમે તપાસ શરૂ કરી. સૌંદર્યસમ્રાજ્ઞી સુરીલીની છાતીમાં ધારદાર છરી ખૂંપેલી હતી. છરી પર વીંટળેલા રૂમાલને કારણે કોઈનાં આંગળાંની છાપ મળવાની શક્યતા નહોતી. છરી વાગવાથી પુષ્કળ લોહી વહી ગયું હતું. મોડી રાત્રે ખૂન થયું હશે... કરણ બક્ષીને વિચાર આવી ગયો, એક ઊગતો સિતારો આથમી ગયો... ખેર, પૂછપરછ દરમિયાન ખબર પડી કે થોડા દિવસ અગાઉ શિલ્પી, નિખિલ અને સાહિલને સુરીલી સાથે વાંકું પડ્યું હતું અને ત્રણે કતલને દિવસે સુરીલીને મળવા પણ આવેલાં.

બક્ષીએ ચક્રો ગતિમાન કર્યાં ત્યારે સુરીલીના એપાર્ટમેન્ટની સામેના મકાનના ચોકીદારે જણાવ્યું કે, સાહેબ, એ રાત્રે મોડે સુધી એક લાંબી કાળી ગાડી મોડે સુધી ઊભેલી હતી. મેં કુતૂહલથી નજીક જઈને જોયું તો ડ્રાઈવર સીટ પર ફોમની ગાદી પડેલી હતી. ગાડીનો નંબર જોવાનું વિચારતો હતો ત્યાં તો ગામડેથી મારી માનો ફોન આવ્યો એટલે હું ચાલ્યો ગયો.

શહેરમાં લાંબી, કાળી ગાડી તો કેટલી બધી હોય. તપાસનું વર્તુળ નાનું કરવા ઇન્સ્પેક્ટર કરણ બક્ષીએ શિલ્પી, નિખિલ અને સાહિલની ગાડી અંગે વિગતો મંગાવી અને ખબર પડી કે ત્રણેય એકસરખી લાંબી કાળી વૈભવી ગાડી વાપરે છે!

કરણે માથું ખંજવાળ્યું. પછી કંઈક વિચારીને ત્રણેયને એકસાથે બોલાવ્યા. ત્રણેય હાજર થયા. બક્ષીએ આવકાર આપ્યો. ધ્યાનથી ત્રણેયનું નિરીક્ષણ કર્યું: સવા પાંચ ફૂટ જેટલી ઊંચાઈ ધરાવતી શિલ્પી સુંદર દેખાય છે, પણ સુરીલીની રૂપરાશિ સામે પાણી ભરે. અભિનેત્રી છે એટલે ચહેરાના ભાવ કળી શકાતા નથી.

નિખિલ પણ અભિનેતા છે એટલે મનોભાવ પર મુખવટો ચડાવી દીધો છે. આનો નાકનકશો તો ઠીકઠાક છે, પણ પ્રમાણમાં હાઈટ ઓછી હોવા છતાં હીરો તરીકે ફિલ્મોમાં જામી પડ્યો છે.. અને આ સાહિલ. કેવો દેખાવડો છે. હાઈટ પણ છ ફૂટથી વધારે છે પહેલી નજરે તો ફિલ્મનો હીરો હોય એવું જ લાગે. સુરીલીએ આને ના પાડવા જેવી નહોતી. ખેર, હવે તો સુરીલી જ નથી ત્યારે...

ઇન્સ્પેક્ટર કરણ બક્ષીએ ત્રણેયને પૂછ્યું ત્યારે પહેલાં તો એમણે સુરીલીને ઘેર ગયાની આનાકાની કરી - ઇનકાર કરી દીધો, પણ પછી બક્ષીએ કરડાકીથી પૂછ્યું ત્યારે ત્રણેયે કબૂલ કરી લીધું:

હા, એ ત્રણેય સુરીલીને ઘેર ગયેલાં....એની સાથે બોલાચાલી પણ થયેલી, પરંતુ એમણે કોઈએ એની હત્યા કરી નથી!

બક્ષીને વર્ષોના અનુભવે ખ્યાલ આવી ગયો કે ત્રણમાંથી એક વ્યક્તિ ખોટું બોલે છે અને એ જ કાતિલ છે! પણ એ કોણ હતું?

એકાએક બક્ષીએ સામે બેઠેલા ત્રણમાંથી એકને સંબોધીને કહ્યું:

'તમે ગાડી ચલાવો છો ત્યારે બેઠક પર ફોમની ગાદી મૂકો છો?

જવાબ મળ્યો: 'હા., કેમ એ ગુનો છે?'

'હા, એ ગુનો છે, ખાસ કરીને ત્યારે, જયારે તમે કોઈની હત્યા કરી હોય, સાહિલ શેઠ!' બક્ષીએ કહ્યું.

'ઇન્સ્પેક્ટર, મારા પર ખોટા આરોપ ન મૂકો...' સાહિલ શેઠે તુમાખીથી કહ્યું:

'શું પુરાવો છે તમારી પાસે કે મેં સુરીલીની હત્યા કરી છે?'

કરણ બક્ષીએ વીંધી નાખતી નજરે સાહિલ શેઠ સામે જોઇને કહ્યું:

'એક લાંબી કાળી ગાડી સુરીલીના એપાર્ટમેન્ટ સામે મોડે સુધી ઊભેલી અને એમાં ડ્રાઈવર સીટ પર ફોમની ગાદી હતી. મેં તપાસ કરાવી તો તમે ત્રણેય લાંબી કાળી ગાડી વાપરો છો, પણ ફોમની ગાદીનો ઉપયોગ કોણ કરે છે એ જાણવા તમને ત્રણને બોલાવ્યા. તમે ત્રણ અંદર આવ્યા ત્યારે જ મને ખબર પડી ગયેલી કે કાતિલ તમે છો, સાહિલ શેઠ!'

'માત્ર આરોપ મૂકવાથી નહીં ચાલે. પુરવાર કરવું પડશે,ઇન્સ્પેક્ટર!' સાહિલ લડાયક મિજાજમાં હતો.

'તો સાંભળો., સાહિલ...' ઈન્સ્પેક્ટરે કહ્યું:

'સુરીલીની હત્યા મોડી રાત્રે થઇ હતી. અને તમે લોકો કબૂલ કરી જ ચૂક્યા છો કે તમે ત્રણે સુરીલીને મળવા ગયા હતા. ત્રણેય કાળી ગાડી જ વાપરો છો. પણ જે વ્યક્તિ છેલ્લે કાળી ગાડી લઈને ગઈ, એ ગાડીમાં ફોમની ગાદી હતી, એ જ કાતિલ છે. એ તમે હતા સાહિલ શેઠ! તમે જ કાતિલ છો, કારણ કે શિલ્પી અને નિખિલની ઊંચાઈ ઓછી છે. એટલે એમને ડ્રાઈવર સીટ પર ફોમની ગાદી મૂકવાની જરૂર ન રહે, પણ તમે છ ફૂટથી પણ વધુ હાઈટવાળા છો. જો ગાદી ન મૂકો તો ગાડીમાં તમારા પગ અંદરની તરફ વળી જાય. એથી પગ વાંકા ન વળી જાય એ માટે તમારે ડ્રાઈવર સીટ પર ફોમની ગાદીનો ઉપયોગ કરવો પડે છે...! યુ આર અન્ડર એરેસ્ટ, સાહિલ શેઠ! સુરીલીની કતલ કરવાના આરોપસર તમારી ધરપકડ કરવામાં આવે છે! '

સાહિલ ગુનો કબૂલ ન કરે તો બીજું શું કરે!

(સમાપ્ત)■

**આવતા અઠવાડિયે નવી ડિટેક્ટિવ કથા**


---

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

# સ્થાપત્યનાં ક્ષેત્રમાં થતા દાવા

હેમંત વાળા
feedback@bombaysamachar.com







**મીડિયામાં** આવેલ કોઈપણ મકાન વિશે જે પણ વાત કરવામાં આવે છે તેમાં કેટલીક વાતો સામાન્ય છે. આ વાતો પર્યાવરણ, ઊર્જા, પરંપરાગત શૈલીને લગતી હોય છે. આ બધી બાબતો માટે સાંપ્રત સમયમાં દરેક મકાનની પ્રશંસા કરી ચોક્કસ પ્રકારના દાવા થાય છે.

પ્રથમ, એવો એક દાવો પર્યાવરણલક્ષી રચનાનો રહે છે. દરેક સ્થપતિ પોતાનું મકાન પર્યાવરણની વિવિધ બાબતોને ધ્યાનમાં રાખીને નિર્ધારિત કરાયું છે તેમ કહેતાં હોય છે. અહીં પવનની દિશાનું ધ્યાન રખાયું છે, સૂર્યની ગતિ અનુસાર મકાનની રચના થઈ છે, આબોહવાની વિવિધ પરિસ્થિતિ માટે વ્યવસ્થિત ગણતરી કરવામાં આવી છે - આવી વાત બધાં જ કરે છે, કોઈ પણ અપવાદ વગર. આની માટે ક્યાં કોઈ વિવરણાત્મક ચિત્ર પણ પ્રસ્તુત કરાય છે. પણ વાસ્તવમાં આમ થયું હોય છે કે નહીં તે વિશે શંકા તો રહે છે જ - તેની ચકાસણી માટે કોઈ સ્થાપિત રીત નથી.

બીજો દાવો ઊર્જાની બચત માટેનો હોય છે. આજકાલનું દરેક મકાન જાણે ઊર્જાની બચત કરતું હોય તેમ સાબિત કરવાનો આ પ્રયત્ન છે. આ ઊર્જાની બચત પણ એક ભેદી વસ્તુ છે. મકાનની અંદર વાતાનુકૂલિત સ્થિતિ હોય અને તેમાં ઊર્જાની થોડી બચત થઈ શકે તેવાં ઉપકરણો પ્રયોજાયા હોય તો વાસ્તવમાં તેને ઊર્જાની બચત કહી શકાય કે નહીં તે એક પ્રશ્ન છે. ઊર્જા પ્રત્યક્ષ પણ હોઈ શકે અને પરોક્ષ પણ. પ્રત્યક્ષ ઊર્જાને આધારિત ઉપકરણોનો ઉપયોગ થયો હોય ત્યારે ઊર્જાની બચતની સંભાવના તો રહેતી જ નથી. અહીં તો વધુ પડતા વપરાશને થોડો ઓછો કરવાની વાત હોય છે. ખોરાકમાં નિયંત્રણ રાખવાની જરૂર એ વ્યક્તિને હોય કે જે વધુ ખાતી હોય. મકાન અને ઊર્જાનો સંબંધ આવો જ કંઈક છે.

ત્રીજો દાવો એ રીતનો હોય છે કે મકાનની રચનામાં સ્થાનિક સામગ્રી અને તકનીકનો ઉપયોગ કરાયો છે. સ્થાનિક કારીગરો મકાન બનાવે તે વાત સમજી શકાય. બધાં જાણે છે કે આજના આધુનિક સમયમાં આધુનિક રચના-શૈલી, આધુનિક સામગ્રી, આધુનિક તકનીક તથા આધુનિક કહી શકાય તેવી દ્રશ્ય અનુભૂતિ પર જોર અપાય છે. એવાં સંજોગોમાં સ્થાનિક બાબતોના સમાવેશની વાત મુશ્કેલ લાગે છે. આમ પણ આજના જમાનામાં બહુ ઓછાં સ્થળોએ સ્થાનિક સામગ્રી અને સ્થાનિક તકનીક જેવું કંઈ હજુ જળવાઈ રહ્યું છે. ક્યારેક સ્થાનિક સાથે પરંપરાગત શૈલીની વાત પણ જોડી દેવાય છે. કેટલાંક આધુનિક મકાનોની રચનામાં પરંપરાગત શૈલી જોવા મળે છે પણ ખરી, પરંતુ તેની માત્રા ઓછી હોય છે અને સાથે સાથે તે માટેની શૈલી પણ મિશ્રિત બની ગઈ હોય છે.

ચોથું, પોતાનું મકાન સેલ્ફ સસ્ટેનેબલ - સ્વયં આધારિત છે તે પ્રમાણેનો દાવો પણ થતો હોય છે. મકાન માટે જરૂરી ઊર્જા સોલર પેનલ થકી ઉત્પન્ન કરવામાં આવે, વરસાદના પાણીનો સંગ્રહ કરી તેનો ઉપયોગ કરવામાં આવે, ગંદા પાણીનું પ્રાથમિક શુધ્ધીકરણ કરી તેને ઈતર ઉપયોગમાં લેવામાં આવે, ઝાડ પાન વડે સૂર્યપ્રકાશ રોકી મકાનની અંદરના તથા આજુબાજુના વિસ્તારમાં ઠંડક ઊભી કરવામાં આવે - આ બધું શક્ય હોય છે. આ બધું થતું પણ હોય છે અને કહેવાતું પણ હોય છે.

પાંચમો દાવો ઉપયોગકર્તા લક્ષી રચનાનો હોય છે. આ મકાનમાં સ્થાનિક જીવનશૈલીને મહત્ત્વ અપાયું છે, સ્થાનિક લોકાચારનું ધ્યાન રખાયું છે, જે તે વ્યક્તિ કે વ્યક્તિ સમૂહનું વ્યક્તિત્વ પ્રતિબિંબિત કરાયું છે, તે લોકોના ભૂતકાળનો વારસો અને ભવિષ્યની સંભાવનાનો સમાવેશ કરાયો છે, કૌટુંબિક કે સામાજિક સમીકરણો દ્રઢ થાય તેવાં સંજોગો ઊભાં કરાયાં છે, ગોપનીયતા અને સામાજિકરણ વચ્ચે સંતુલન સ્થપાયું છે - આ અને આવી વાતોની પણ એક ફેશન થઈ ગઈ છે. આકસ્મિક રીતે ક્યાંક આવું પરિણામ આવી પણ જાય.

આ ઉપરાંત પણ મકાન માટે અન્ય કેટલાંક દાવા થતાં હોય છે, પણ તેનું પ્રમાણ ઓછું રહેતું હોવાથી આ સૂચિમાં તેને સ્થાન નથી અપાયું.

આ પ્રકારના દાવા ખરેખર યોગ્ય છે કે નહીં તે ચકાસવાની કોઈ પદ્ધતિ સ્થાપત્યના ક્ષેત્રમાં હજુ સુધી પ્રચલિત નથી થઈ. પર્યાવરણલક્ષી જે દાવા થાય છે તેની આંકડા થકી મૂલવણીની રીત હજી સુધી શોધાઇ નથી. ઊર્જા લક્ષી દાવા માટે એનર્જી ઓડિટ- ઊર્જા મૂલ્યાંકન થવું જરૂરી છે. આ પ્રકારના ઓડિટમાં નવી રચના અને તેના અન્ય સંભવિત વિકલ્પ વચ્ચે ઊર્જાની ખપતની સરખામણી થવી જોઈએ. વ્યવહારિક રીતે આ શક્ય નથી, અને તેથી તે પ્રકારનો દાવો ચાલી જાય છે. પરંપરાગત સામગ્રીના ઉપયોગની જે વાત થાય છે તે અમુક અંશે જોવા મળે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ જમાનો આધુનિકતા તરફ ઢળેલો છે, તેથી જે પરંપરાની વાત થાય છે તે ઘણી મર્યાદિત, માત્ર દેખાવ પૂરતી હોય છે. સસ્ટેનેબલ મકાનનો દાવો વાસ્તવમાં હાસ્યાસ્પદ હોય છે. જે વ્યક્તિ કરોડો રૂપિયાનું મકાન બનાવે તેને બે-ચાર સો રૂપિયા બચાવવામાં કોઈ રસ ન હોય. વ્યક્તિલક્ષી મકાનની જે વાત થતી હોય છે તે અમુક અંશે સ્વીકારી શકાય. તે છતાં પણ એ કહેવું જરૂરી છે કે મોટાભાગના સંજોગોમાં માનવી મકાન પ્રમાણે પોતાની જીવનચર્યા ગોઠવતો જાય છે. આ બધાથી એ વાત સિદ્ધ થાય છે કે વાતો વાતોની જગ્યાએ છે અને વાસ્તવિકતા તેની જગ્યાએ છે.

આ પ્રકારનો દંભી અભિગમ દરેક ક્ષેત્રમાં છે. જીવનમાં કે મકાનમાં - જે બાબતો સાથે ભાવનાત્મક સંબંધ હોય, જે બાબતો ચોક્કસ પ્રકારની છબી ઊભી કરવા માટે મદદરૂપ હોય, જે બાબતો પ્રતિષ્ઠા અપાવી શકે તેવી હોય, જે બાબતો આદર્શ ગણાતી હોય તેની વાતો થાય તે સ્વાભાવિક છે. આમ પણ સમાજ પાસે તેની ચકાસણી માટે સમય નથી. ■

# ફેડરલના રેટ કટ પર નજર સાથે તેજીની આગેકૂચ જાળવતાં સેન્સેક્સ ૩૫૫ પોઈન્ટ ઊછળ્યો, રિટેલ ઈન્ફ્લેશન ૨.૦૭ ટકાની સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ યુએસ ફેડ રેટ ઘટાડાની આશાઓ પર વૈશ્વિક તેજી વચ્ચે આગેકૂચનો દોર જાળવી રાખતાં સેન્સેક્સ ૩૫૫ પોઈન્ટ ઊછળ્યો હતો. યુએસ ફેડરલ રિઝર્વ આગામી સપ્તાહે વ્યાજ દરોમાં ઘટાડો કરશે તેવી આશાઓ વચ્ચે વૈશ્વિક બજારમાં તેજી સાથે શુક્રવારે ઇક્વિટી બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીમાં તેજી જોવા મળી હતી. સતત પાંચમા દિવસે તેજીમાં રહેતા, ૩૦ શેરોવાળો સેન્સેક્સ ૩૫૫.૯૭ પોઈન્ટ અથવા ૦.૪૪ ટકા ઉછળીને ૮૧,૯૦૪.૭૦ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૪૪.૧૨ પોઈન્ટ અથવા ૦.૫૪ ટકા ઉછળીને ૮૧,૯૯૨.૮૫ની ઊંચી સપાટી સુધી પહોંચ્યો હતો. જ્યારે પચાસ શેરવાળો એનએસઇનો નિફ્ટી ઇન્ડેક્સ સતત આઠમા દિવસની આગેકૂચમાં ૧૦૮.૫૦ પોઇન્ટ અથવા તો ૦.૪૩ ટકાના સુધારા સાથે ૨૫,૧૧૪ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

ભારત ઇલેક્ટ્રોનિક્સ ટોપ ગેઇનર બન્યો હતો. સેન્સેક્સના અન્ય સૌથી વધુ વધનારા શેરોમાં બજાજ ફાઇનાન્સ, બજાજ ફિનસર્વ, એક્સિસ બેન્ક, મારુતિ સુઝુકી અને ટાટા મોટર્સનો સમાવેશ હતો. જોકે, ઇટર્નલ, હિંદુસ્તાન યુનિલીવર, ટ્રેન્ટ અને ટાઇટન સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા. એકંદરે શેરબજાર ત્રણ સપ્તાહની ઊંચી સપાટીએ સ્થિર થયું હતું. દરમિયાન, ઓગસ્ટ મહિનાના ડેટા અનુસાર રિટેલ ઇન્ફ્લેશન સહેજ વધીને ૨.૦૭ ટકાની સપાટીએ પહોંચ્યું છે. સરકારી ડેટા અમુસાર શાકભાજી, મટન, માછલીના ભાવ વધારાને કારણે રીટેલ ફુગાવો વધ્યો છે, જે જુલાઇમાં ૧.૬૧ ટકાની સપાટીએ હતો. જોકે, ઓગસ્ટ ૨૦૨૪માં ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવો ૩.૬૫ ટકાના સ્તરે હતો.

ભારત-યુએસ વેપાર વાટાઘાટોના સફળ નિષ્કર્ષ અંગે આશાવાદે પણ બજારોમાં તેજીને વેગ આપ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે, ભારત સાથેના વેપારના ઘર્ષણને સરળ બનાવવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરવાની યોજના બનાવી હોવાનું જાહેર કર્યુ ત્યારબાદથી બજારના સેન્ટિમેન્ટમાં સુધારો જોવા મળ્યો છે. ટેરિફ વાટાઘાટો ફરીથી શરૂ થવાની આશાએ આઇટીના શેરમાં સારો ઉછાળો જોવા મળ્યો હતો. આ ઉપરાંત તાજેતરના ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના સુતાર્કિકીરણ બાદ શેરબજારનો અંડરટોન મજબૂત બન્યો છે. જોકે, બે દિવસમાં પાંચથી સાતેક ટકાના ઉછાળા બાદ ગુરુવારના સત્રમાં આઇટી શેરોમાં પ્રોફિટ બુકિંગ સાથે પીછેહઠ જોવા મળી હતી અને શુક્રવારે ઇન્ફોસિસના બાયબેકની જાહેરાતને કારણે આઇટી શેરોમાં ફરી કરંટ જોવા મળ્યો હતો.




નિફ્ટીમાં ભારત ઇલેક્ટ્રોનિક્સ, બજાજ ફાઇનાન્સ, શ્રીરામ ફાઇનાન્સ, હિન્ડાલ્કો, બજાજ ફિનસર્વ મુખ્ય વધ્યા હતા, જ્યારે એચયુએલ, વિપ્રો, ટ્રેન્ટ, ઇટર્નલ, બજાજ ઓટો ટોપ લુઝર શેર હતા. સ્ટોક-સ્પેસિફિક એકશનમાં, ઇન્ફોસિસના શેર રૂ. ૧૮,૦૦૦ કરોડના અપેક્ષા કરતા વધુ શેર બાયબેક પાછળ એક ટકા વધ્યા, સેબી બોર્ડ મીટના પરિણામ પહેલા બીએસઇના શેર ૧.૫% વધ્યા, આંધ્ર સરકારે સંરક્ષણ ઉત્પાદન સુવિધાઓ સ્થાપવા માટે ૧,૦૦૦ એકર જમીન ફાળવી હોવાથી એચએફસીએલના શેર ચાર ટકા વધ્યા, લ્યુપિનના શેર ૨.૭ ટકા વધ્યા હતા.

બીએસઈ પર ૧૨૦ થી વધુ શેરોએ તેમના ૫૨ સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ કર્યો, જેમાં જીએમડીસી, બજાજ ફાઇનાન્સ, આદિત્ય બિરલા કેપિટલ, આનંદ રાઠી, એલ એન્ડ ટી ફાઇનાન્સ, એફલ ૩આઈ, ઝાયડસ વેલનેસ, વારી એનર્જી વગેરેનો સમાવેશ થાય છે. કેપિટલ ગુડ્સ અને ઈન્ડસ્ટ્રિયલ્સ ઈન્ડેક્સ સર્વાધિક વધ્યા, એફએમસીજી અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ સૌથી અધિક ઘટ્યા, માર્કેટ કેપમાં રૂ.૧.૫૪ લાખ કરોડનો વધારો થયો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૫૭.૧૮ લાખ કરોડથી રૂ. ૧.૫૪ લાખ કરોડ વધીને રૂ. ૪૫૮.૭૨ લાખ કરોડ રહ્યું હતું.

અર્બન કંપનીનો આઇપીઓમાં ૪૪.૮૦ લાખ અરજી મળી છે અને તે ૧૦૮ ગણો ભરાયો છે. ભારતમાં ઇન્ફોર્મા માર્કેટ્સે બીઇસી ખાતે દક્ષિણ એશિયાના પ્રીમિયર મેરીટાઇમ ઇવેન્ટ, ઇનમેક્સ એસએમએમ ઇન્ડિયા ૨૦૨૫ની ૧૪મી આવૃત્તિનું આયોજન કર્યું હતું, જેની મુખ્ય થીમ બિલ્ડિંગ ઇન્ડિયાસ બ્લુ ઇકોનોમીઃ શિપ બિલ્ડંગ એન્ડ રિપેરિંગ એઝ ગ્રોથ ડ્રાઇવર હતી. તેમાં ૨૫૦થી વધુ અગ્રણી મેરીટાઇમ બ્રાન્ડ્સ, ૨૦થી વધુ આંતરરાષ્ટ્રીય પેવેલિયન, ૮૦થી નિષ્ણાત વક્તાઓ અને ૯,૦૦૦થી વધુ મુલાકાતી સહભાગી થયા હતા.

સેકટરલ ઈન્ડાયસીસમાં મુખ્યત્વે બીએસઈ કેપિટલ ગુડ્સ ૧.૭૬ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૨૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૮૮ ટકા, મેટલ ૦.૮ ટકા, યુટિલિટીઝ ૦.૫૩ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૫૨ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૫૫ ટકા, પાવર ૦.૪૪ ટકા, ઓટો ૦.૪૧ ટકા, અને બેન્કેક્સ ૦.૩૮ ટકા વધ્યા હતા, જ્યારે એફએમસીજી ૦.૭ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૧૭ ટકા, કંઝ્યુમર ડિસ્કેશનરી ૦.૦૫ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૦૩ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સની ૧૮ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૧૨ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૦૯ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૨૭ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૭ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૧૬ ટકા ઘટ્યો હતો

એક્સચેન્જમાં ૪,૨૮૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૬૧ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૦૮૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૪૬ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૩૫ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૫૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૮ સ્ટોક્સને ઉપલી જ્યારે ૮ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે બીઈએલ ૩.૬૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૩.૪૧ ટકા, એક્સિસ બેન્ક ૧.૬૪ ટકા, મારુતિ ૧.૫૧ ટકા, તાતા મોટર્સ ૧.૩૦ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૧૩ ટકા, લાર્સન ૧.૦૮ ટકા, ઈન્ફોસિસ ૧.૦૬ ટકા અને રિલાયન્સ ૦.૮૨ ટકા વધ્યા હતા, જ્યારે ઈટર્નલ ૨.૦૧ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૪૩ ટકા, ટ્રેન્ટ ૦.૭૯ ટકા, ટાઈટન ૦.૬૧ ટકા, ભારતી એરટેલ ૦.૫૧ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૪૫ ટકા, અને આઈટીસી ૦.૩૪ ટકા ઘટ્યા હતા. .

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૬૨.૫૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૮૩૨ સોદામાં ૯૮૮ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૮,૧૭,૧૧૮ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૨૧,૫૧,૪૯૫.૯૩ કરોડનું રહ્યું હતું. ■

### અમેરિકામાં ફુગાવો વધતા રેટ કટની શક્યતા વધુ પ્રબળ બનતાં વૈશ્વિક સોનું ૩૬૫૦ ડૉલર અને ચાંદી ૪૨ ડૉલરની પાર

# સ્થાનિક ચાંદીમાં સટ્ટાકીય આકર્ષણ વધતાં ₹ ૩૫૦૯નો ઝડપી ઉછાળો, સોનું વધુ ₹ ૬૧૦ ઝળક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા ખાતે ગત ઑગસ્ટ મહિનાના ફુગાવામાં ૦.૪ ટકાનો ઉછાળો આવ્યો હોવાના નિર્દેશ ઉપરાંત રોજગાર ક્ષેત્ર પણ નબળું પડી રહ્યું હોવાના નિર્દેશો સાથે ગઈકાલે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૬૭૩.૯૫ ડૉલરની નવી ઊંચી સપાટી નોંધાવ્યા બાદ પાછા ફર્યા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૩૬૫૦ ડૉલરની સપાટીની ઉપર ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૧.૭ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૪૨ ડૉલરની સપાટી કુદાવી ગયા હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલીનું આકર્ષણ વધુ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૫૦૯ના ઝડપી ઉછાળા સાથે ૧.૨૮ લાખની સપાટી પાર કરી ગયા હતા. તેમ જ સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ૧૦ ગ્રામદીઠ રૂ.



૬૦૮થી ૬૧૦ની તેજીનો પવન ફૂંકાઈ જતાં ભાવ પુનઃ ૧.૦૯ લાખની સપાટી પાર કરી ગયા હતા.

તાજેતરમાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવો આશાવાદ, પ્રવર્તમાન ભૂરાજકીય તણાવ અને સોનામાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ધ્યાનમાં લેતા યુબીએસએ વર્તમાન કૅલૅન્ડર વર્ષના અંત સુધીમાં સોનાના ભાવનો અંદાજ અગાઉના અંદાજની સરખામણીમાં ઔંસદીઠ ૩૦૦ ડૉલર વધારીને ૩૮૦૦ ડૉલરનો તેમ જ વર્ષ ૨૦૨૬ના મધ્ય સુધીનો અંદાજ ૨૦૦ ડૉલર વધારીને ૩૯૦૦ ડૉલરનો મૂક્યો છે. વધુમાં સ્વિસ બૅન્કે પણ વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડમાં સોનાનું હોલ્ડિંગ વધીને ૩૯૦૦ ટન આસપાસ રહેવાનો અંદાજ મૂક્યો છે. નોંધનીય બાબત એ છે કે અગાઉ ઑક્ટોબર ૨૦૨૦માં સોનાનું હોલ્ડિંગ વધને ૩૯૧૫ ટનની સપાટીએ રહ્યું હતું.

દરમિયાન આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ તેમ જ સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલીને ટેકે વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૩૫૦૯ના ઝડપી ઉછાળા સાથે રૂ. ૧,૨૮,૦૦૮ની સપાટીએ રહ્યા હતા. જોકે, જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પાંખી અને ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી ખપપૂરતી રહી હતી. વધુમાં સોનામાં પણ તેજીનો વક્કર જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૦૮ વધીને રૂ. ૧,૦૯,૨૬૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૧૦ વધીને રૂ. ૧,૦૯,૭૦૭ની સપાટીએ રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો તેમ જ રિટેલ સ્તરની લેવાલી અત્યંત નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ફેડરલ રિઝર્વ દ્વારા રેટકટની શક્યતા વચ્ચે આજે ડૉલર ઈન્ડેક્સમાં પણ નરમાઈનું વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે સોનાની તેજીને ટેકો મળતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૩૬૫૦.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ સપ્તાહમાં અત્યાર સુધીમાં ૧.૮ ટકાની ભાવ વૃદ્ધિ થઈ છે, જ્યારે સોનાના ડિસેમ્બર વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ૩૬૮૯.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે ચાંદીના ભાવ પણ ગઈકાલના બંધ સામે ૧.૭ ટકા ઉછળીને ઔંસદીઠ ૪૨.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

એકંદરે ગઈકાલે અમેરિકાના ઑગસ્ટ મહિનાના ફુગાવામાં ૦.૪ ટકાની વૃદ્ધિ થઈ હોવાથી ફેડરલ રિઝર્વ વર્તમાન કૅલૅન્ડર વર્ષમાં ત્રણ વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવો બજારમાં આશાવાદ સેવાઈ રહ્યો હોવાનું ઓએએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવતા ઉમેર્યું હતું કે જો આ શક્ય બને તો સોનાની તેજીને વધુ ઈંધણ મળશે. જોકે, હાલના તબક્કે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૧૦૦ ટકા શક્યતા વ્યક્ત થઈ રહી છે. અમુક ટેક્નિકલ એનાલિસ્ટો સોનામાં ઔંસદીઠ ૩૯૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવું માની રહ્યા છે. ■

# ડૉલર નબળો પડતાં વિશ્વ બજાર પાછળ ધાતુમાં ચમકારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે અમેરિકાનાં ઑગસ્ટ મહિનાના ફુગાવામાં વધારો થયો હોવાના અહેવાલ સાથે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વધુ પ્રબળ બનતાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગે સાધારણ કિલોદીઠ રૂ. એકની નરમાઈને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી તથા વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૭ સુધીનો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ, ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૧૩૬૨, રૂ. ૧૫ વધીને રૂ. ૩૧૫૬ અને રૂ. ૧૦ વધીને રૂ. ૯૬૧ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવમાં સુધારો જોવા મળ્યો હતો તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૮૪૬, કોપર સ્ક્રેપ હેવી અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૫૯ અને રૂ. ૬૨૦, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૭૧, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૫૭૩ અને રૂ. ૨૬૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૮૨ અને રૂ. ૨૮૦ તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૧૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં સાર્વત્રિક સ્તરેથી માગ નબળી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે રૂ. ૧૮૩ના મથાળે રહ્યા હતા. ■

# ડૉલર સામે રૂપિયો નવ પૈસા વધીને ઐતિહાસિક નીચી સપાટીએથી પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના ગત ઑગસ્ટ મહિનાના ફુગાવાના ડેટા વધી આવ્યા હોવાના નિર્દેશો સાથે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલની ઐતિહાસિક નીચી ૮૮.૩૫ની સપાટીએથી નવ પૈસાના સુધારા સાથે ૮૮.૨૬ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની જળવાઈ રહેલી વેચવાલી અને અમેરિકી ટૅરિફને કારણે બજારમાં દબાણ જળવાઈ રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૩૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૮.૩૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૪૨ અને ઉપરમાં ૮૮.૨૪ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે નવ પૈસાના સુધારા સાથે ૮૮.૨૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૪ પૈસા તૂટીને ૮૮.૩૫ની વિક્રમ નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી તેમ જ શેષ વર્ષ ૨૦૨૫માં ૭૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવી શક્યતા પ્રબળ



બનતાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સાધારણ સુધારાતરફી વલણ જોવા મળે અને ૮૮થી ૮૮.૫૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના ઘટ્યા મથાળેથી ૦.૨૨ ટકાના સુધારા સાથે ૯૭.૭૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૫૫.૯૭ પૉઈન્ટનો અને ૧૦૮.૫૦ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ૦.૬૫ ટકા વધીને બેરલદીઠ ૬૬.૮૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૪૭૨.૩૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# મર્યાદિત માગ વચ્ચે ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૬૦થી ૩૯૦૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ મર્યાદિત રહેતાં ખાસ કરીને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને ઉપલા મથાળેથી રૂ. બેનો ઘટાડો આવ્યો હતો, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ નિરસ રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮નો રહ્યો હતો.



આમ મર્યાદિત માગ વચ્ચે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેનાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૭૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નિરસ માગે વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બે અને નીચલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૦૬૨થી ૪૧૫૦માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ નિરસ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૩૯૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૮૦થી ૪૦૩૦માં થયાના અહેવાલ હતા. ■

# આરબીડી પામોલિનમાં ધીમો સુધારો, વેપાર છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૬૦ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આરબીડી પામોલિનના વાયદામાં નવ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં આજે ખાસ કરીને આરબીડી પામોલિનમાં છૂટાછવાયા કામકાજો થયા હોવાથી હાજર ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સાધારણ સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય દેશી-આયાતી તેલમાં નિરસ કામકાજો વચ્ચે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

ઈન્ડોનેશિયા ડીઝલમાં ઈથેનોલની ભેળવણી માટે બીપ૫૦નાં કાર્યક્રમને અમલી બનાવતા પહેલા બી૪૫ ધોરણે અપનાવશે એવું સૂત્રો તરફથી જાણવા મળ્યું છે. વધુમાં મલયેશિયાનું બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ આગામી સોમવારે ૧૫મી સપ્ટેમ્બરે વિશેષ રજા નિમિત્તે અને ૧૬મી સપ્ટેમ્બરે મલયેશિયા ડે નિમિત્તે સત્તાવાર ધોરણે બંધ રહેશે, એવા અહેવાલ હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એવીઆઈનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૬૧ અને રૂ. ૧૨૫૧, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, એડબ્લ્યુએળના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦ અને ગોકુલ એગ્રોનાં સાયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે આરબીડી પામોલિનમાં છૂટાછવાયા વેપારો ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાતમાં ગોંડલ મથકે ૧૦૦૦ ગૂણી જૂની અને ૧૩,૦૦૦ ગૂણી નવી મગફળી મળીને કુલ ૧૪,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૯૦૦થી ૧૦૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૪૦૦ ગૂણી જૂની અને ૧૬૦૦ ગૂણી નવી મળીને કુલ ૨૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૯૦૦થી ૧૦૮૦માં ટકેલા ધોરણે થયા હતા.

આજે સ્થાનિકમાં હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, સિંગતેલના રૂ. ૧૩૭૦માં, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦માં અને સરસવના રૂ. ૧૬૦૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે ગુજરાતનાં મથકો પર નિરસ માગે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૧૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ ૧૦ ઘટીને રૂ. ૧૩૩૫માં ટકેલા ધોરણે થયા હતા. ■



LIKE & FOLLOW: /Mumbaisamachar4u



રાજકોટમાં હેલ્મેટના કાયદા વિરુદ્ધ લોકો વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે, જેમાં કેટલાક પ્રદર્શનકારીઓએ 'જોકર' બનીને વિરોધ નોંધાવ્યો હતો. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

## કચ્છ સરહદેથી પકડાયેલા પાકિસ્તાની સગીર વિરુદ્ધ ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગત જુલાઈ માસમાં કચ્છ વાટે ભારતની સીમામાં ઘૂસી આવેલા સગીર વયના પાકિસ્તાની ઘૂસણખોરની ઊલટ તપાસ પૂર્ણ થયા બાદ તેના વિરુદ્ધ નારાયણ સરોવર પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી હતી.

કચ્છની સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ જળ સીમામાં પેટ્રોલિંગ કરી રહેલા સીમા સુરક્ષા દળના જવાનોએ 'સેલો ચેનલ' નજીકથી આ સગીરને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ ઘૂસણખોરે પોતાનું નામ રસુલબસ્ક નજીર થાઈમોર અને પાકિસ્તાનથી માછીમારી કરવા નીકળ્યા બાદ ભારતીય જળસીમામાં ભૂલથી પ્રવેશ્યો હોવાનું જણાવ્યું હતું. આ પાકિસ્તાની સગીર પાસેથી એલઇડી ટોર્ચ, પાકીટ તેમજ ઓળખકાર્ડ અને બોટના પ્રમાણપત્ર સિવાય કોઈ શંકાસ્પદ મુદ્દામાલ મળ્યો નહોતો. ■

## વાગડ ફોલ્ટલાઇનમાં ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો ઝટકો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ધરતીકંપના ઝોન-૫મા સમાવાયેલા સરહદી જિલ્લા કચ્છમાં વિનાશક ધરતીકંપ આવ્યાના ૨૪ વર્ષે પણ ભૂગર્ભીય સળવળાટ સતત જારી રહ્યો છે. મેઘતાંડવ બાદ ધીરે ધીરે થાળે પડી રહેલા આ સરહદી જિલ્લામાં શુક્રવારે સવારે સીમાવર્તી રાપરથી ૧૩ કિલોમીટર દૂર આવેલા કંથકોટ ગામ આસપાસ કેન્દ્રબિંદુ ધરાવતો ૨.૯ની તીવ્રતાનો ડરામણા અવાજ સાથે આંચકો આવતાં જનજીવનમાં ફફડાટ પ્રસર્યો હતો.

મધ્યમ કક્ષાના આ કંપન અંગે ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી કચેરી પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો મુજબ, શુક્રવારે વહેલી સવારે સવા છ વાગ્યાના સુમારે વાગડ ફોલ્ટલાઇનમાં આ કંપન ઉદ્‌ભવ્યું હતું જેની અનુભૂતિ કેન્દ્રબિંદુ આસપાસના વિસ્તારમાં અનુભવાઈ હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, કચ્છ 'ફોલ્ટ કંટ્રોલ બેસિન' તરીકે ઓળખાય છે, એટલે કે આ વિસ્તારનો ઉદભવ જ ફોલ્ટલાઇન્સના કારણે થયો છે. આ ભાતીગળ પ્રદેશમાં સેંકડો સક્રિય ફોલ્ટલાઇનો આવેલી છે, જેમાં સાઉથ વાગડ ફોલ્ટલાઇન સૌથી મહત્ત્વની છે.

આ ફોલ્ટ લાઇન પૂર્વ કચ્છના વાગડ વિસ્તારના ભચાઉ અને રાપરની આસપાસ આવેલી છે. રાપર અને ભચાઉ વિસ્તારમાં સાઉથ વાગડ ફોલ્ટલાઇન અને કચ્છ મેઈન ફોલ્ટલાઇનનો સંગમ થાય છે, જેના કારણે આ વિસ્તારમાં ભૂકંપનું જોખમ વધુ રહે છે. આ બંને ફોલ્ટલાઇનના ઘર્ષણથી ઊર્જા બહાર નીકળતી રહે છે, જે આંચકાઓનું મુખ્ય કારણ છે. ■

## કચ્છમાંથી સતત બીજા દિવસે શરાબની ખેપ ઝડપાઈઃ મુંદરા-પ્રાગપર નજીક ૮૨ લાખનો શરાબ-બીયર એલસીબીએ ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના માંડવી તાલુકાના ત્રગડીના કુખ્યાત બુટલેગર યુવરાજસિંહ જાડેજા અને ખાનાયના જીતુભા સોઢા દ્વારા મંગાવાયેલો ૪૦.૭૮ લાખનો શરાબ-બિયરનો જથ્થો કોડાય પોલીસના હાથે પકડાયાના બીજા દિવસે આ શખ્સોએ પંજાબથી ટ્રક ભરીને મંગાવેલા ૮૨ લાખના શરાબ અને બિયરને સ્થાનિક ગુન્હાશોધક શાખાએ પ્રાગપર ચોકડી પાસે આવેલી એક હોટલના પાર્કિંગમાંથી પકડી પાડ્યો હતો.

આ કાર્યવાહી અંગે એલસીબી પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, ગત મોડી રાત્રે મુંદરા વિસ્તારમાં ચાલી રહેલાં પેટ્રોલિંગ દરમ્યાન ટુકડીને મળેલી પૂર્વ બાતમીના આધારે પ્રાગપર ચોકડી પાસે આવેલી રંગલા પંજાબ હોટલ પર દરોડો પાડ્યો હતો. આ હોટલના પાર્કિંગમાં રહેલી મુળ રાજસ્થાનના અને હાલ મીઠીરોહરમાં રહેતા આઈદાન ગોવર્ધનસિંહ રાઠોડની ટ્રકની તપાસ કરતા રૂ.૭૦,૨૨,૪૦૦ની કિંમતની ૭૫૮૪ દારૂની બોટલ ૧૧,૮૪,૪૦૦ની કિંમતના ૫૬૪૦ બિયરના ટીન મળી આવ્યા હતા.

એલસીબીએ આ ટ્રક સહિત ૯૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પ્રાગપર પોલીસમથકે આરોપી યુવરાજસિંહ વજુભા જાડેજા,જીતુભા મંગલસિંહ સોઢા, દારૂ મોકલનાર, ટ્રકના માલિક આઈદાન રાઠોડ અને ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

દરમ્યાન,કોડાય પોલીસના દરોડા દરમિયાન, આરોપી ટ્રક માલિક આઈદાન રાઠોડ ઝડપાઈ ગયો હતો જયારે મુખ્ય આરોપીઓ સિવાયના અન્ય આરોપીઓ હજુ પોલીસ પકડથી દૂર હોવાનું જાણવા મળ્યું હતું. ■

## કચ્છમાં ઋતુજન્ય રોગચાળાએ માથું ઊંચકતા દવાખાનાઓ દર્દીઓથી ઊભરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં પડેલા અતિભારે વરસાદ બાદ સમયસર વરસાદી પાણીનો નિકાલ ન થવાથી તેમજ ઝરણાં જેમ વહેતી ગટરોના લીધે હાલ ઋતુજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે. કમળો, ટાઇફોઇડ અને ડેન્ગ્યૂના દર્દીઓની સંખ્યામાં ઉછાળો આવતાં આરોગ્ય વિભાગ અલર્ટ મોડમાં આવ્યો છે. એકલા અંજાર અને તેની આસપાસના વિસ્તારોમાં ડેન્ગ્યૂ તાવના ૨૬ પોઝિટિવ કેસ નોંધાયા છે, ૧૫ જેટલા ટાઇફોઇડના દર્દીઓ 'ઓન પેપર' નોંધાયા છે. નખત્રાણા પંથકના સરકારી દવાખાનાઓમાં દૈનિક ૨૫૦થી વધારે તાવ, ઝાડા-ઊલટી જેવા વાયરલ બીમારીથી ગ્રસ્ત દર્દીઓ નોંધાઈ રહ્યા છે.

આગામી દિવસોમાં નવરાત્રી, દિવાળી અને રણોત્સવ શરૂ થશે. મોટા પ્રમાણમાં ભીડ એકઠી થતી હોય ત્યારે વાયરલ બીમારીનો ફેલાવો ઝડપભેર પ્રસરવાનો ખતરો ઊભો થાય છે. આ ચેપી રોગથી બચવા માસ્ક પહેરવા અને જો તાવ આવે તો આઇસોલેશનમાં રહેવાની નિષ્ણાતોએ સલાહ તેમણે આપી હતી. વરસાદ બાદના હવામાનમાં ફિવર ઉપરાંત ડેન્ગ્યૂ, ચિકનગુનિયા, મલેરિયા, ટાઈફોઈડ, ઉધરસ, શરદી, થાક, સુસ્તી અને માથાના દુઃખાવા જેવી સમસ્યાઓ સામાન્ય છે. ■

## વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૦ સપ્ટે. ભાવેણાના મહેમાન બનશે જવાહર મેદાન ખાતે જાહેરસભા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ આગામી તા.૨૦ સપ્ટેમ્બરે દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભાવનગર જિલ્લાના મહેમાન બનવાના છે. વડા પ્રધાનના કાર્યક્રમને અનુલક્ષી ભાવનગર કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર ડો. મનીષ કુમાર બંસલના અધ્યક્ષસ્થાને અધિકારીઓ અને પદાધિકારીઓની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમાર બંસલે જણાવ્યું હતું કે, તા. ૨૦ સપ્ટેમ્બરે ભાવનગરના જવાહર મેદાન ખાતે વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીની ઉપસ્થિતિમાં જાહેરસભા યોજાશે. ભારત સરકારના શિપિંગ મંત્રાલય, ગુજરાત મેરીટાઈમ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં પોર્ટ એન્ડ શિપિંગને લગતી પૉલિસી અંગે તેમજ મહત્ત્વના કેટલાક એમઓયુ પણ થનાર છે. આ ઉપરાંત વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ તથા રોડ શો યોજાનાર છે ત્યારે આ કાર્યક્રમને લઈ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

વડા પ્રધાનના કાર્યક્રમના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટર સહિત વર્ગ એક કક્ષાના અધિકારીઓના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની ૨૭ જેટલી વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરએ કોર કમિટી સહિત તમામ કમિટીઓ સાથે કાર્યક્રમના આયોજનને લઈને વિગતવાર ચર્ચા કરી જરૂરી સુચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર એન. કે. મીણા, પ્રાદેશિક કમિશનર ધવલ પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષક નીતેશ પાંડેય, નિવાસી અધિક કલેક્ટર એન.ડી.ગોવાણી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરૂ સહિત વિવિધ સમિતિઓના અધ્યક્ષ અને સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■

## ભાવનગર-પોરબંદર ટ્રેનને ખોડિયાર મંદિરે સ્ટોપેજ અપાયો




(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ખોડિયાર મંદિર સ્ટેશન પર ભાવનગર-પોરબંદર ટ્રેનનું સ્ટોપેજ સુનિશ્ચિત કરવામાં આવતા ભાવનગરના સાંસદ અને ભારત સરકારના કેન્દ્રીય રાજ્યપ્રધાન નીમુબેન બાંભણિયાના પ્રયાસોથી પ્રદેશના લોકોની લાંબા સમયથી ચાલતી માગણી પૂર્ણ થઈ હતી.

હવે ખોડિયાર મંદિર સ્ટેશન પર ભાવનગર-પોરબંદર ટ્રેનનું સ્ટોપેજ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આ નિર્ણયથી ભક્તો અને મુસાફરોને મોટી સુવિધા મળશે અને ખોડિયાર ધામ આવતા અને જતા મુસાફરોને સીધો ફાયદો થશે. આ પ્રસંગે, સંસદ સભ્ય શ્રીમતી નીમુબેન બાંભણિયાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. ભક્તો અને મુસાફરોની આ લાંબા સમયથી ચાલી આવતી માગણી પૂર્ણ કરીને, સરકારે માત્ર જાહેર સુવિધાઓને પ્રોત્સાહન આપ્યું નથી પરંતુ પ્રદેશની શ્રદ્ધાનું પણ સન્માન કર્યું છે.

## દ્વારકામાં ધાર્મિક દબાણ દૂર કરી રૂ. ૧૮ કરોડથી વધુની જમીન ખુલ્લી કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરી એક વખત ગેરકાયદે દબાણો હટાવવામાં આવ્યાં હતાં. દ્વારકાના રહેણાક વિસ્તારમાં ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલા બે ધાર્મિક દબાણ સહિત એક ભવનનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દ્વારા તંત્રએ કુલ ૬૬૫૨ ચોરસ મીટર સરકારી જમીન ખુલ્લી કરાવી હતી. જેની બજાર કિંમત અંદાજે રૂ. ૧૮.૩ કરોડ આંકવામાં આવી હતી.

દ્વારકાના હાથી ગેઈટની સામે જલારામ વિસ્તારમાં ગેરકાયદે રીતે કરવામાં આવેલા વિશાળ દબાણોને દૂર કરવામાં આવ્યા હતા. જેમાં એક રામદેવ ભવન, બે ધાર્મિક દબાણ અને દુકાનોનો સમાવેશ થાય છે. આ ઓપરેશનમાં બે જેસીબી અને એક ટ્રક સહિત કુલ ચાર મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

દ્વારકાના પ્રાંત અધિકારી, મામલતદાર તેમજ પોલીસની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન આ સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્થળ પર ૨૦થી વધુ પોલીસકર્મીનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ■

## ભાવનગરના બોરતળાવમાંથી આધેડની લાશ મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના બોર તળાવમાંથી એક આધેડની લાશ મળી આવતા ફાયર અને પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને લાશને બહાર કાઢી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર શહેરના ગૌરીશંકર સરોવર (બોરતળાવ)માં પાછળના ભાગે હરખાભાભાની વાડી પાસે તળાવમાં એક પુરુષની લાશ તરતી હોવાની જાણ ફાયર બ્રિગડ અને પોલીસને કરાતા બન્ને ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમે લાશને પાણીમાં બહાર કાઢી પોલીસને સોંપી હતી. આ લાશ મૂળ રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના અને હાલ કુમુદવાડીમાં રહેતા રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહ જાડેજાની હોવાનું ફાયર બ્રિગેડે જણાવ્યું હતું. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી લાશને પોસ્ટ મોર્ટમ અર્થે સર ટી. હોસ્પિટલ ખાતે મોકલી આપી આગળની તપાસ હાથ ધરી છે. ■

## રાજકોટમાં સાધુના વેશમાં આવેલી ઠગ ટોળકીએ બે વૃદ્ધોને લૂંટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં સાધુના વેશમાં ફરતી ઠગ ટોળકીએ બે જગ્યાએ લૂંટ આચરી હતી. રાજકોટ શહેરમાં પહેલા બનાવ અયોધ્યા ચોકમાં અને બીજો બનાવ રેલનગરમાં બન્યો હતો. આ ઠગ ટોળકી વશીકરણ કરીને લૂંટની ઘટનાને અંજામ આપતી હતી.

પહેલી ઘટના રાજકોટના અયોધ્યા ચોકમાં બની હતી. ૬૩ વર્ષીય વૃદ્ધ પ્રફુલભાઈ વસાણી ૧૫૦ ફૂટ રિંગ રોડ પર વહેલી સવારે ૭ વાગ્યાની આસપાસ વોકિંગ કરી રહ્યાં હતાં. આ દરમિયાન નંબર પ્લેટ વગરની એક સફેદ કાર આવીને તેમની પાસે ઊભી રહી હતી. તેમાંથી એક વ્યક્તિએ નીચે ઊતરીને કોઈ આશ્રમ માટે પૂછપરછ કરી હતી. આ દરમિયાન કારમાં સાધુના વેશમાં બેઠેલા એક વ્યક્તિએ ૫૦૦ રૂપિયાની નોટ આપી હતી. જે બાદ પ્રફુલભાઈએ આ લોકોને ૪૦,૦૦૦ની કિંમતનો સોનાની ચેઈન અને રૂપિયા ૩૦,૦૦૦ની કિંમતની સોનાની વીંટી તે લોકોને આપી દીધી હતી. આ વસ્તુ લઈને ગઠિયા ફરાર થઈ ગયાં હતાં.

બીજો બનાવ શહેરના રેલનગર વિસ્તારમાં બન્યો હતો. ૬૨ વર્ષીય પ્રીતમદાસ લાલચંદ થધાણી વોકિંગ કરી રહ્યાં હતાં ત્યારે સફેદ કલરની કાર તેમની પાસે આવી હતી. આ કારમાં પણ સાધુના વેશમાં ત્રણ લોકો બેઠેલા હતાં. એક વ્યક્તિએ પ્રીતમભાઈને આજીડેમ ચોકડી તરફ જવાનો રસ્તો પૂછ્યો હતાં. અહીં પણ કારમાં બેઠેલા સાધુના વેશમાં બેઠેલા વ્યક્તિએ પ્રીતમદાસને ૫૦૦ રૂપિયાની નોટ આપી હતી. ત્યાર બાદ પ્રીતમભાઈએ ૩૦,૦૦૦ની કિંમતની ૪ ગ્રામની સોનાની વીંટી આપી હતી. જે લઈને ઠગ ટોળકી ફરાર થઈ ગઈ હતી. ■

## અમરેલીના બગસરામાં ખેડૂતોએ સર્વેમાં ભૂલ થયાના આક્ષેપ સાથે મામલતદારને આવેદનપત્ર આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીના બગસરાના ખેડૂતોએ ૨૦૨૪ના જમીન સર્વેમાં મોટી ભૂલ થઈ હોવાના આક્ષેપ સાથે મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. ખેડૂતોના જણાવ્યા મુજબ, આ સર્વેમાં થયેલી ભૂલોના કારણે તેમને વિવિધ સરકારી દાખલાઓ કઢાવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ખેડૂતો દ્વારા મામલતદારને આપવામાં આવેલા આવેદનપત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે નવા સર્વે નંબર અને જમીનના માપમાં ગંભીર ભૂલો રહી ગઈ છે. આ ભૂલોને કારણે સરકારી કચેરીઓમાં તેમના જમીન સંબંધિત કામો અટકી ગયા છે અને તેમને વારંવાર ધક્કા ખાવા પડી રહ્યા છે. પરિણામે ખેડૂતોને આર્થિક અને માનસિક રીતે પરેશાની થઈ રહી છે. ખેડૂતોએ મામલતદાર સમક્ષ રજૂઆત કરી હતી કે જ્યાં સુધી આ ભૂલો સુધરશે નહીં ત્યાં સુધી તેમને બેંક લોન, પાક વીમા અને અન્ય સરકારી યોજનાઓનો લાભ લેવામાં પણ મુશ્કેલી પડશે.

આ આવેદનપત્રનો મુખ્ય હેતુ તંત્ર દ્વારા તાત્કાલિક આ મામલે ધ્યાન આપીને ભૂલો સુધારવામાં આવે અને ખેડૂતોને તેમના જરૂરી દાખલાઓ સરળતાથી મળી રહે. તેમ જ આ મામલે મામલતદારે ખેડૂતોને તેમની રજૂઆતને ગંભીરતાથી લેવામાં આવશે અને સંબંધિત વિભાગને આ ભૂલોને સુધારવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવશે તેવી ખાતરી આપી હતી. ■

## પ્રેમ લગ્નમાં પાટીદાર સમાજની દીકરીઓને વધુ ટાર્ગેટ કરવામાં આવે છેઃ મનોજ પનારા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના જસદણમાં પ્રેમલગ્નના કાયદામાં ફેરફારની માંગ સાથે પાટીદાર સમાજે ભવ્ય રેલી કાઢી હતી. આ રેલીમાં મોટી સંખ્યામાં પાટીદાર સમાજના લોકો હાથમાં વિવિધ બેનરો લઈને જોડાયા હતા. જસદણના વિવિધ વિસ્તારોમાં આ રેલી ફરી હતી. સેવાસદન બહાર પાટીદાર સમાજના આગેવાનોએ રેલીને સંબોધી હતી. આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય સરકાર સમક્ષ પોતાની માગ રજૂ કરવાનો હતો. આ રેલીમાં મનોજ પનારા, વરુણ પટેલ સહિતના પાટીદાર સમાજના આગેવાનો જોડાયા હતા. મનોજ પનારાએ જણાવ્યું કે, કેટલાક વકીલો અને દલાલો, લાખ રૂપિયામાં દીકરીઓની હાજરી વિના માત્ર ડોક્યુમેન્ટ પરથી લગ્ન કરી આપે છે.

મનોજ પનારાએ નિવેદન આપ્યું હતું કે, પ્રેમ લગ્નમાં વધુમાં વધુ પાટીદાર સમાજની દીકરીઓને ટાર્ગેટ કરવામાં આવે છે. પાટીદાર સમાજ ભોળો છે એટલે તેમને ટાર્ગેટ કરવામાં આવે છે. અન્ય કેટલાક શક્તિશાળી સમાજની દીકરીઓ સામે લુખ્ખા લફંગા આંખ ઊંચી કરીને જોતા નથી. કેમ કે તેમને ત્યાં ખબર છે કે અહીંયા ટાંટિયા ભાગી જશે. કેટલાક વકીલો, કેટલાક દલાલો, લાખ રૂપિયામાં આવા લગ્ન કરી આપે છે જેથી દીકરીઓ ત્યાં જાય કે ન જાય તેમના ડોક્યુમેન્ટ પહોંચી જાય એટલે લગ્ન થઈ જાય છે.

વરુણ પટેલે કહ્યું, જ્યારે જ્યારે સરદારના નારા સાથે પાટીદારો માગણી માટે નીકળ્યા છીએ, ત્યારે ત્યારે તેમાં માગણી પૂરી થઈ છે. ફરી એક વખત પાટીદારો સર્વ સમાજની પીડા આપવા માટે ભેગા થઈને નીકળી રહ્યા છીએ. આપણી પટેલની વાડીએ જો કોઈ પાવડો લઈને ચાહ વાળવા નીકળે તો તેને પાડી દઈએ છીએ. ત્યારે દીકરી એ આપણી સંપત્તિ છે, માટે આવારા તત્ત્વો આપણી દીકરીને ફસાવે છે તેના વિરુદ્ધની આ લડાઈ છે.

પાટીદાર સમાજે પ્રેમ લગ્નમાં માતા-પિતાની મંજૂરી ફરજિયાત બનાવવામાં આવે, લગ્ન નોંધણી દીકરીના રહેણાક વિસ્તારમાં જ કરવામાં આવે, લગ્ન નોંધણીની જાણ માતા-પિતાને ૪૫ દિવસ અગાઉથી નોટિસથી કરવામાં આવે, સાક્ષી પક્ષ પણ એ જ વિસ્તારના હોવા જોઈએ તેવી માગ કરી હતી. ■

## જૂનાગઢમાં સફાઈ કર્મીઓની હડતાલથી શહેરમાં ગંદકીના ગંજ જામ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં ત્રણ દિવસથી સફાઈ કર્મીઓ હડતાલ પર ઉતર્યા હોવાથી શહેરમાં ઠેર ઠેર ગંદકીના ગંજ જામતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. વિવિધ માગણીઓને લઈ આ કર્મચારીઓ હડતાલ પર ઊતરતા શહેરમાં સાફ સફાઈની કામગીરી બંધ થઈ ગઈ હતી. ચોમાસાની ઋતુ હોવાથી ગંદકીના કારણે રોગચાળો વકરવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી હતી.

જૂનાગઢ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કાયમી સફાઈ કર્મચારી તેમ જ કોન્ટ્રાક્ટ બેઝ પર ફરજ બજાવી રહેલા સફાઈ કર્મચારીઓએ મુખ્ય ત્રણ માગણીઓને લઈને હડતાલ પર ઉતર્યા હતા. જેમાં કાયમી સફાઈ કર્મચારીઓની સ્વૈચ્છિક નિવૃત્તિ બાદ પરિવારમાંથી કોઈને ફરજ પર લેવામાં આવે, રોજમદાર કર્મચારીઓને કાયમી કરવામાં આવે અને સખીમંડળની બહેનોને ફિક્સમાં સામેલ કરવામાં આવે તેવી માગણીઓનો સમાવેશ થાય છે. આ ત્રણ માગોને લઈને સફાઈ કર્મીઓ ત્રણ દિવસથી હડતાલ પર ઉતરતા શહેરના વિવિધ વિસ્તારોમાં કચરાના ઢગલાઓ જોવા મળી રહ્યા છે. આ મામલે મહાનગરપાલિકાના અધિકારી દ્વારા ખુલાસો કરાયો હતો કે, જે માગણીઓ યોગ્ય હતી તેનો ઉકેલ લાવવામાં આવ્યો છે, પરંતુ આ તમામ જે અન્ય માગો છે તે નીતિવિષયકની છે. મહાનગરપાલિકા દ્વારા જુદી જુદી બે એજન્સી અને કાયમી સફાઈ કામદારોને નોટિસ પાઠવી ફરજ પર હાજર થવા આદેશ કરવામાં આવ્યો હતો. ■

## બોટાદના રાણપુર આઈટીઆઈ ખાતે ૧૭ સપ્ટેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

અમદાવાદઃ જિલ્લા રોજગાર વિનિમય કચેરી બોટાદ દ્વારા રોજગાર ઇચ્છુકોને રોજગારી પ્રાપ્ત થાય તેવા હેતુથી ૧૭ સપ્ટેમ્બરે રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ટ્રેઇની, મશીન ઓપરેટર અને એપ્રેન્ટીસની જગ્યા માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ ધોરણ-૧૦, ધોરણ-૧૨ પાસ, આઇટીઆઇ, ડિપ્લોમાની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી આયોજિત ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર ઇચ્છુકોએ આઇ.ટી.આઇ. રાણપુર, ગિરનારી આશ્રમ પાસે, પાળીયાદ રોડ, રાણપુર ખાતે તા.૧૭/૦૯/૨૫ના રોજ સવારે ૧૧ કલાકે ઉપસ્થિત થવાનું રહેશે. આ ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઇચ્છુકોએ આધાર કાર્ડ તેમ જ શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી પડશે. ■